उन्नति

# વિચાર

વર્ષ ૧૭ અંક ૧ જાન્યુઆરી-એપ્રિલ , ૨૦૧૨

**અનુક્રમ**


**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**

- શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે વિકલાંગોના સમાવેશ માટેના પ્રયાસો 2

**આપના માટે**

- દિલ્લીમાં મેટ્રો રેલ અને બસ વ્યવસ્થામાં પહોંચક્ષમતા 12

**આપણી વાત**

- વિકલાંગોના સમાવેશી વિકાસ માટેના સ્થાનિક પ્રયાસો 15

**સાંપ્રત પ્રવાહ** 29

**સંદર્ભ સાહિત્ય** 34

**અમારા વિશે** 36



**સંપાદક ટીમ**

• દીપા સોનપાલ • હેમન્તકુમાર શાહ
• બિનોય આચાર્ય


વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ/મની ઓર્ડર 'UNNATI - Organisation for Development Education', અમદાવાદના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## સખાવતથી અધિકારો તરફ પ્રયાણઃ વિકલાંગતાના મુદ્દાને મુખ્ય પ્રવાહમાં લાવવાના પડકારો

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વિશે ખરડો આવી રહ્યો છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેના ઠરાવને ૨૦૦૮માં માન્ય કર્યો છે. આ ઠરાવમાં વિકલાંગતાના મુદ્દાને જોવાનો અભિગમ માળખાગત રીતે પરિવર્તન પામ્યો છે. કલ્યાણ કે સખાવત આધારિત અભિગમને બદલે અધિકાર આધારિત અભિગમ આવ્યો છે. કોઈ પણ દેશ આ ઠરાવને માન્ય કરે પછી તેના અમલનો સૂચિતાર્થ એ છે કે વર્તમાન કાયદાઓ, નીતિઓ, નિયમો અને નિયમનોની આ ઠરાવના સંદર્ભમાં સમીક્ષા કરવામાં આવે અને દરેક દેશનો અહેવાલ સંયુક્ત રાષ્ટ્રોને સુપરત કરવામાં આવે. આ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ (સમાન તક, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો - ૧૯૮૫ને બદલે હવે નવો કાયદો આવી રહ્યો છે. વિકલાંગતા સંબંધી અન્ય કાયદાઓ આ મુજબ છેઃ નેશનલ ટ્રસ્ટ ફોર ધ વેલફેર ઓફ પર્સન્સ વીથ ઓટિઝમ, સેરિબ્રલ પાલ્સી, મેન્ટલ રિટાર્ડેશન એન્ડ મલ્ટિપલ ડિસેબિલિટિઝ એક્ટ - ૧૯૯૯, ભારતીય પુનર્વસન પરિષદ ધારો - ૧૯૯૨, માનસિક આરોગ્ય ધારો - ૧૯૮૭ અને મફત અને ફરજિયાત શિક્ષણ અંગે બાળ અધિકાર ધારો - ૨૦૦૯. આ કાયદાઓની સમીક્ષા કરવાની આવશ્યકતા ઊભી થશે કે જેથી વિસંગતતાઓ ટાળી શકાય અને બેવડાપણું પણ દૂર કરી શકાય.

આવી રહેલો ખરડો ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા ઘડવામાં આવ્યો છે. તેમ છતાં, તેમાં ઘણા વિવાદાસ્પદ મુદ્દાઓ છે કે જેમનો ઉકેલ લાવવાની જરૂર છે. આંતરરાષ્ટ્રીય રીતે એ સ્વીકારવામાં આવ્યું છે કે વિકલાંગતા એ અનેક પ્રકારનાં પર્યાવરણીય પરિબળોનું સહિયારું પરિણામ છે. સામાજિક વલણલક્ષી, સાંસ્કૃતિક, શારીરિક તથા ભૌતિક પરિબળો અવરોધ તરીકે કામ કરે છે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સંપૂર્ણ સહભાગિતામાં વિક્ષેપ ઊભો કરે છે તેથી તેમને બદલવાની જરૂર છે. નવા ખરડામાં વિકલાંગતાના જે પ્રકારો દર્શાવવામાં આવ્યા છે તે સંપૂર્ણપણે તબીબી પરિભાષામાં નક્કી કરવામાં આવ્યા છે. તેને બદલે વિકલાંગતા નિર્ધારિત કરવા અને માપવા માટે સામાજિક માપદંડ વિકસાવવો જોઈએ. સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવે વિકલાંગ વ્યક્તિઓને સંપૂર્ણ કાનૂની ક્ષમતા પ્રદાન કરી છે એટલે કે કાયદા સમક્ષ સમાન સ્વીકૃતિ બક્ષી છે. સાથે સાથે કેટલાક કિસ્સામાં નિર્ણય પ્રક્રિયામાં ટેકો પૂરો પાડવાની જરૂરિયાત પણ સ્વીકારવામાં આવી છે. નવા ખરડામાં મધ્યમ માર્ગ અપનાવવામાં આવ્યો છે. તેમાં 'પ્લેનરી ગાર્ડિયનશિપ'નો અંત આવે છે. એટલે કે વિકલાંગ વ્યક્તિ વતી નિર્ણય લેવાની જે સંપૂર્ણ સત્તા વાલીઓને આપવામાં આવી હતી તેનો હવે અંત આવે છે. હવે 'લિમિટેડ ગાર્ડિયનશિપ'નો ખ્યાલ આ ખરડામાં રજૂ થયો છે. તેનો અર્થ એ છે કે વાલી અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિ સંયુક્ત રીતે પારસ્પરિક સમજ અને વિશ્વાસ સાથે નિર્ણયો લેશે. આ સંદર્ભમાં જે

**જુઓ પૃષ્ઠ ૪૦**

# શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે વિકલાંગોના સમાવેશ માટેના પ્રયાસો

સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિના અધિકાર અંગેનો ઠરાવ કેટલો ચરિતાર્થ થયો છે તેને અંગે એક અભ્યાસ મુંબઈની તાતા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ સાયન્સિસનાં **ડો. વનમાલા હીરાનંદાની**, સ્વતંત્ર કન્સલ્ટન્ટ **શ્રી અરુણકુમાર** અને ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠનનાં **સુશ્રી દીપા સોનપાલ** દ્વારા ૨૦૧૧માં કરવામાં આવ્યો હતો. શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે ખાનગી અને સરકારી કંપનીઓ તથા બિન-સરકારી સંગઠનો દ્વારા વિકલાંગ વ્યક્તિઓના સામાજિક-આર્થિક સમાવેશ માટે કરાયેલા પ્રયાસોની વિગતો અમદાવાદમાં તા. ૮.૭.૨૦૧૧ના રોજ યોજવામાં આવેલી એક પરામર્શ સભામાં આપવામાં આવી હતી તે અહીં અપાઈ છે.

## પ્રસ્તાવના

વૃદ્ધોની સંખ્યા વધતી જતી હોવાને લીધે અને આરોગ્યની પરિસ્થિતિ વણસતી જતી હોવાને લીધે દુનિયાભરમાં વિકલાંગતાનું પ્રમાણ વધી રહ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબ્લ્યૂએચઓ) દ્વારા તા. ૦૯-૦૬-૨૦૧૧ના રોજ જારી કરાયેલા વર્લ્ડ રિપોર્ટ ઓન ડિસેબિલિટીમાં જણાવાયા અનુસાર દુનિયામાં ૧૦૦ કરોડ લોકો એટલે કે ૧૫ ટકા કરતાં વધારે વસ્તી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની છે અને તે અનેક પ્રકારના વ્યાપક સીમાન્તીકરણનો ભોગ બને છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિકલાંગતા ન ધરાવતી વ્યક્તિઓ કરતાં વધારે અસહાય અને ગરીબ હોય છે. લગભગ ૮૦ ટકા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિકસતા દેશોમાં વસે છે. ભારતમાં અગાઉ ચાર કાયદા થયા હતા, પણ વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારા-૧૯૯૫ તદ્દન નવી જ ભૂમિકા પર ઘડાયો. તેમાં અનેક પ્રકારની વિકલાંગતાને સ્વીકારવામાં આવી અને તેમાં વિકલાંગ વ્યક્તિઓનાં શિક્ષણ, રોજગારી, અવરોધમુક્ત પર્યાવરણનું સર્જન અને સામાજિક સલામતી માટે જોગવાઈઓ કરવામાં આવી. સામાજિક વલણો ઉપર ધ્યાન રાખીને આ કાયદો સશક્તિકરણના દર્શન ઉપર આધાર રાખે છે તેમ છતાં હજુ પણ તે શારીરિક અને બોધાત્મક ક્ષતિઓની તબીબી વ્યાખ્યાઓ ઉપર આધારિત છે. આ કાયદો ભેદભાવના વિરોધ અને માનવ અધિકારોના મજબૂત અભિગમ સાથે ઘડાયો નથી. આમ, ભારતમાં વિકલાંગોના અધિકારોના આંદોલનની ચર્ચા એવા સામાજિક મોડેલ પર આગળ વધી છે કે જેમાં વિકલાંગતા ઊભી કરવામાં સામાજિક-આર્થિક, પર્યાવરણીય અને માળખાગત પરિબળોની ભૂમિકા સ્વીકારવામાં આવી છે. તેમ છતાં, નીતિવિષયક પર્યાવરણ મહદંશે તબીબી દરમ્યાનગીરી ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરનારું છે અને તેમાં 'રોગ' અથવા 'સમસ્યા'ના નિવારણ માટે સારવાર અને પુનર્વસન ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. ભારતમાં વિકલાંગતા ધરાવતાં સ્ત્રીઓ, પુરુષો અને બાળકો ગરીબી, અવહેલના અને અસમાનતાનો અનુભવ રોજેરોજ કરે છે.

તેથી ભારતે તા.૧-૧૦-૨૦૦૭ના રોજ સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવ (યુએનસીઆરપીડી)ને માન્ય રાખ્યો છે એ એક આનંદદાયક બીના છે. તેમાં વિકલાંગતા વિશેના ખ્યાલમાં માળખાગત પરિવર્તન આવ્યું છે. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સખાવત, તબીબી સારવાર અને સામાજિક રક્ષણની વસ્તુ જ ન સમજવાની બાબતની માંગ કરાઈ છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અધિકારો ધરાવતા માણસો તરીકે તેમાં સ્વીકારવામાં આવ્યા છે. તેઓ તેમના અધિકારો અંગે દાવો કરી શકે છે અને સમાજના સક્રિય સભ્યો તરીકે તેમના જીવન વિશે નિર્ણયો લઈ શકે છે એ બાબત તેમાં સ્વીકારવામાં આવી છે. આ ઠરાવને માન્ય રાખનારા આરંભના દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. પરંતુ તેની જોગવાઈઓ અનુસાર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટે અને તેમને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ ઓછું કાર્ય ભારતમાં થયું છે.

ઉપરાંત, આ ઠરાવને ચરિતાર્થ કરવા માટે થયેલા પ્રયાસોનું મૂલ્યાંકન કરવા માટે પણ મર્યાદિત પ્રયત્નો જ થયા છે, સિવાય કે, ભારતના કાયદાઓમાં તદનુસાર સુધારા થયા. જો કે, કાયદામાં ફેરફાર કરવો એ આ ઠરાવને ધરતી પર ઉતારવા માટે પર્યાપ્ત નથી. દેશના કાયદા તેને અનુસાર હોય તેનો અર્થ માત્ર એટલો જ છે કે ભારતમાં રાજ્ય તેની કાનૂની જરૂરિયાત કાગળ ઉપર પૂરી કરે છે અને કાગળ ઉપર જ પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે. વિકલાંગતા સંબંધી અગાઉના કાયદાઓનો અનુભવ એમ દર્શાવે છે કે કાયદાનો ખરેખર અમલ જ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સશક્તિકરણ માટે મહત્ત્વનો છે.

આ ઠરાવના કેન્દ્રીય સિદ્ધાંતોનો હેતુ 'વિકલાંગતા ધરાવતી તમામ વ્યક્તિઓ તમામ માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યો સંપૂર્ણ અને સમાન રીતે ભોગવે તેને પ્રોત્સાહન આપવું, તેમનું રક્ષણ કરવું અને તે સુનિશ્ચિત કરવું' છે, અને 'તેમના ગૌરવ માટે તેમના

## નેશનલ રિસોર્સ સેન્ટર ફોર ઈન્કલુઝન, બાંદ્રા, મુંબઈ

૧૯૯૭માં એડેપ્ટ દ્વારા મોટા પાયે એક ઝુંબેશ ચલાવવામાં આવી. ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ સાથે મળીને એડેપ્ટ દ્વારા કેટલીક પરિષદો યોજવામાં આવી. તેમાં નીતિ નિર્ધારકો, સંશોધકો, અમલદારો, વિકલાંગ કર્મશીલો, બિન-સરકારી સંગઠનો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ તેમાં ભાગ લીધો હતો. તેને પરિણામે 'ફ્રોમ સેગ્રેગેશન ટુ ઈન્ટિગ્રેશન' નામનું પુસ્તક દિલ્હીના સેજ પબ્લિકેશન્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું કે જેનું સંપાદન સીમસ હેગાર્તી અને મિઠુ અલૂર દ્વારા કરવામાં આવ્યું હતું.

લગભગ એ જ સમયે કેનેડાના ગવર્નર જનરલ રોમિયો લે બ્લેન્ક અને શ્રીમતી ડાયેના લે બ્લેન્ક દ્વારા એડેપ્ટની મુલાકાત લેવામાં આવી. તેમણે જે કંઈ જોયું તેનાથી તેઓ ખુશ થયાં અને તમામ બાળકોના સમાવેશ માટે રાષ્ટ્રીય સ્તરે નીતિની જરૂર છે એમ પણ તેઓ સમજ્યાં. તેમણે ભવિષ્યમાં સહયોગ સાધવામાં રસ ધરાવ્યો. એડેપ્ટ વતી ડો. અલૂરે કેનેડિયન ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સીને નેશનલ રિસોર્સ સેન્ટર ફોર ઈન્કલુઝનની સ્થાપના કરવા માટે ટેકો આપવા અરજી કરી.

આ રિસોર્સ સેન્ટર એડેપ્ટના માળખામાં કામ કરતું હતું. તેણે વિકલાંગતા ધરાવતાં બાળકોના સમવેશ માટે નાના પાયા પર તથા મોટા પાયા પર શી શક્યતાઓ છે તેની તપાસ કરી. માનવ અધિકારોના માળખામાં કેવી રીતે દેશના મુખ્ય પ્રવાહનાં સંસાધનો સાથે કામ કરી શકાય તે પણ તેણે વિચાર્યું. ૧૯૯૯માં આ કેન્દ્રની કેનેડિયન ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સી અન્વયે શરૂઆત થઈ.

નેશનલ રિસોર્સ સેન્ટર ફોર ઈન્કલુઝન દ્વારા તમામ બાળકોને જ્ઞાતિ, સમ્પ્રદાય, વર્ગ, સામાજિક દરજ્જો કે ક્ષમતાઓના ભેદભાવ વિના શૈક્ષણિક સેવાઓ અને ચિકિત્સાની સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ કેન્દ્રમાં દરેક બાળક માટે અલગ અભ્યાસક્રમ છે કે જે તેની ક્ષમતાઓને અનુકૂળ છે. બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને શૈક્ષણિક, શારીરિક, સંવેદનાત્મક અને વ્યાવસાયિક પાસાંઓમાં તે વિકાસ પામે તેવો અભિગમ એમાં અપનાવવામાં આવ્યો છે. ૨૦૦૯-૧૦માં આ કેન્દ્રમાં ૨૦૩ વિદ્યાર્થીઓ હતા. તેમાં ૧૨૮ વિદ્યાર્થીઓ વિકલાંગતા ધરાવતા હતા અને ૭૫ વિદ્યાર્થીઓ વિકલાંગતા ધરાવતા ન હતા. તેમાં એસએસસી, પૂર્વએનઆઈઓએસ, એનઆઈઓએસ, પૂર્વવ્યાવસાયિક તાલીમ અને કાર્યકુશળતાઓ વગેરેનો અભ્યાસક્રમમાં એકસાથે સમાવેશ કરવામાં આવ્યો છે. ગયા વર્ષે જ પૂર્વએનઆઈઓએસનો અભ્યાસક્રમ અમલમાં મૂકવામાં આવ્યો હતો. જો કે, એડેપ્ટ દ્વારા આ વર્ષે જ વિદ્યાર્થીઓનું પ્રથમ જૂથ તેના બોર્ડની પરીક્ષામાં બેઠું. યોગ, નૃત્ય, નાટક, રમત-ગમત, શિબિરો અને પિકનિક જેવી શિક્ષણેતર પ્રવૃત્તિઓ આ કેન્દ્રના કાર્યક્રમોમાં અંતર્ગત ભાગ છે. બાળકના સંવેદનાત્મક અને સામાજિક વિકાસ માટે આ રીતે તેમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. શિક્ષણની જરૂરિયાત અને સાક્ષરતાની જરૂરિયાત બંનેનું આ રીતે સંકલન કરીને સમાવવામાં આવે છે.

સન્માનને પ્રોત્સાહન આપવાનું છે.' આ ઠરાવની કલમ-૨૪ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશી શિક્ષણના અધિકારને સ્વીકારે છે. આ શિક્ષણ તમામ સ્તરે ભેદભાવવિહીન હોય અને સમાન તકો સહિતનું હોય. તેમાં જીવનભર ચાલતા ભણતરનો પણ સમાવેશ થઈ જાય. આ ઠરાવની કલમ-૨૭ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અન્ય લોકો સાથે સમાન ધોરણે રોજગારી પ્રાપ્ત કરવાના અધિકારને સમર્થન આપે છે. ખુલ્લા અને સમાવેશી શ્રમ બજારમાં મુક્ત રીતે પસંદ કરાયેલા કે સ્વીકારાયેલા કામ દ્વારા ન્યાયી અને વાજબી પરિસ્થિતિમાં જીવનનિર્વાહ મેળવવાના અધિકારને તે સમર્થન આપે છે. શિક્ષણ અને રોજગારીનાં ક્ષેત્રોમાં આ ઠરાવના સિદ્ધાંતો ચરિતાર્થ કરવા ઉપર ખૂબ જ ઓછું ધ્યાન અપાયું છે. તેથી વર્તમાન પરિસ્થિતિમાં સ્થાનિક અને નવતર ઢબે જે પ્રયાસો થયા હોય તેમાંથી શીખ મેળવવાનું અને તેમનું દસ્તાવેજીકરણ કરવાનું આ ઠરાવના સિદ્ધાંતોને ચરિતાર્થ કરવા માટે મહત્ત્વનું છે.

### પરિયોજના

આ ઠરાવની જોગવાઈઓ અને મૂલ્યોને મહિલાઓના દૃષ્ટિકોણથી જોવાની તાતી જરૂરિયાતના સંદર્ભમાં ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન દ્વારા તાજેતરમાં એક કાર્યલક્ષી સંશોધન હાથ ધરાયું. તેનું શીર્ષક છેઃ "સારા પ્રયોગોનું એકત્રીકરણ અને દસ્તાવેજીકરણઃ યુએનસીઆરપીડીની શિક્ષણ અને રોજગારી વિશેની કલમો વ્યવહારમાં સિદ્ધ કરવા તરફ પ્રયાણ". આ કાર્યલક્ષી સંશોધનનાં મુખ્ય ધ્યેયો નીચે મુજબ છેઃ એવા નવતર સમાવેશી પ્રયોગોનું દસ્તાવેજીકરણ કરવું કે જેની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જીવન ઉપર વિધાયક અસર પડી હોય, અને એમને વ્યાપક સ્તરે અપનાવાય તે માટે જરૂરી જ્ઞાનલક્ષી સંસાધનો પૂરાં પાડવાં. આ પરિયોજનામાં એવા વિચારો અને પ્રયોગોને સમજવા માટે નીચેથી ઉપરનો અભિગમ અપનાવાયો કે જેમને સ્થાનિક સ્તરે સ્વીકારવામાં આવ્યા હોય અને અપનાવાયા હોય અને આ ઠરાવની શિક્ષણ, કામ અને રોજગારી અંગેની કલમોના અમલ માટે નક્કર

## સર્વ શિક્ષા અભિયાન હેઠળ શિક્ષકોને તાલીમ

પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા માટે સૌને માટે શિક્ષણની યોજનાનો ખ્યાલ અમલમાં મૂકવામાં આવ્યો છે. સર્વ શિક્ષા અભિયાનમાં કોઈ પણ બાળકનો ઈન્કાર ન કરવાની નીતિ અપનાવવામાં આવી છે. વિકલાંગતા ધરાવતાં બાળકો સહિત તમામ બાળકોને સામાન્ય શાળાઓમાં તેમના ઘરની નજીક શિક્ષણ આપવાનો ઉદ્દેશ તેમાં રાખવામાં આવ્યો છે. રાજ્ય સ્તરે અંધજન મંડળ સર્વ શિક્ષા અભિયાન હેઠળના નિયમિત શિક્ષકોને તાલીમ આપવામાં સક્રિય રીતે સામેલ છે. સંસ્થા તબક્કાવાર તેમને વિકલાંગતા વિષે અભિમુખ કરે છે. ભોજ યુનિવર્સિટી અને ભારતીય પુનર્વસન પરિષદના સંયુક્ત ઉપક્રમે લગભગ ૫૦૦૦ શિક્ષકોને છેલ્લાં ૫ વર્ષ દરમ્યાન તાલીમ આપવામાં આવી છે. દૂર શિક્ષણ કાર્યક્રમના ભાગરૂપે આ તાલીમ અપાય છે. તેમાં શિક્ષકોને વિકલાંગતા ધરાવતાં બાળકોને શિક્ષણ આપવા માટે સંવેદનશીલ બનાવવામાં આવે છે એટલું જ નહીં, પણ તેઓ પોતે સમાવેશી સમાજના ભાગ બન્યા તે માટે તેમને મદદ કરવામાં આવે છે.

આ અભ્યાસક્રમ ત્રણ મહિનાનો છે અને દર વર્ષે દરેક જિલ્લાના તમામ તાલુકામાંથી ૫ શિક્ષકોને રાજ્ય વિભાગ દ્વારા તેમાં મોકલવામાં આવે છે. આ કાર્યક્રમના ભાગરૂપે સર્વ શિક્ષા અભિયાન હેઠળ દરેક તાલુકામાં એક સંકલિત શિક્ષણ નિયામક અને પાંચ સંસાધન શિક્ષકોની ફાળવણી કરવામાં આવી છે. આ રીતે ૮૦૦થી વધુ શિક્ષકોની નિમણૂક અત્યાર સુધીમાં કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં જે મહત્ત્વનાં ઘટકો છે તેમાં ગતિશીલતા, ભણતરની વિશેષ જરૂરિયાતો, વિશેષ સાધનો, ભણતર માટેની વધારાની પદ્ધતિઓ અને તેમનો સર્જનાત્મક ઉપયોગ, વિકલાંગ બાળકોની વહેલી ઓળખ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. તે પછી શિક્ષકો વર્ગખંડોમાં બાળકોને જુદી જુદી વિકલાંગતાના સંદર્ભમાં ઓળખે છે. દરેક પ્રકારની વિકલાંગતા માટે જુદી જુદી કિટ તૈયાર કરવામાં આવી છે. જિલ્લા સ્તરે એક આકલન શિબિર યોજવામાં આવે છે. તેમાં વિકલાંગતા ધરાવતાં બાળકોને લાવવામાં આવે છે. તેમને ચિકિત્સજ્ઞો, માનસશાસ્ત્રીઓ, હાડકાના નિષ્ણાતો વગેરે જેવા નિષ્ણાત લોકો તેમને તપાસે છે, પ્રમાણપત્રો આપે છે અને તેમને કિટનું વિતરણ કરવામાં આવે છે. અંધજન મંડળ દ્વારા મંદ બુદ્ધિનાં બાળકો, ઓછી દૃષ્ટિ ધરાવતાં બાળકો અને દૃષ્ટિની ખામી ધરાવતાં બાળકોને કિટનું વિતરણ કરવામાં આવે છે.

પીટીસીના અભ્યાસક્રમમાં વિકલાંગતાના વિષયને ૫૦ માર્કના મોડ્યુલ તરીકે સમાવવામાં આવ્યો છે. તાલીમબદ્ધ શિક્ષકોને વિદ્યા સહાયક તરીકે ઓળખવામાં આવે છે અને રાજ્યમાં લગભગ ૧૨૦૦થી ૧૫૦૦ વિકલાંગ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. અંધજન મંડળના વરિષ્ઠ કાર્યકર્તાઓ આવી સમિતિઓમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર બિરાજમાન છે અને તેઓ પ્રાથમિક શાળાના શિક્ષકોની નિમણૂકમાં ૩ ટકા અનામતની નીતિને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

ભલામણો કરવાનો અભિગમ પણ તેમાં રખાયો છે. આ કાર્યલક્ષી સંશોધનના નિશ્ચિત હેતુઓ નીચે મુજબના છેઃ

૧) આ ઠરાવના હેતુઓ, સિદ્ધાંતો અને સંબંધિત જોગવાઈઓના સંદર્ભમાં વિકલાંગતા સાથે સંલગ્ન કાર્યક્રમોનાં સ્વરૂપ, વિગતો અને પરિણામોને તપાસવાં.

૨) વર્તમાનમાં ચાલુ કાર્યક્રમોમાં આ ઠરાવનું સંકલન થાય તે માટેનાં પ્રયોગો અને સંસાધનોને ઓળખવાં.

૩) સંવાદ અને પ્રચાર-પ્રસાર દ્વારા લોકશિક્ષણ કરીને વ્યાપક રસ ઊભો કરવો. શિક્ષણ અને કામ કે રોજગારીનાં ક્ષેત્રો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સામાજિક અને નાણાકીય સમાવેશ માટે મહત્ત્વનું છે તેથી તે પસંદ કરાયાં છે અને તેમાં મહિલાઓના સશક્તિકરણ અને પહોંચક્ષમતાના મુદ્દા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

કેસ સ્ટડીનો અભિગમ ઉપયોગમાં લઈને પ્રથમ તબક્કામાં સંભવિત સહભાગીઓને ઓળખવામાં આવ્યા કે જેમણે શિક્ષણ અને રોજગારીનાં ક્ષેત્રોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે સમાવેશી પ્રયોગો આદર્યા હતા. વ્યાપક પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે અમે ખાનગી અને જાહેર ક્ષેત્રોમાંથી સહભાગીઓની પસંદગી કરી અને વિકાસલક્ષી સંગઠનોમાંથી તથા ખાસ કરીને વિકલાંગ વ્યક્તિઓનાં સંગઠનોમાંથી પસંદગી કરી. પ્રયોગના તબક્કામાં રોજગારી વિશે ચાર સંગઠનોના કાર્યક્રમો અને પ્રયોગોની પસંદગી કરવામાં આવી. જાહેર અને ખાનગી ક્ષેત્રમાંથી એક-એક સંગઠનની અને નાગરિક સમાજનાં સંગઠનોમાંથી બે સંગઠનોની પસંદગી કરવામાં આવી. એ જ રીતે, ત્રણ શૈક્ષણિક કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો. એક કાર્યક્રમ સર્વ શિક્ષા અભિયાન છે કે જે સરકાર દ્વારા પ્રેરિત છે અને દેશમાં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે. બીજા બે પ્રયાસો નાગરિક સમાજનાં સંગઠનો દ્વારા ચાલતા સમાવેશી શિક્ષણ અંગેના છે. આ કાર્યક્રમો અને પ્રયોગો સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવ અગાઉના છે, પરંતુ તેના અનુભવો મહત્ત્વના પદાર્થપાઠ શિખવાડે છે અને ભવિષ્યમાં આવનારા પડકારો વિશે તે માહિતી આપે છે. સંયુક્ત રાષ્ટ્રોના

ઠરાવના માર્ગદર્શક સિદ્ધાંતોને આધારે સમાવેશી પ્રયોગોની પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યલક્ષી સંશોધનમાં જે પદ્ધતિ અપનાવવામાં આવી તેમાં આ બાબતોનો સમાવેશ થાય છેઃ

૧) સઘન મુલાકાતો, જૂથ ચર્ચાઓ, અનૌપચારિક વાતચીત અને અવલોકનો દ્વારા પ્રાથમિક માહિતી ભેગી કરવી.
૨) નાગરિક સમાજનાં સંગઠનોનાં વાર્ષિક અહેવાલો, પરિપત્રો અને પ્રાપ્ય પ્રકાશનો સહિતની દ્વૈતિક માહિતીનું વિશ્લેષણ કરવું.

આ દસ્તાવેજમાં આ કેસ સ્ટડીઝમાંથી પ્રાપ્ત થતાં તારણો એકત્ર કરવામાં આવ્યાં છે અને તે તેમની સમાવેશી રીતોનું સંયોજન પૂરું પાડે છે. વળી, તેમાં ભવિષ્ય માટેની દિશાનાં બિંદુઓ પ્રાપ્ત થઈ શકે છે કે જેમના વિશે વધુ ચર્ચા પણ થઈ શકે. આ દસ્તાવેજનો મહત્ત્વનો હેતુ સમાવેશી પ્રયોગોના વ્યાપક પ્રચાર-પ્રસારનો છે અને તે આસાનીથી સમજી શકાય તે રીતે રજૂ કરવાનો છે. ઉપરાંત, વિવિધ સંસ્થાઓ સાથે આ વિષય વિશે સંવાદ ઊભો કરવાનો છે કે જેથી શૈક્ષણિક હેતુ બર આવે. સમાવેશને પ્રોત્સાહન આપતાં વર્તમાન કાર્યક્રમો અને રીતો રજૂ કરવા, તેના વિશે ચર્ચા કરવા અને તેમાંથી કંઈક શીખવા માટે પ્રાદેશિક પરામર્શ સભા યોજવામાં આવી રહી છે. આ પરામર્શ સભામાં વિકલાંગતા ક્ષેત્રે કામ કરતા કર્મશીલો, પ્રયોગવીરો, કંપનીઓના માલિકો, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, દાતાઓ અને વિદ્વદ્જનો સંવાદ સાધે તે માટે મંચ પૂરો પાડવાનો હેતુ રાખવામાં આવ્યો છે.

## શિક્ષણ

### ૧) એડેપ્ટ (એબલ્ડ ડિસેબલ્ડ ઓલ પીપલ ટુગેધર), મુંબઈઃ

એડેપ્ટ સંસ્થા સ્પસ્ટિક્સ સોસાયટી ઓફ ઈન્ડિયા તરીકે અગાઉ જાણીતી હતી. તેની સ્થાપના મુંબઈમાં કોલાબા ખાતે ૧૯૭૨માં ડૉ. મિઠુ અલૂર દ્વારા કરવામાં આવી હતી. ભારતમાં સેરિબ્રલ પાલ્સી રોગ ધરાવનારાં બાળકો માટેની એ સૌ પ્રથમ ખાસ શાળા હતી. એક જ સ્થળે સારવાર અને શિક્ષણ બંને મળે એવી વ્યવસ્થા ડૉ. અલૂર દ્વારા એ સમયે કરવામાં આવી હતી કે જ્યારે વિકાસલક્ષી વિકલાંગતાઓ વિષે લોકો ખૂબ ઓછું જાણતા હતા. જેમ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ સંસ્થાનો વિકાસ થતો ગયો અને વિવિધ દિશાઓમાં તેની શાખાઓ ખૂલતી ગઈ. પરિણામે શિક્ષકો અને ચિકિત્સજ્ઞોની જરૂરિયાત પણ વધતી ગઈ. વ્યાવસાયિક તાલીમ અને ક્ષમતા નિર્માણના કાર્યક્રમો શરૂ થયાં. તેમાં મુંબઈ સિવાયના વિસ્તારોના લોકો તાલીમમાં ભાગ લે તે માટે ઓછામાં ઓછા ૫૦ ટકા તાલીમાર્થીઓ બહારના હોય એ બાબત ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો. એક દાયકામાં તો કોલકાતા અને દિલ્લીમાં એડેપ્ટના મોડેલ ઉપર આધારિત એવાં સેવા કેન્દ્રો શરૂ થયાં. પછી સંસ્થાએ બેંગલોર અને ચેન્નઈ ખાતે પોતાની શાખાઓ ખોલી. આજે એ બંને સ્વતંત્ર રીતે કામ કરે છે.

ડૉ. અલૂરના સંશોધનમાં દેશમાં પ્રવર્તમાન ખામી છતી થઈ ગઈ. સરકારની શિક્ષણની યોજનામાં તમામ બાળકોને સમાવવા માટે કોઈ મજબૂત સર્વગ્રાહી સમાવેશી નીતિ નહોતી તે તેમાંથી બહાર આવ્યું. વિકલાંગતા ધરાવતાં બાળકોની જરૂરિયાતો બિન-સરકારી સંગઠનો પૂરી પાડે એવા અભિગમ ઉપર વિશેષ આધાર રાખવામાં આવતો હતો. સરકારી સેવાઓ લગભગ ૯૦ ટકા વિકલાંગ બાળકોને પ્રાપ્ત થતી નહોતી. તેનું કારણ એ હતું કે માળખાગત ખામીઓ હતી અને યોગ્ય નાણાકીય ફાળવણીનો અભાવ હતો. ભવિષ્યની પેઢીઓ ઉપર આ ખામીની શી અસરો થશે તેના વિશે ચિંતિત થઈને એડેપ્ટ દ્વારા તમામ બાળકોને આવરી લેવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું કે જેથી સરકારી શૈક્ષણિક સેવાઓ તમામ બાળકોને પ્રાપ્ત થાય.

એડેપ્ટના કાર્યક્રમો અને પ્રયાસો વિકલાંગતા વિષેના ખ્યાલમાં ધરમૂળથી પરિવર્તન લાવે છે. તેમાં વિશેષ શિક્ષણને બદલે સમાવેશી શિક્ષણ ઉપર ભાર મૂકાયો છે, સેવા ઉપર આધારિત મોડેલને બદલે પદ્ધતિસરના મોડેલ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. તેમાં દેશમાં વર્તમાન પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થામાં સુધારો થાય એમ વિચારવામાં આવ્યું છે. જેમને શીખવામાં તકલીફ પડે એવાં બાળકો માટેના પ્રયાસોને મુખ્ય પ્રવાહમાં લઈ આવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

યુનિસેફ અને આ સંસ્થાના નેજા હેઠળ મે-૨૦૦૧માં બે વર્ષનું કાર્યલક્ષી સંશોધન 'સમાવેશી શિક્ષણમાં વહેલી દરમ્યાનગીરી' નામે શરૂ થયું હતું. કેનેડિયન ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા તેને ટેકો આપવામાં આવ્યો હતો. એડેપ્ટનાં અધ્યક્ષા અને નેશનલ રિસોર્સ સેન્ટર ફોર ઈન્ક્લુઝનનાં આચાર્યા ડૉ. મિઠુ અલૂર અને કેનેડાની યોર્ક યુનિવર્સિટીના ડૉ. માર્શિયા રાયોક્સ દ્વારા આ સંશોધન પરિયોજના હાથ ધરવામાં આવી હતી. આ અભ્યાસનો હેતુ વિકલાંગતા ધરાવતાં બાળકોની તેમના પરિવારો અને સમુદાયોના સંદર્ભમાં વિકાસ અને સુખાકારી માટે જરૂરી દરમ્યાનગીરીનાં પરિબળો ઓળખી કાઢવાનો હતો. તેનો હેતુ એ પણ હતો કે સરકાર દ્વારા વિકલાંગતા ધરાવતાં બાળકો માટે જે કાર્યક્રમો ચલાવવામાં આવે છે તે સમાવેશી શિક્ષણ ઊભું કરે અને સરકારની સેવાઓમાં તેનો વધારો થાય. તેમાં ૩થી ૫ વર્ષની વયનાં બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જો કે, તેમાં છોકરીઓ, વિકલાંગતા ધરાવતાં બાળકો અને સામાજિક રીતે તકવંચિત બાળકો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ કાર્યલક્ષી સંશોધનમાં નિદર્શન, સંશોધન, મૂલ્યાંકન અને વિશ્લેષણ, પ્રકાશન તથા પ્રચાર-પ્રસારનો સમાવેશ થતો હતો. આ સંશોધનમાં મુંબઈની ૬ ઝૂંપડપટ્ટીઓમાં સમાવેશી વ્યવસ્થાનો અમલ

**અમદાવાદના અંધજન મંડળ દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરાયેલા સમાવેશી પ્રયોગનાં મુખ્ય લક્ષણો**

૧) સ્થાળાંતરિત કામદારોનાં બાળકો અને ઓછી આવક ધરાવતા પરિવારોનાં બાળકો સાથે કામ કરવામાં આવે છે.
૨) તમામ બાળકો અને તમામ પ્રકારની વિકલાંગતા ધરાવતાં બાળકો સાથે કામ કરવામાં આવે છે.
૩) દરેક બાળક માટે વિશેષ વ્યક્તિગત શૈક્ષણિક યોજના ઘડવામાં આવે છે, વિકલાંગતા ધરાવતાં તમામ બાળકોની ભણતરની શૈલીને આમેજ કરવામાં આવે છે અને તેમની વિશિષ્ટ જરૂરિયાતો અનુસાર શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવામાં આવે છે.
૪) વિકલાંગતા ધરાવતાં બાળકોને શાળામાં સંકલન સાધવા માટે વિશેષ ટેકો પૂરો પાડવામાં આવે છે.
૫) માત્ર સાધારણ વિકલાંગતા ધરાવતાં બાળકોને જ દાખલ કરવામાં આવે છે એનું કારણ એ છે કે બધા શિક્ષકોને ભારે વિકલાંગતા ધરાવતાં બાળકો સાથે કામ કરવાની તાલીમ આપવામાં આવી હોતી નથી.
૬) સમાવેશને પ્રોત્સાહન આપવા માટે વાલીઓ સાથે પણ કામ કરવામાં આવે છે કે જેથી સમુદાયમાં પણ વિકલાંગતા વિષે સંવેદનશીલતા અને જાગૃતિ ઊભાં થાય.
૭) વિશેષ શિક્ષકો અને અન્ય નિયમિત શિક્ષકો એકસાથે કામ કરે છે અને તેથી તેઓ પરસ્પર શીખી શકે છે.
૮) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સ્ટાફ તરીકે ભરતી કરીને તેમને પ્રોત્સાહન આપવામાં આવે છે અને તેમને ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવે છે.

કેવી રીતે થાય તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વિકલાંગતા ધરાવતાં બાળકોને શિક્ષણ આપી શકાય નહીં એવો જે મત પ્રવર્તતો હતો તેમાંથી બહાર નીકળીને આ પરિયોજનાએ એમ જણાવ્યું કે આ બાળકો ભણતર અને વિકાસમાં અવરોધોનો સામનો કરે છે અને આ અવરોધો બાળકોમાં નથી પરંતુ સામાજિક પર્યાવરણમાં છે. આ કાર્યલક્ષી સંશોધને એમ પણ દર્શાવ્યું કે મર્યાદિત સંસાધનો સાથે પણ સમાવેશી બાબતોનો અમલ થઈ શકે છે. તેને માટે પ્રતિબદ્ધતા હોવી જોઈએ અને યોગ્ય ભાવના સાથે સમર્થન પ્રાપ્ત થયેલું હોવું જોઈએ.

**૨) અમદાવાદનું અંધજન મંડળ: સર્વ શિક્ષા અભિયાન**

અમદાવાદનું અંધજન મંડળ સર્વ શિક્ષા અભિયાન દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિકલાંગતા ધરાવતાં બાળકોના સમાવેશને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરી રહ્યું છે. સર્વ શિક્ષા અભિયાનનો હેતુ દેશમાં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવાનો છે. સમુદાય-આધારિત અભિગમ અપનાવીને દરેક જિલ્લામાં શિબિરો યોજવામાં આવે છે. તેનો હેતુ એ છે કે જીવનના આરંભના તબક્કામાં જ વિકલાંગતા ધરાવતાં બાળકોને ઓળખી શકાય અને આરોગ્ય, શિક્ષણ તથા સામાજિક અને આર્થિક સમાવેશના સંદર્ભમાં વહેલી દરમ્યાનગીરી કરી શકાય. તેણે અધ્યયન અને અધ્યાપન માટેનાં સાધનો વિકસાવ્યાં છે અને તેમનો પ્રચાર-પ્રસાર પણ કર્યો છે.

જુદાં જુદાં ધોરણોમાં અભ્યાસ કરતાં જુદા જુદા પ્રકારની શારીરિક વિકલાંગતા ધરાવતાં બાળકોને તે સાધનો પ્રાપ્ત થાય તેવી કાળજી પણ રાખવામાં આવી છે. આ કાર્યક્રમમાં શિક્ષકો, શિક્ષકોની તાલીમ સંસ્થાઓ, દૂર શિક્ષણની સંસ્થાઓ અને જિલ્લાના વહીવટી તંત્ર જેવા હિતધારકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેનાથી માત્ર વિકલાંગતા વિશે જાગૃતિ જ ફેલાય છે તેવું નથી પરંતુ એક રીતે સામૂહિક કાર્ય ઊભું થાય છે. સમગ્ર ગુજરાત રાજ્યને આવરી લેવા માટે વિવિધ તબક્કાઓમાં આ કાર્યક્રમના ભાગરૂપે શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે.

**૩) અમદાવાદની અંધજન મંડળની સમાવેશી શાળા:**

જુન-૨૦૦૮માં આ વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી. ગુજરાતમાં રાષ્ટ્રીય અંધજન મંડળ સાથે મળીને જુદા જુદા જિલ્લાઓમાં પણ આવી જ શાળાઓ સ્થાપવા માટે આ એક પ્રાયોગિક શાળાની સ્થાપના કરવામાં આવી હતી. અમદાવાદ શહેરથી લગભગ ૩૦ કિલોમિટર દૂર બાવળાના ઔદ્યોગિક વિસ્તારમાં આ શાળા આવેલી છે. આ વિસ્તારમાં પંચમહાલ, દાહોદ અને ભરૂચના સ્થળાંતરિત કામદારો ખૂબ મોટી સંખ્યામાં કામ કરે છે. તેઓ ચોખાની મિલોમાં અને દવાઓ બનાવતાં કારખાનાંમાં ઓછી કુશળતા ધરાવતાં અથવા અકુશળ કામો કરે છે. મોટે ભાગે તેઓ કારખાનાંમાં જ રહે છે.

અંધજન મંડળ ગુજરાતમાં બાવળા ખાતે ‘સવિનય સંમિલિત વિદ્યાલય’ ચલાવે છે. તેમાં નીચી આવક્નાં જૂથ બાળકો અને સ્થળાંતરિત કામદારોનાં બાળકો શિક્ષણ પ્રાપ્ત કરે છે. તેમાં વિકલાંગતા ધરાવતાં બાળકો અને વિકલાંગતા ન ધરાવતાં બાળકો એમ બંને પ્રકારનાં બાળકો આવે છે. શિક્ષકો દરેક બાળકને અનુકૂળ આવે તેવો વ્યક્તિગત શૈક્ષણિક કાર્યક્રમ તૈયાર કરે છે. બાળક કોઈ પણ પ્રકારની વિકલાંગતા ધરાવતું હોય, તેને જરૂરી સામગ્રી મળે તે રીતે અધ્યયનની શૈલી અનુસાર સામગ્રી તૈયાર કરવામાં આવે છે અને તેને આપવામાં આવે છે. વિશિષ્ટ શિક્ષણકારો અને કેટલાક શિક્ષકો દ્વારા આ શાળા ચલાવવામાં આવે છે. તેમાં માંહોમાંહે અનુભવથી શીખી શકાય તે

બાબત ઉપર ધ્યાન અપાયું છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સ્ટાફ તરીકે પસંદ કરવામાં આવે છે અને એ રીતે તેમને પણ પ્રોસ્તાહન આપવામાં આવે છે અને તેઓ નમૂનારૂપ ઉદાહરણ બને છે. આ શાળા સમાવેશને પ્રોત્સાહન આપવા માટે અને સમુદાયમાં વિકલાંગતા વિશે વધારે સંવેદનશીલતા અને જાગૃતિ ઊભાં થાય તે માટે વાલીઓ સાથે પણ કામ કરે છે. અત્યારે આ શાળામાં સામાન્ય પ્રકારની વિકલાંગતા ધરાવતાં બાળકોને દાખલ કરવામાં આવે છે.

એક સ્થાનિક ઉદ્યોગપતિ અને દાનવીર તથા દૃષ્ટિમાં ખામી ધરાવતી વ્યક્તિએ આ શાળા માટે જમીન દાનમાં આપી હતી. આરંભમાં આ શાળાનું મકાન પહોંચક્ષમ બનાવવામાં આવ્યું હતું. ઢાળ બાંધવામાં અને વર્ગખંડો પહોંચક્ષમ બનાવવામાં અને યોગ્ય ટેબલ તથા ખુરશી માટે તથા છોકરીઓ અને છોકરાઓ માટે અલગ જાજરૂ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી. પીવાનું ચોખ્ખું પાણી મળે તે માટે અને મોટા અક્ષરોમાં તથા બ્રેઈલ લિપિમાં સંકેતો લખવા માટે પણ જગ્યાઓ ફાળવવામાં આવી. આ માટે કુલ રૂ. ૧૬ લાખનું ખર્ચ કરવામાં આવ્યું હતું.

હાલ આ શાળામાં ગુજરાતી માધ્યમના ૧-૮ ધોરણના વર્ગો ચલાવવામાં આવે છે. તે જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી સાથે જોડાયેલી છે. નજીકનાં ૧૨ ગામોમાંથી બાળકો ત્યાં શિક્ષણ મેળવવા આવે છે. તેમાંનાં મોટા ભાગનાં બાળકો સામાજિક અને આર્થિક રીતે તકવંચિત પરિવારોનાં હોય છે. તેમને વિના મૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે. શાળા દ્વારા તેમને શિક્ષણ સામગ્રી, ગણવેશ, મધ્યાહ્ન ભોજન, પાઠ્ય પુસ્તકો વગેરે પૂરાં પાડવામાં આવે છે. વિકલાંગતા ધરાવતાં બાળકોને સર્વ શિક્ષા અભિયાનના ટેકાથી બ્રેઈલ લિપિમાં તથા મોટા અક્ષરોમાં શૈક્ષણિક સામગ્રી પૂરી પાડવામાં આવે છે. મંદ બુદ્ધિનાં બાળકો તથા ઓછી દૃષ્ટિ ધરાવતાં બાળકોને સાંભળવા માટેનાં સાધનો અને પ્રોસ્થેસિસ જેવાં સાધનો અને અન્ય સહાયક સાધનો પૂરાં પાડવામાં આવે છે.

અત્યારે આ શાળામાં કુલ ૨૫૨ બાળકો છે અને સૌથી વધુ બાળકો ધોરણ-૩માં ૪૦ છે. ધોરણ-૮માં ૧૬ બાળકો ભણે છે. લગભગ ૨ ટકા વિદ્યાર્થીઓ છોકરીઓ છે અને જેમ જેમ ધોરણ આગળ વધતાં જાય તેમ તેમ છોકરીઓની સંખ્યા ઘટતી જાય છે. ૨૮ ટકા બાળકો વિકલાંગતા ધરાવતાં બાળકો છે. તેમાં ૧ ટકા હાડકાની દૃષ્ટિએ વિકલાંગ છે, ૧ ટકા વિદ્યાર્થીઓને દૃષ્ટિમાં ખામી છે અને ૧ ટકા વિદ્યાર્થીઓ સેરિબ્રલ પાલ્સીથી પિડાય છે. બીજા ૧ ટકા વિદ્યાર્થીઓને અનેક પ્રકારની વિકલાંગતા છે. ૪ ટકા વિદ્યાર્થીઓ ઓછી દૃષ્ટિ ધરાવે છે અને ૬ ટકા વિદ્યાર્થીઓ મંદ બુદ્ધિના છે. ૧૨ ટકા વિદ્યાર્થીઓ ખૂબ જ ધીમેથી અભ્યાસ કરનારા છે. ૨ ટકા વિદ્યાર્થીઓ સાંભળવામાં ખામી ધરાવે છે.

આ શાળામાં આચાર્ય નથી પરંતુ ૮ શિક્ષકો છે અને તેમાં ૩ મહિલાઓ છે. ૧ શિક્ષક ઓછી દૃષ્ટિની ખામી ધરાવે છે. બધા શિક્ષકો સાથે મળીને શાળા ચલાવે છે અને અંધજન મંડળ તેમને ટેક્નિકલ ટેકો પૂરો પાડે છે. આ શિક્ષકો જુદા જુદા પ્રકારની લાયકાત ધરાવે છે. કેટલાક શિક્ષકો વિશેષ શિક્ષકો છે તો કેટલાક શિક્ષકો પીટીસી થયેલા છે. વિશેષ શિક્ષકો પ્રથમિક શિક્ષણ માટે વિકલાંગતા બાળકોના સંકલિત શિક્ષણની જે યોજના છે તે હેઠળ લાયકાત ધરાવે છે. આ યોજનાને માધ્યમિક તબક્કે વિકલાંગો માટે સંકલિત શિક્ષણ યોજના(આઈઈડીએસએસ)માં રૂપાંતરિત કરવામાં આવી છે. સરકારી શાળાઓમાં શિક્ષકોને જે પગાર આપવામાં આવે છે તેટલો જ પગાર આ શિક્ષકોને પણ આપવામાં આવે છે કે જેથી શિક્ષકો આ શાળામાં ટકી રહે.

શાળામાં વિદ્યાર્થીઓ માટે એક બસ છે. રોજ સવારે અને સાંજે બાળકોને લેવા અને મૂકવા માટે તે બે વખત આંટા મારે છે. વિકલાંગ બાળકો સહિત તમામ બાળકોને આ શાળામાં દાખલ થવા માટે સમાન તક છે. જો કે, વિકલાંગતા ધરાવતાં બાળકોએ શાળામાં પ્રવેશ માટે વિકલાંગતાનું પ્રમાણપત્ર રજૂ કરવું પડે છે. એ બાળકોને જાજરૂ જતાં આવડવું જરૂરી છે. ઉપરાંત, સામાન્ય મંદ બુદ્ધિ ધરાવતાં બાળકો તથા મંદ સેરિબ્રલ પાલ્સી ધરાવતાં બાળકો અને સામાન્ય રીતે ઓછી શ્રવણ શક્તિ ધરાવતાં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે.

## રોજગારી

### ૧) માઈક્રોસાઈન પ્રોડક્ટ્સ, ભાવનગરઃ

ભાવનગરની માઈક્રોસાઈન પ્રોડક્ટ્સ એક ખાનગી ક્ષેત્રની કંપની છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામે રાખીને તેણે સ્વૈચ્છિક ધોરણે સુંદર પ્રયાસ કર્યો છે. આ કંપનીમાં લગભગ ૮૦ ટકા કામદારો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ છે. એક વ્યક્તિના આ સાહસનું પરિણામ એ આવ્યું છે કે કંપનીએ તેના કામદારોની ક્ષમતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું છે. તે બહેરાશ ધરાવતી વ્યક્તિઓ અને હાડકાની દૃષ્ટિએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામે રાખે છે. આમ કરીને તેણે અકુશળ અથવા ખૂબ ઓછી કુશળતા ધરાવતી વિકલાંગ વ્યક્તિઓને રોજગારીની તકો પૂરી પાડી છે. ઉપરાંત, જેમને તેમના પરિવારો અથવા સમુદાયોએ  ધિક્કાર્યા હતા એવા લોકો માટે આ કંપનીએ રોજગારીની તકોનું સર્જન કર્યું છે. માઈક્રોસાઈન

**અમદાવાદના અંધજન મંડળના રોજગાર ક્ષેત્રે સમાવેશી પ્રયોગનાં મહત્ત્વનાં લક્ષણો**

૧) જાહેર અને ખાનગી ક્ષેત્રમાં રોજગારી અને સ્વ-રોજગારી માટે વિવિધ તકો ઊભી કરવામાં આવી.
૨) વિવિધ પ્રકારની વિકલાંગતાઓ ધરાવતી વ્યક્તિઓ માટે રોજગારીની તકો ઊભી કરવામાં આવી.
૩) સામાન્ય રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને જે પરંપરાગત કામો મળતાં હોય છે તેના કરતાં જુદાં જ કામ હવે મળે છે. આ બાબત તેમની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ઉપર આધાર રાખે છે.
૪) જાહેર ક્ષેત્રની કંપનીઓ કર્મચારીઓ તરીકે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામે રાખે તે માટે તેમની સાથે સંપર્કો ઊભા કરવામાં આવ્યા છે.
૫) સરકારી સંસ્થાઓમાં પણ પગપેસારો કરવામાં આવ્યો છે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમાં કરારી ધોરણે નોકરીઓ પ્રાપ્ત કરે છે.
૬) ખાનગી વ્યક્તિગત દાતાઓને દાન આપવાને બદલે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામે રાખવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.
૭) રોજગારીમાં વિકલાંગતા ધરાવતી મહિલાઓને સમાન ધોરણે પ્રોત્સાહન આપવામાં આવે છે.

કંપની પોતાના કર્મચારીઓની સામાજિક સલામતીની જરૂરિયાતો પૂરી પાડે છે અને એ રીતે કુટુંબ જેવો આધાર પૂરો પાડે છે.

**૨) અમદાવાદના અંધજન મંડળનો રોજગાર વિભાગઃ**

અમદાવાદના અંધજન મંડળ દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે એક રોજગાર વિભાગ ચલાવવામાં આવે છે. તે જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રમાં વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારીની અને સ્વરોજગારીની વિવિધ તકો પણ પૂરી પાડે છે. તેમાં વિકલાંગતા ધરાવતી મહિલાઓ માટે રોજગારી સર્જન ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અમુક જ પ્રકારનું કામ મળે તેવા રાબેતામાંથી બહાર નીકળીને તકોનું સર્જન કરવાનો તે પ્રયત્ન કરે છે. જુદી જુદી શૈક્ષણિક લાયકાતો અને અનુભવને આધારે તેમને રોજગારી મળે તેવો પ્રયત્ન પણ તેમાં કરવામાં આવે છે.

અંધજન મંડળ જાહેર ક્ષેત્રની કંપનીઓ સાથે સંપર્ક ઊભો કરે છે અને સંબંધો બાંધે છે કે જેથી તેમને કામદારો તરીકે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ભરતી કરવા માટે પ્રોત્સાહન આપી શકાય. તેણે સરકારી સંસ્થાઓમાં પણ ખાસ્સો પગપેસારો કર્યો છે. જો કે, તેમાં માત્ર કરાર ઉપર જ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નોકરીએ રાખવામાં આવે છે. અંધજન મંડળ ખાનગી અને વ્યક્તિગત દાતાઓ તેને દાન આપે તેના બદલે તેઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામ રાખે તે બાબતને પણ પ્રોત્સાહન આપે છે.

**૩) એડેપ્ટ દ્વારા રોજગાર માટે ટેકારૂપ સેવાઓઃ**

એબલ્ડ ડિસેબલ્ડ ઓલ પીપલ ટુગેધર (એડેપ્ટ), મુંબઈ સંસ્થા અગાઉ સ્પાસ્ટિક્સ સોસાયટી ઓફ ઈન્ડિયા તરીકે જાણીતી હતી. આ સંસ્થા રોજગાર સાથે સંબંધિત એવી ટેકારૂપ સેવાઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પૂરી પાડે છે. દા.ત., આકલન, સંદર્ભ સેવા, સલાહ, નોકરીની પ્રાપ્તિ માટે સહાય અને નોકરી મળી ગયા પછીના તબક્કામાં તાલીમ વગેરે. તે શિક્ષણ અને તાલીમ પણ પૂરાં પાડે છે. દા.ત. ટેક્નિકલ કે વ્યાવસાયિક તાલીમ, વ્યાવસાયિક માર્ગદર્શન કાર્યક્રમ વગેરે. વિકલાંગ બાળકો માટેની વિશિષ્ટ શાળાઓના વિદ્યાર્થીઓ માટે એક વર્ષનો બ્રિજ કોર્સ વ્યાવસાયિક તાલીમ માટે તેમને તૈયાર કરવા ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમમાં કાર્યગત શૈક્ષણિક બાબતો, રોજિંદા જીવનનાં કૌશલ્યો, વિવિધ કાર્યકુશળતાઓ અને મનોરંજન પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. એડેપ્ટ સંસ્થા તેના નેશનલ જોબ ડેવલપમેન્ટ સેન્ટરના એક્ટિવિટી સેન્ટર અને નારીકા શક્તિ દ્વારા સ્વરોજગારી, સાહસિકતાનું કૌશલ્ય અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તથા વિકલાંગતા ધરાવતાં બાળકોની માતાઓ માટે આવક સર્જનને પ્રોત્સાહન આપે છે.

**૪) ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ, મુંબઈ**

ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) જાહેર ક્ષેત્રની એક અગ્રણી કંપની છે. તે પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ), ઊંજણ જેવી પેટ્રોલિયમ પેદાશોનું ઉત્પાદન અને વિતરણ કરે છે. આ ઉપરાંત, તે ઘણી ઔદ્યોગિક વસ્તુઓ, પેટ્રો રસાયણો અને ઔદ્યોગિક દ્રાવણો પણ ઉત્પન્ન કરે છે અને વેચે છે. તેનું વિતરણનું નેટવર્ક ઘણું મોટું છે.

જાહેર ક્ષેત્રની તમામ સંસ્થાઓની જેમ આ કંપની પણ વિકલાંગ વ્યક્તિ ધારા-૧૯૯૫નો અમલ કરે છે અને તે પોતાને ત્યાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ૩ ટકા નોકરીઓ અનામત રાખે છે. અત્યારે તેના કર્મચારીઓની સંખ્યા ૧૩૯૨૮ છે અને તેમાં ૨૧૮ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ છે. અને તેમાં ૪૫ વ્યક્તિઓ સંચાલક શ્રેણીની છે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના સમાવેશી રોજગારીના જે પ્રયાસો ઉદાહરણીય છે તે તો તેનાં સંગઠનાત્મક

ધોરણો અને કાર્યશૈલીનાં ધોરણો છે કે જે તેને અન્ય કંપનીઓ કરતાં જુદી પાડે છે. કંપનીએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે કામનું પ્રોત્સાહક પર્યાવરણ ઊભું કર્યું છે. જો કે, આંતરિક પરિવર્તનો આવ્યાં હોવા છતાં પણ તેની સંગઠનાત્મક કાર્ય શૈલી જાળવી રાખવામાં આવી હતી અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશને પ્રોત્સાહન આપવાની નીતિ પણ જાળવી રાખવામાં આવી હતી. ભરતી, તાલીમ અને મૂલ્યાંકન તથા માનવ સંસાધન સંચાલન અંગેની તેની નીતિઓ પરથી તથા તેના કામદારોની કામની રોજિંદી સ્થિતિ પરથી આ બાબત સ્પષ્ટ થાય છે.

કેમ્પસ ઉપરથી ભરતી કરવામાં આવે છે ત્યારે પસંદગી બોર્ડ સામે વિકલાંગતા ધરાવતી વ્યક્તિ આવે છે ત્યારે તેમની પસંદગી માટે સમાન તકો ઊભી કરવા માટે વિશેષ પ્રયાસો કરવામાં આવે છે. આ માટે તેમને વાજબી વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવે છે. જૂથ ચર્ચામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિ અનેક કારણોસર ભાગીદાર થવાનું મુશ્કેલ અનુભવતી હોય ત્યારે ઘણી વાર તેમાંથી તેને માફી આપવામાં આવે છે અને તેને સીધી જ રૂબરૂ મુલાકાત માટે નિમંત્રવામાં આવે છે. કંપની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ભરતી માટે ખાસ ઝુંબેશ પણ હાથ ધરે છે.

દા.ત. લેખિત પરીક્ષા દરમ્યાન એ ધ્યાનમાં રાખવામાં આવે છે કે તે મકાનના ભોંયતળિયે યોજવામાં આવે. તમામ ખંડો પણ પૂરતા હવા-ઉજાસવાળા હોય તેની કાળજી રાખવામાં આવે છે અને જ્યાં જરૂરી હોય ત્યાં પરીક્ષામાં લેખન માટે ટેકો પણ પૂરો પાડવામાં આવે છે. પરિણામે સહભાગી થનારા વિદ્યાર્થીઓને કંપની જોવા માટે ઉત્સાહ ઊભો થાય છે. ઘણી વાર પસંદ કરાયેલા કર્મચારીઓને વધારે આકર્ષક ઓફર આપીને બીપીસીએલ પસંદ કરવા માટે પણ પ્રેરણા આપવામાં આવે છે. આ બાબત પોતાના કર્મચારીઓ પ્રત્યેની કંપનીની પ્રતિબદ્ધતા છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિને કંપનીમાં નોકરી અપાય તે પછી પણ તેને વિશેષ ટેકો પૂરો પાડવામાં આવે છે. ખાસ કરીને ઘર ફાળવવાની બાબતમાં કે ઘરની હંગામી વ્યવસ્થામાં આ ટેકો પૂરો પાડવામાં આવે છે. પ્રાથમિકતાના ધોરણે ઘરની ફાળવણી માટે જે યાદી બનાવવામાં આવી હોય છે તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સંદર્ભમાં અવગણવામાં આવે છે.

ખાસ કરીને તેઓ જ્યારે નવા શહેરમાં જતા હોય છે ત્યારે આ બાબતનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. જ્યારે નવી ભરતી થાય છે ત્યારે કંપનીના વિવિધ વ્યૂહાત્મક ધંધાકીય એકમો વિશેની અને ખાસ કરીને તેનાં સ્થળો તથા રિફાઈનરીઓની માહિતી આપવામાં આવે છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને માટે રિફાઈનરીમાં તેમણે ઓછો સમય વિતાવવો પડે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવે છે. તેઓ જે સામગ્રી સાથે કામ કરે છે તે ઘણી જોખમી હોઈ શકે છે. તેથી વ્યાવસાયિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ બાબત ગોઠવવામાં આવતી હોય છે. સામાન્ય રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ઓફિસોમાં નોકરી આપવામાં આવે છે. તેઓ મોટે ભાગે નાણાં, માનવ સંસાધનો, માહિતી ટેક્નોલોજી અને વેચાણ વિભાગમાં કામ કરે છે. ખાસ કિસ્સામાં એ જ વિભાગમાં કામ એવી રીતે ગોઠવવામાં આવે છે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિ તેની રુચિ અને તેની શક્તિ અનુસાર કામગીરી કરી શકે છે અને છતાં તેની કારકિર્દીના વિકાસમાં કોઈ બાધા ઊભી ન થાય.

### ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના રોજગાર ક્ષેત્રે સમાવેશી પ્રયોગનાં લક્ષણો

૧) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની કેમ્પસ-આધારિત ભરતી કરવા માટે ભરતી અને પસંદગીની સમગ્ર પ્રક્રિયા બદલી નાખી છે.
૨) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ભરતી માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવે છે અને પરીક્ષા માટેનાં તમામ કેન્દ્રો ઉપર પહોંચ માટે વિશેષ પ્રયાસો કરવામાં આવે છે.
૩) કામના સ્થળે કર્મચારીઓને આસાનીથી મળી શકે તેવો ટેક્નોલોજિકલ ટેકો પૂરો પાડવામાં આવે છે.
૪) જ્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું કામનું સ્થળ બદલાય ત્યારે ઘર ફાળવવામાં તેમને પ્રાથમિકતા આપવામાં આવે છે.
૫) કામની પરિસ્થિતિ ટેકારૂપ હોય છે. જરૂરી સાધનો પૂરાં પાડવામાં આવે છે, કામની પ્રક્રિયા એમને અનુકૂળ આવે તે રીતે ગોઠવવામાં આવે છે અને જ્યાં જરૂરી હોય ત્યાં સહયોગ પૂરો પાડવામાં આવે છે.
૬) કારકિર્દીના વિકાસમાં પોતાના પ્રત્યે કોઈ ભેદભાવ આચરવામાં આવતો હોય એવું વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ કહ્યું ન હતું.
૭) કંપનીમાં અવરોધમુક્ત પર્યાવરણ ઊભું કરવા માટેની કામગીરી ચાલી રહી છે.

પહોંચના સંદર્ભમાં કંપનીએ એમ જણાવ્યું કે આ ક્ષેત્રે આત્યારે કામ ચાલી રહ્યું છે. જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં ઢાળ બાંધવામાં આવી રહ્યા છે. લિફ્ટમાં અવાજ દ્વારા સૂચનાઓ આપવામાં આવે છે અને બ્રેઈલ નિશાનીઓ પણ મૂકવામાં આવી છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે જાજરૂમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવ્યા છે



*તા.૮.૭.૨૦૧૧ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલી વિમર્શ સભા*

અને દરેક જગ્યાએ નિસરણીમાં બંને બાજુ કઠેડા મૂકવામાં આવ્યા છે. રિફાઈનરી અને અન્ય જગ્યાઓની આ બાબતો મુશ્કેલ બની છે ત્યારે કંપનીએ તેલ ઉદ્યોગનાં સુરક્ષાનાં ધોરણોનું પાલન કરવાની જરૂર છે. કોઈક કટોકટીની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ખસેડવા માટે તમામ સલામતી કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે. અવારનવાર સુરક્ષા માટે સૂચનાઓ આપવામાં આવે છે અને અખતરાઓ કરવામાં આવે છે.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ભરતીની પ્રક્રિયા, ઘરની ફાળવણી, નોકરીના આરંભની પ્રક્રિયા, કામની ગોઠવણી કે અન્ય બાબતો માટેનાં ધોરણો કે નિયમોને લેખિત સ્વરૂપ આપવાની કોઈ જરૂર ઉપરી સંચાલકો જોતા નથી. સૌને માટે કામનું પર્યાવરણ સાનુકૂળ બની રહે તે માટે તેઓ શીખવા મળેલી વર્તનલક્ષી બાબતો ઉપર જ આધાર રાખે છે.

## ભાવિ માટેની દિશા

સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેનો ઠરાવ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો સિદ્ધ કરવા માટે દૃષ્ટિ પૂરી પાડે છે અને માર્ગદર્શક સિદ્ધાંતો આપે છે. આ અહેવાલમાં જે કેસ સ્ટડીઝનો સમાવેશ કરવામાં આવ્યો છે તે કાર્યક્રમો ચાલુ છે અને તેમની સામે ભારતમાં ગરીબી પ્રવર્તતી હોવાને લીધે અનેક પડકારો ઊભા થઈ રહ્યા છે. ઉપરોક્ત પ્રયાસો સભાનપણે સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેના ઠરાવની જોગવાઈઓના સંદર્ભમાં કરવામાં આવ્યા છે તેવું નથી. રોજગારીના કિસ્સામાં તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારા-૧૯૯૫ અને શિક્ષણના કિસ્સામાં શિક્ષણના અધિકાર ધારા-૨૦૦૯થી પ્રેરણા પામીને આ પ્રયાસો કરવામાં આવ્યા છે. જો કે, સમાવેશી રીતો કેવી રીતે અપનાવી શકાય તેને માટેના રસ્તા આ ઉદાહરણો આપે છે. આ એક પૂરતું પ્રોત્સાહક પરિણામ છે. સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેના ઠરાવના સિદ્ધાંતો મહદ્ અંશે વ્યવહારમાં મૂકી શકાય તે માટે વર્તમાન કાર્યક્રમોમાં વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને છોકરીઓના સમાવેશને પ્રોત્સાહન આપવું જરૂરી છે. ઉપરાંત, જે પર્યાવરણ અને માહિતી અત્યારે પ્રાપ્ય છે તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સુધી પહોંચે તે માટેના પ્રયાસો સઘન બનાવવાની જરૂર છે. આ સિદ્ધાંતોનો અમલ વ્યવહારમાં કરવા માટે તથા જીવનનાં તમામ ક્ષેત્રોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સંપૂર્ણ અને અસરકારક સહભાગિતા ઊભી કરવા માટે વર્તમાન અવરોધ દૂર કરવા સમાવેશી રીતોના આ પ્રયાસોનું દસ્તાવેજીકરણ કરવાની અને સતત સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેનો ઠરાવના સંદર્ભમાં તેમને તપાસવાની જરૂર છે.

સરકાર, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના પરિવારો, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં સંગઠનો, નાગરિક સમાજ, શિક્ષણ ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્ર જેવા વિવિધ હિતધારકો વચ્ચે સ્થાનિક સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નડતા અવરોધો દૂર કરવા માટે તથા તેમની શક્તિઓનો વિકાસ કરવા માટે સતત પ્રચાર-પ્રસાર અને સંવાદની જરૂર છે.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશ માટે જે પડકારો ઊભા થઈ રહ્યા છે તે આ કેસ સ્ટડીઝમાંથી વ્યક્ત થાય છે. સંયુક્ત રાષ્ટ્રોના ઉપરોક્ત ઠરાવની મહત્ત્વની જોગવાઈઓના સંદર્ભમાં માત્ર અમુક પડકારોના સંદર્ભમાં જ વધુ સંવાદની જરૂર છે એવું છે નથી. પરંતુ ખાસ કરીને ભારતના સંદર્ભમાં અમુક નિશ્ચિત જોગવાઈઓના હેતુઓના સંદર્ભમાં પણ વધારે સંવાદની જરૂર છે. દા.ત. ઓછી કુશળતા ધરાવતા લોકોના ખૂબ જ ઓછા પ્રમાણમાં જેનું નિયમન કરવામાં આવે છે એવા શ્રમ બજારમાં નોકરીની સલામતી ખૂબ જ ઓછા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે અને કામ સંબંધી લાભો પણ ઓછા પ્રાપ્ત થાય છે. તેનું કારણ એ છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સહિત તમામ કામદારો માટે કામ, કામનું સ્થળ અને કામની સ્થિતિ વિષે પસંદગી કરવાની તક ખૂબ જ ઓછી હોય છે. કામદારોને પ્રાપ્ય પસંદગીઓ વિસ્તારવામાં જે મોટા પડકારો છે તેમનું મહત્ત્વ ઓછું છે એવું નથી. પરંતુ તેમને વધારે સારી રીતે સમજવાની જરૂર છે.

વિકલાંગતા ધરાવતા કામદારોની ક્ષમતાનું નિર્માણ થાય તે માટે પ્રયાસો કરવાની જરૂર છે કે જેથી તેઓ સમાન કામ માટે સમાન વેતનનો આગ્રહ રાખી શકે, સરકાર પાસેથી સબસિડી અને પ્રોત્સાહનો

પ્રાપ્ત કરી શકે તથા વધારે સારું નિયમન થઈ શકે અને તેમના અધિકારોનું રક્ષણ થઈ શકે.

**૧. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોના રક્ષણ અને પ્રોત્સાહન માટે ક્ષમતા નિર્માણ**

ભારતમાં વિવિધ હિતધારકોના પ્રયાસો છતાં વિકલાંગતા સંબંધી બાબતો સખાવતી અને કલ્યાણ આધારિત બાબત બની રહી છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે તેમની તાકાત પિછાણે એ મહત્ત્વનું છે. તેમણે સીમાંતીકરણની વ્યવસ્થાઓ સામે પડકાર ફેંકવાનો છે, ટેકારૂપ કાયદાઓ અને જાહેર નીતિઓને સમજવાનાં છે, તેમના અધિકારો માટે સ્થાનિક સ્તરે તેમણે પોતે જ લડત આપવાની છે.

દા.ત. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારીમાં ઓછો પગાર આપવામાં આવે છે, કરાર દ્વારા નોકરી અપાય છે, કામના કે સામાજિક સલામતીના કોઈ લાભ તેમને મળતા નથી અને વધુ કલાકો માટે તેમણે કામ કરવું પડે છે. રાજકીય અર્થતંત્રમાં નવ-ઉદારમતવાદી વૈશ્વિકીકરણના વધતા પ્રભાવને કારણે આ બાબત સામાન્ય થઈ પડી છે, પણ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે તે વધારે ખતરનાક બને છે. તેથી સ્થાનિક સ્તરે અને ખાસ કરીને ગ્રામ વિસ્તારોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વિષે વ્યાપક અને ઊંડી સમજ ઊભી થાય તે જરૂરી છે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પોતે જ પોતાના અધિકારો માટે લડત ઉપાડી શકે.

**૨. માહિતીની પ્રાપ્તિ અને સાનુકૂળ પર્યાવરણ**

માહિતી અને સાનુકૂળ પર્યાવરણની પ્રાપ્તિ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની અસરકારક સહભાગિતા માટે પૂર્વશરત છે. જો કે, અનેક પ્રકારના અવરોધો તેમને ઔપચારિક શિક્ષણ, રોજગારી, સામાજિક સલામતી વગેરે મેળવવામાં મર્યાદાઓ ઊભી કરે છે અને એ રીતે વ્યાપક સહભાગિતા ઊભી કરવા આડે અવરોધ ઊભો કરે છે. જીવનની ગુણવત્તા સુધારવા માટે અને પાયાની સામાજિક સલામતીની સેવાઓ પ્રાપ્ત કરવા માટે પર્યાવરણ સક્ષમતા ઊભી કરનારું હોય એ જરૂરી છે. અન્ય હિતધારકોએ પણ માહિતી પ્રાપ્ય બનાવીને વાજબી વ્યવસ્થા ઊભી કરવા માટે સઘન પ્રયાસો કરવા જોઈએ. માહિતી સમજી શકાય તેવા સ્વરૂપે હોવી જોઈએ અને વર્તમાન પર્યાવરણમાં જે અવરોધો હોય તે દૂર કરવા જોઈએ. આ કાર્ય અત્યારે ચાલી રહ્યું છે પરંતુ ઘણા કિસ્સામાં સહાયક સાધનો અને ટેક્નોલોજીની પ્રાપ્તિ અને એ રીતે જ્ઞાનની પ્રાપ્તિ વર્ગ, જાતિ, ગ્રામીણ અને શહેરી તફાવત વગેરે ઉપર આધાર રાખે છે એ એક હકીકત છે. આ રીતે પહોંચનો પ્રશ્ન શહેરી વિસ્તારોમાંથી બહાર કાઢીને નાનાં નગરો અને ગામડાંઓ સુધી લઈ જવાની જરૂર છે કે જેથી ત્યાં રહેનારી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પણ સેવાઓ પ્રાપ્ત કરી શકે.

**૩. કામ અને રોજગારીની શરતો ન્યાયી અને સક્ષમતાજનક હોવી જોઈએ**

વૈશ્વિકીકરણના સંદર્ભમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કરારી ધોરણે સામાજિક સલામતીના કોઈ પણ લાભ આપ્યા વિના સસ્તા મજૂર તરીકે સમાવવામાં આવે એવી સંપૂર્ણ શક્યતાઓ છે. તેને પરિણામે વિકલાંગતા ધરાવતી મહિલાઓને તેની વધારે તીવ્ર અસર થાય એમ પણ બને. તેથી વિકલાંગતાના સંદર્ભમાં મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ એવી ટેકારૂપ વ્યવસ્થાઓ ઊભી કરવી જોઈએ અને તે વ્યવહારમાં મૂકવી જોઈએ. જે તે સંગઠનના નીતિ વિષયક દસ્તાવેજોમાં તેનું પ્રતિબિંબ પડવું જોઈએ અને તેને વ્યાપકપણે પ્રસિદ્ધિ અપાવી જોઈએ કે જેથી અન્ય સંગઠનોમાં પણ તે સ્વીકારાય.

**૪. મોટા પાયા પર સમાવેશ માટેના પ્રયાસો**

સમાવેશ માટેના પ્રયાસો મોટે ભાગે છૂટાછવાયા દેખાય છે. સમાવેશી રીતોનું દસ્તાવેજીકરણ થાય અને તેમનો પ્રચાર-પ્રસાર થાય તો વિવિધ હિતધારકો વચ્ચે સંવાદ ઊભો થાય અને સંવેદનશીલતા ઊભી થાય તથા આવી રહેલા પડકારો ઓળખી શકાય. જાહેર ક્ષેત્ર ઝડપથી સંકોચાઈ રહ્યું છે અને ખાનગીકરણ વધી રહ્યું છે તેવા સંજોગોમાં રોજગારીના ક્ષેત્રે અને ઔપચારિક શિક્ષણમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સહભાગિતા વધે અને તેનું રક્ષણ થાય એ જરૂરી છે. આ રીતે આ પ્રકારનો કાર્યક્રમ વધારે ઉપયોગી બને છે. સાથે સાથે શિક્ષકો, ખાનગી કંપનીઓના માનવ સંસાધન વિભાગના લોકો અને બીજાઓ સાથે સંવાદ ઊભો થાય એ જરૂરી છે કે જેથી વાજબી વ્યવસ્થાઓ ઊભી થાય અને સમાવેશી રીતોને પ્રોત્સાહન પ્રાપ્ત થાય.

**૫. વિકલાંગતાના દૃષ્ટિકોણથી સંશોધન માટેની કાર્યસૂચિ ઊભી કરવી**

સમાવેશી રીતોના અનુભવો અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં સંગઠનો અને તેમના કાર્યક્રમો વિષે પદ્ધતિસર સંશોધન કરવાની જરૂર છે. ગ્રામ વિસ્તારોના વિકલાંગ લોકો, વિકલાંગ મહિલાઓ અને વિકલાંગતા ધરાવતાં બાળકો ઉપર વિશેષ ભાર મૂકવાની જરૂર છે. સંશોધનનાં તારણોથી વિકલાંગતા વિષેના સિદ્ધાંતો અને વ્યવહારો ઊભા થાય. સંશોધન માટેની કાર્યસૂચિ ઉત્થાનપ્રેરક હોય અને તેનો અંતિમ હેતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જીવનમાં કંઈક તફાવત ઊભો કરવાનો હોય. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ પણ સંશોધનની પ્રક્રિયા ઉપર એટલો જ અંકુશ ધરાવવો જોઈએ, એટલે કે તેમણે જ સંશોધનની કાર્યસૂચિ નક્કી કરવી જોઈએ, માહિતીનું એકત્રીકરણ અને વિશ્લેષણ કેવી રીતે થશે તે નક્કી કરવું જોઈએ અને સૂચિત પગલાં નક્કી કરવાં જોઈએ.

# દિલ્લીમાં મેટ્રો રેલ અને બસ વ્યવસ્થામાં પહોંચક્ષમતા

લાખો લોકો રોજ જ્યારે ભારત જેવા દેશમાં જાહેર પરિવહન વ્યવસ્થાનો ઉપયોગ કરતા હોય ત્યારે આ પરિવહન વ્યવસ્થા તમામ લોકો અને ખાસ કરીને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પહોંચક્ષમ હોવી જોઈએ. આ સંદર્ભમાં ભારતના પાટનગર દિલ્લીમાં બસ વ્યવસ્થા અને મેટ્રો રેલ વ્યવસ્થા કેવી રીતે પહોંચક્ષમ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તેને વિશેની વિગતો આ લેખમાં નવી દિલ્લીના નેશનલ સેન્ટર ફોર એક્સેસિબલ એન્વાયર્ન્મેન્ટ્સ, સામર્થ્યમના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર **સુશ્રી અંજલિ અગ્રવાલ** દ્વારા આપવામાં આવી છે.

**પ્રસ્તાવના**

પરિવહનની વ્યવસ્થા પહોંચક્ષમ ન હોય તો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને ઓછું હલનચલન કરનારી વ્યક્તિઓ આસાનીથી હરીફરી શકતી નથી અને તેને પરિણામે સમાન સહભાગિતાનો તેમનો અધિકાર ઝૂંટવાઈ જાય છે. વિકલાંગતા ધરાવતી દરેક વ્યક્તિને સ્વતંત્રતા અને ગૌરવ સાથે પ્રવાસ કરવાનો અને જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનો અધિકાર છે.

તેને વિકલાંગતા કે સક્ષમતાના સંદર્ભમાં જોવો જોઈએ નહિ. તમામ નાગરિકોનો એ મૂળભૂત અધિકાર ગણાવો જોઈએ. એનું કારણ એ છે કે પ્રવાસ રોજેરોજની શિક્ષણ, રોજગારી, આરોગ્ય, મનોરંજન વગેરે અનેક પ્રકારની જરૂરિયાતો માટે આવશ્યક બાબત છે. મનુષ્યો વચ્ચે સંચાર અને સામસામી વાતચીત માટે પણ પરિવહન અનિવાર્ય છે. રાષ્ટ્રના આર્થિક વિકાસમાં પરિવહન ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

ખૂબ જ મોટી સંખ્યામાં લોકો શારીરિક કે ચેતાતંત્રની વિકલાંગતા ધરાવે છે અને આરોગ્યની સમસ્યાઓના કારણે પણ અનેક લોકોનું હલનચલન ઘટી જાય છે. શ્વાસોશ્વાસની સમસ્યાઓ, હૃદયની બીમારીઓ, સાંધાની સમસ્યાઓ, થોડા સમયની બીમારીઓ અનેક લોકોને નડે છે અને તેમનું પરિવહન મુશ્કેલ બની જાય છે. એ જ રીતે વરિષ્ઠ નાગરિકો, સગર્ભા સ્ત્રીઓ, નાનાં બાળકો, ભારે સામાન લઈ જતા લોકો વગેરે લોકોને માટે પણ પરિવહન મુશ્કેલ બનતું હોય છે. મોટે ભાગે આ લોકો સમાજના નિમ્ન અને મધ્યમ આવક જૂથના લોકો હોય છે તેથી તેઓ ટેક્ષી કે રિક્ષા જેવાં ખાનગી વાહનો ભાડે કરવાની ક્ષમતા ધરાવતા નથી. તેમ જ તેઓ પોતે પોતાનું વાહન ખરીદી શકતા નથી. પરિણામે તેમણે જાહેર પરિવહન ઉપર આધાર રાખવો પડતો હોય છે.

અત્યારે જાહેર પરિવહનની જે વ્યવસ્થા ભારતમાં ગોઠવાઈ છે તેમાં સંખ્યાબંધ અવરોધો છે. જાહેર પરિવહન વ્યવસ્થાનાં વાહનો, વાહન થોભાવવાનાં સ્થળો અને પરિવહન વ્યવસ્થાની કામગીરી બધું જ એવું છે કે જેથી તેમનો ઉપયોગ કરવાનું લગભગ અશક્ય બની જાય છે. તેને પરિણામે લોકોને થાક લાગે છે, શિક્ષણ અને રોજગારીની તકો નિયંત્રિત બને છે અને તેથી હતાશા જન્મે છે. તેને લીધે સ્થાનાંતરણની સ્વતંત્રતા, સમાન સહભાગિતા અને આરોગ્ય તથા અન્ય સામાજિક સેવાઓની પ્રાપ્તિ અંગેના અધિકારો ભોગવવામાં અવરોધ ઊભો થાય છે.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારા - ૧૯૯૫ની કલમ-૪૪થી ૪૬ સ્પષ્ટપણે એમ જણાવે છે કે પરિવહન અને બાંધકામ ધરાવતા પર્યાવરણમાં કોઈ ભેદભાવ ઊભો થવો જોઈએ નહિ. આ સંદર્ભમાં ભારતના પાટનગર દિલ્લીમાં પરિવહનની વ્યવસ્થા કેવી રીતે વિકલાંગ વ્યક્તિઓ માટે પહોંચક્ષમ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તે બાબત મહત્ત્વની બને છે. તેના કેટલાક મુદ્દાઓ અહીં આપણે જોઈએઃ

## દિલ્લી મેટ્રો રેલ કોર્પોરેશન

દિલ્લી મેટ્રો રેલ કોર્પોરેશનની ડિઝાઈન સાર્વત્રિક અને સમાવેશ છે અને તેથી તે સૌને માટે પહોંચક્ષમ છે. જ્યારે મેટ્રો રેલનું આયોજન થઈ રહ્યું હતું ત્યારે જુદી જુદી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની પહોંચની જરૂરિયાતોનો સમાવેશ તેમાં કરવાનું વિચારવામાં આવ્યું હતું.

'સામર્થ્યમ' દ્વારા મેટ્રો રેલનો સંપર્ક સાધીને ૧૯૯૫ના કાયદા અનુસાર તમામ મેટ્રો સ્ટેશનો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પહોંચક્ષમ બને તેવો પ્રયાસ કરવા વિનંતી કરવામાં આવી હતી. જ્યારે એક સ્ટેશન બંધાઈ રહ્યું હતું ત્યારે પહોંચનું ઓડિટ પણ કરવામાં આવ્યું હતું. સ્ટેશનમાં તમામ પ્રકારની વ્યવસ્થાઓ વિકલાંગો માટે અનુકૂળ હોય તે પ્રકારની કરવા માટે વિચારવામાં આવ્યું હતું. સ્ટેશનના પ્રવેશ દ્વાર, ટિકિટ બારી, લિફ્ટ, નિસરણી, પ્લેટફોર્મ, શૌચાલય

વગેરે સુવિધાઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પહોંચક્ષમ બને તે ઉપર ધ્યાન રાખવામાં આવ્યું હતું. 'સામાર્થ્યમ' દ્વારા આ અંગે સૂચનો કરવામાં આવ્યા હતાં. આ રીતે મેટ્રો રેલ દિલ્લીમાં અવરોધમુક્ત બની હતી. તેનું ઉદ્‌ઘાટન તા. ૨૪.૧૨. ૨૦૦૨ના રોજ કરવામાં આવ્યું હતું.




દિલ્લી મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા આ રીતે સાર્વત્રિક અને સમાવેશી ડિઝાઈનનું એક ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે અલગ પાર્કિંગ વ્યવસ્થા, કઠેડા સાથે ઢાળ, અંધ વ્યક્તિઓ માટે ચેતવણીરૂપ પટ્ટીઓ, લિફ્ટમાં બ્રેઈલ લિપિનો ઉપયોગ, વરિષ્ઠ નાગરિકો અને વિકલાંગો માટે આરામ કરવા માટેની જગ્યાઓ વગેરે વ્યવસ્થાઓ મેટ્રો રેલ સ્ટેશનો ઉપર કરવામાં આવી છે. ટ્રેનના ડબ્બામાં વ્હીલચેરનો ઉપયોગ કરનારા માટે જગ્યા, લાઉડ સ્પીકર દ્વારા સૂચનાઓ આપવાની વ્યવસ્થા અને આપોઆપ બંધ થતા દરવાજામાં સેન્સરની વ્યવસ્થા વગેરે બાબતો પણ નોંધપાત્ર છે.

## માર્ગ પરિવહન

દિલ્લીમાં દિલ્લી પરિવહન નિગમ (ડીટીસી) દ્વારા બસો ચલાવવામાં આવે છે અને હજારો લોકો રોજ જુદાં જુદાં સ્થળોએ પહોંચવા માટે તેનો ઉપયોગ કરે છે. પરંતુ ઓછી હલનચલન ક્ષમતા ધરાવતા લોકો અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ આ બસોનો ઉપયોગ કરી શકતી નથી.

તેનું કારણ એ છે કે બસ સ્ટોપની જાળવણી બરાબર થતી નથી, બસના પ્રથમ પગથિયાં અને જમીન વચ્ચેનું અંતર ઘણું વધારે હોય છે, બસમાં બેસવા માટે પણ બસ સ્ટોપ પરથી ખાસ્સું ચાલવું પડે છે. બસ ચડવાનું અને ઉતરવાનું પણ ઘણું મુશ્કેલ અને અસલામત હોય છે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ બીજા કોઈની સહાય વિના તો એ કરી શકતા હોતા જ નથી.

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના મુખ્ય વિકલાંગતા કમિશનરે ડીટીસી, રાજ્ય પરિવહન સત્તામંડળ અને સામાર્થ્યમની બનેલી એક સમિતિની રચના કરી. આ સમિતિએ ટીડીસીની બસો વિકલાંગ વ્યક્તિઓ માટે કેવી રીતે પહોંચક્ષમ બને તે માટે વિવિધ વિકલ્પો વિચારવાનું કામ કરવાનું હતું. જો કે, ડીટીસી અને રાજ્ય પરિવહન સત્તામંડળ દ્વારા ટેક્નિકલ કારણો બતાવીને એ કાર્ય અશક્ય હોવાનું જણાવવામાં આવ્યું.

સામર્થ્યમ દ્વારા એવું સૂચન કરવામાં આવ્યું કે બસના પ્રથમ પગથિયા અને જમીન વચ્ચેનું અંતર ઘટાડવા માટે બસ સ્ટોપને ઊંચું બનાવવામાં આવે. આ સૂચન સ્વીકારવામાં આવ્યું અને તાતાની ટેલ્કો કંપનીને બસનું ઉત્પાદન કરવામાં નીચા પગથિયાવાળી બસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરવામાં આવી. બસની ડિઝાઈન બદલવામાં આવી. બસમાં પ્રવેશવા માટે અને ઉતરવા માટે પાછળ દરવાજો અપાયો, ઢાળ અપાયો વગેરે.

દિલ્લીમાં બીઆરટીએસ વ્યવસ્થા પણ દાખલ કરવાનું વિચારવામાં આવી રહ્યું હતું ત્યારે ફેબ્રુઆરી ૨૦૦૩માં બસના ઉત્પાદકો, પરિવહન સત્તાવાળાઓ, રસ્તા અને બસની ડિઝાઈનના નિષ્ણાતો અને સામર્થ્યમ વગેરેએ સૌને માટે બસની વ્યવસ્થા પહોંચક્ષમ બને તે માટે ચર્ચા-વિચારણા કરી હતી.

આ માટે સામર્થ્યમ દ્વારા કેટલીક કાર્યશાળાઓ પણ યોજવામાં આવી હતી કે જેમાં ડ્રાઈવરો, કંડક્ટરો, માહિતી આપનારા કાઉન્ટર ઉપરની વ્યક્તિઓ તથા નીતિ નિર્ધારકો અને તમામ અન્ય હિતધારકોએ ભાગ લીધો હતો. ભારતમાં આ પ્રકારનો પ્રયાસ પહેલી વાર થયો હતો. ખાસ કરીને ડીટીસીની બસના ડ્રાઈવરોને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતો અને સુરક્ષા વિશે સંવેદનશીલ બનાવવામાં આવ્યા હતા.



## અભ્યાસ

સામર્થ્ય દ્વારા જાહેર પરિવહનની વ્યવસ્થાને ઉતારુ મિત્ર બનાવવા પ્રોત્સાહન વિશે એક અભ્યાસ કરવામાં આવ્યો. તેમાં ૧૦૦ વિકલાંગ વ્યક્તિઓ અને ૧૫ અગ્રણી પરિવહન આયોજકોનાં મંતવ્યો મેળવવામાં આવ્યાં હતાં. આ નિષ્ણાતોમાં દિલ્લીની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, નવી દિલ્લી મહાનગરપાલિકા, સ્કૂલ ઓફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર તથા ડીટીસીના નિષ્ણાતોનો સમાવેશ થતો હતો.

તેનો ઈરાદો એ હતો કે દિલ્લીમાં જાહેર પરિવહન સેવાનું માળખું કેવું છે તે તપાસવું, તેનું મૂલ્યાંકન કરવું અને તે વિકલાંગ વ્યક્તિઓ માટે કેટલું પહોંચક્ષમ છે તે પણ તપાસવું. આ અભ્યાસમાં પરિવહન વ્યવસ્થા કેટલી પહોંચક્ષમ છે તેનો પણ અભ્યાસ કરવામાં આવ્યો. તેમાંથી બે તારણો પ્રાપ્ત થયાં:

(૧) નીચાં પગથિયાંવાળી બસમાં સાર્વત્રિક ડિઝાઈન અપનાવવામાં આવી છે.
(૨) બસ સ્ટોપ અને બસના પ્રથમ પગથિયા વચ્ચેનું અંતર ઓછું થાય અથવા બિલકુલ ન રહે તે માટે પ્રયત્ન કરવો જોઈએ.

આ તારણોનો ઉપયોગ નવી દિલ્લી મહાનગરપાલિકા અને ડીટીસી દ્વારા કરવામાં આવે તે માટે સામર્થ્યમ દ્વારા તેમનો સંપર્ક સાધવામાં આવ્યો. દિલ્લી સરકારના પરિવહન મંત્રાલય દ્વારા બસની ડિઝાઈન મંજૂર કરવામાં આવી અને બસ સ્ટોપની ડિઝાઈનને પણ મંજૂરી આપવામાં આવી. આં અંગેના નમૂનારૂપ બસસ્ટોપનું ઉદ્‌ઘાટન તા. ૧૯-૩-૨૦૦૬ના રોજ કરવામાં આવ્યું. તેમાં રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો હાજર રહ્યા હતા. તે સમયે પહોંચક્ષમ પરિવહન અંગે એક રાષ્ટ્રીય પરિષદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## ઉપસંહાર

નવી દિલ્લી મહાનગરપાલિકામાં નીચા પગથિયાવાળી બસો અને નવી ડિઝાઈનવાળાં બસ સ્ટોપ દાખલ કરવામાં આવ્યાં તેથી ઓછી હલનચલન ક્ષમતા ધરાવતા લોકો અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પહોંચક્ષમતા વધી ગઈ. એ જ રીતે, દિલ્લીમાં મેટ્રો રેલ સેવાની શરૂઆત કરવામાં આવી ત્યારથી જ આ બાબતનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું. તેને પરિણામે મેટ્રો રેલ સેવામાં પણ પહોંચક્ષમતા ખાસ્સી વધી છે.

પરિવહન સેવાના વપરાશકારો, સેવાના પુરવઠાકારો અને અધિકારીઓ તથા નિષ્ણાતો અને સ્વૈચ્છિક સંગઠનોની ભાગીદારીથી આ કામ શક્ય બન્યું છે. સમગ્ર પરિવહન વ્યવસ્થા સૌને માટે પહોંચક્ષમ બને તે પ્રકારનું આયોજન શક્ય છે એમ આ પ્રયોગ બતાવે છે. પરિવહનની જરૂરિયાતો વધતી જાય છે અને તેથી જાહેર પરિવહનની વ્યવસ્થાની જવાબદારી વધતી જાય છે એ બાબત સ્વીકારવાની આવશ્યકતા છે. શહેરો અને કસબાઓમાં જાહેર પરિવહન વ્યવસ્થા ભવિષ્યમાં પહોંચક્ષમ બને તે માટે પરિવહન વ્યવસ્થાની ડિઝાઈનમાં જ મૂળભૂત રીતે આરંભથી ફેરફારો કરવામાં આવે એ જરૂરી છે.

સરકારી સંસ્થાઓ, ખાનગી ક્ષેત્ર, બિન-સરકારી સંગઠનો અને અન્ય હિતધારકોમાં પહોંચક્ષમ પરિવહનની જરૂરિયાત વિશેની સમજ વધે અને તેઓ સંવેદનશીલ બને તે માટેના પ્રયાસો અનિવાર્ય છે. જાહેર પરિવહન વ્યવસ્થા વધારે કાર્યક્ષમ અને પહોંચક્ષમ બને તો તે પરિવહનની ઘણી બધી સમસ્યાઓ દૂર કરવામાં મદદરૂપ થાય છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની પહોંચક્ષમતા સુધારેલી પરિવહન વ્યવસ્થાને કારણે વધે તો તેઓ સમાજના મુખ્ય પ્રવાહમાં વધારે સારી રીતે સમાવેશ પામે છે. તેઓ વધારે સારી રીતે શિક્ષણ અને રોજગારી પ્રાપ્ત કરી શકે છે અને એ રીતે વિકાસનું અંતિમ ધ્યેય સમાનતા સિદ્ધ થવાની સંભાવના વધે છે.

નવી ડિઝાઈન અને વ્યવસ્થા અંગેની માહિતી વપરાશકારો સુધી પહોંચે કે જેથી તેઓ જાહેર પરિવહન વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં તેમને અગાઉ થતો સંકોચ ભૂલી જાય. સ્પષ્ટ છે કે જાહેર પરિવહન વ્યવસ્થાનો વધુ ઉપયોગ થાય તો બીજા ઘણા લાભો પ્રાપ્ત થાય છે. જેમ કે, ખાનગી વાહનોનો ઉપયોગ ઘટે છે, તેને પરિણામે પ્રદૂષણ ઓછું થાય છે અને પ્રવાસ માટેનો સમય પણ ઘટે છે. આમ, જાહેર પરિવહન વ્યવસ્થા સુદ્દઢ અને સક્ષમ બને તો ભારતનાં નાનાં અને મોટાં શહેરો બાળકો, વૃદ્ધો, સગર્ભા મહિલાઓ, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને શારીરિક અક્ષમતા ધરાવતા તમામ લોકો માટે વધારે જીવવાલાયક બને.

# વિકલાંગોના સમાવેશી વિકાસ માટેના સ્થાનિક પ્રયાસો

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને રોજગારલક્ષી સમાવેશ માટે ગુજરાતમાં દાયકાઓથી જુદા જુદા સ્તરે પ્રયાસો થતા રહ્યા છે. ગ્રામ વિસ્તારોમાં ખાસ કરીને શાળાઓમાં વિકલાંગ બાળકોના શિક્ષણ માટે વિશેષ પ્રયાસો થયા છે. આ પ્રયાસો મૂળભૂત રીતે વિકલાંગ બાળકોને મુખ્ય પ્રવાહનું શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે રહ્યા છે. એ જ રીતે ખાનગી કંપનીઓ દ્વારા કે ખાનગી સાહસો દ્વારા વિકલાંગોના સમાવેશ માટે વિશિષ્ટ પ્રયાસો આપમેળે થયા છે. ખાસ કરીને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અનુકૂળ એવી રોજગારી આપવા માટે અને તે અંગે તેમને માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે પ્રયાસો થયા છે. આવા પ્રયાસોનું દસ્તાવેજીકરણ અત્યંત ટૂંકમાં અહીં રજૂ કરવામાં આવ્યું છે.

## શિક્ષણ ક્ષેત્ર

### (૧) હાલર શાખા પ્રાથમિક શાળા, વલસાડ

હાલર શાખા પ્રાથમિક શાળાની સ્થાપના ૧૯૬૫માં વલસાડના નાનકવાડા વિસ્તારમાં થઈ હતી. ગુજરાતી માધ્યમની આ સરકારી પ્રાથમિક શાળામાં ૮ શિક્ષકો છે અને ૧૬૨ બાળકો ભણે છે. જેમાંથી ૬૭ બાળકો વિકલાંગ છે. ૨૦૧૧માં સમાવેશના ઉદ્દેશ સાથે અને જિલ્લા શિક્ષણ અધિકારીના વિકલાંગ બાળકોને પ્રવેશ આપવાના પરિપત્રને ધ્યાનમાં લઈને આ વિકલાંગ બાળકોને પ્રવેશ આપવામા આવ્યો હતો.

શાળામાં વિકલાંગ બાળકોની સંખ્યા વધારે હોવનું કામ બાળકોની સલામતી અને ભેદભાવરહિત વાતાવરણ છે. શાળામાં ફી લેવામાં આવતી નથી તેથી ગરીબ કુટુંબોમાંથી આવતા બાળકોને આ શાળામાં શિક્ષણ લેવાનું પરવડે છે. સાથે સાથે શાળાનાં બાળકોનું સિવિલ હોસ્પિટલ દ્વારા વર્ષમાં એક-બે વાર મેડિકલ ચેક-અપ પણ કરવામાં આવે છે જે એમના સ્વાસ્થ્યમાં સુધારો લાવે છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય અંધજન મંડળ, વલસાડ શાળાની નજીકના વિસ્તારમાં આવેલી છે જે વિકલાંગ બાળકોને હોસ્ટેલની સુવિધા પૂરી પાડે છે. આ સંસ્થામાંથી બધાં વિકલાંગ બાળકો હાલર શાખા શાળામાં અભ્યાસ માટે આવે છે.

વિકલાંગ બાળકોમાં ૪૨ છોકરાઓ અને ૨૫ છોકરીઓ છે જેમાં ૬ બાળકો અસ્થિવિષયક, ૮ એમ.આર., ૧૦ શ્રવણશક્તિ, ૩૩ દૃષ્ટિહીન અને ૧૦ અલ્પદૃષ્ટિની વિકલાંગતા ધરાવે છે. રાષ્ટ્રીય અંધજન મંડળ, વલસાડ એક સ્વૈચ્છિક સંસ્થા છે જે બધા જ પ્રકારની વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓને તાલીમ આપે છે કે જેમાં બ્રેઈલના ક્લાસ, વોકેશનલ ટ્રેનિંગ અને સંગીતના કલાસનો સમાવેશ થાય છે. આ સંસ્થામાંથી વિકલાંગ બાળકોને બ્રેઈલની તાલીમ આપવા એક સ્પેશ્યલ શિક્ષક રાખવામાં આવ્યા છે જે સવારે ૭.૩૦થી ૯.૩૦ સુધી બ્રેઈલ ભણાવે છે. સંસ્થા શાળાની નજીક હોવાથી બધાં બાળકો એકબીજાથી સાથે ચાલીને શાળાએ જાય છે. સંસ્થાના ખાસ શિક્ષક પણ બાળકો સાથે ૧૦.૩૦થી ૫.૦૦ વાગ્યા સુધી શાળામાં રહે છે અને શાળાના શિક્ષકોને વિકલાંગ બાળકોને ભણાવવામાં, એમના પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ થાય છે.

શાળાને પોતાનું મકાન છે કે જેમાં બે માળ છે. નીચેના માળમાં આચાર્યની ઓફિસ છે અને વર્ગખંડો છે. ઉપલા માળમાં પણ વર્ગખંડો આવેલા છે. શાળામાં જગ્યાનો ખૂબ અભાવ છે. શાળા છૂટતા ખૂબ ધક્કામુક્કી થતી હોવાથી વિકલાંગ બાળકોને શાળા છૂટ્યાના ૧૦ મિનિટ પહેલાં જ છોડી મૂકવામાં આવે છે. એસએસએ અંતર્ગત શાળામાં અવરોધમુક્ત શૌચાલય બનાવવાનું કામ ચાલું છે, જે વિકલાંગ બાળકો માટે ખૂબ લાભદાયક બની રહેશે.

વર્ષની શરૂઆતમાં વિકલાંગ બાળકો અન્ય બાળકો અને શિક્ષકો સાથે હળતાંમળતાં નથી પરંતુ સમય જતાં એમના સહકારથી તેઓ પોતાને શાળાના વાતાવરણમાં ઢાળી દે છે. વિકલાંગ બાળકો માટે વર્ષની શરૂઆતમાં કોઈ ખાસ અભિમુખીકરણ કાર્યક્રમ રાખવામાં આવતો નથી કારણ કે અન્ય બાળકો વિકલાંગ બાળકોને શાળાને જાણવામાં મદદરૂપ બની રહે છે તેઓ હંમેશાં એમને મદદ કરે છે, એમની સાથે જમે છે, હરેફરે છે, રમે છે અને મિત્રો બની રહે છે. શિક્ષકો અન્ય બાળકોને વિકલાંગ બાળકોને મદદ કરવા પ્રોત્સાહિત કરે છે અને શાળામાં ભેદભાવરહિત વાતાવરણ ઊભું થાય એ માટે પ્રયત્ન કરે છે. આ બાળકો નિયમિત શાળાએ આવે છે અને અન્ય બાળકોની જેમ શિસ્તમાં રહે છે. શાળાના શિક્ષકો વિકલાંગ વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ, હૂંફ અને સંવેદના ધરાવે છે પરંતુ એમના ભણતરમાં તેઓ એટલા મદદરૂપ નથી થઈ શકતા એનું એમને દુઃખ પણ છે.

વિકલાંગ બાળકોને ભણાવવાની તાલીમ ન હોવાથી આ શિક્ષકો

એમને અન્ય બાળકોની જેમ ભણાવી શકતા નથી છતાં ટીએલએમ દ્વારા જ્યારે અન્ય બાળકોને ભણાવે છે ત્યારે શ્રવણશક્તિ ન ધરાવતાં અને અલ્પદૃષ્ટિ ધરાવતાં બાળકો માટે એ લાભદાયક બની રહે છે. અન્ય બાળકો સાથે રહીને બંને બાળકો તરફ પૂરતું ધ્યાન આપવાનું એમના માટે મુશ્કેલ છે. તેઓના જણાવ્યાં મુજબ, વિકલાંગ બાળકોને ભણાવવામાં વધારે સમય જાય છે જ્યારે સમયસર અભ્યાસક્રમ પૂરો કરવો એ પણ જરૂરી હોય છે. આ બાળકોને ભણાવતાં અન્ય બાળકોનું ધ્યાન એમના તરફ દોરાય છે. વર્ગખંડમાં વિકલાંગ બાળકોને એક જૂથમાં બેસાડવામાં આવે છે. એમને આગળી હરોળમાં ન બેસાડવાનું કારણ એમના દ્વારા થતી અન્ય પ્રવૃત્તિઓ છે જે અન્ય બાળકોના અભ્યાસમાં ખલેલ પાડે છે.

એમઆર બાળકોને શિક્ષકો ચિત્ર દોરવાનું, મણકા પરોવવાનું, કવિતા ગવડાવવાનું, લખોટી ગણવાનું કામ આપે છે પરંતુ જો એમના માટે સ્પેશ્યલ શિક્ષકો આવે તો એ વધારે લાભદાયક છે. દૃષ્ટિવિહીન બાળકો બ્રેઈલ શીખતાં હોવાથી તેમને ભણાવવું સહેલું બને છે. તેઓ બ્રેઈલ દ્વારા લખી શકે છે અને વર્ગખંડમાં શિક્ષક ભણાવે તે સાંભળીને અભ્યાસ કરી શકે છે. શ્રવણશક્તિ ન ધરાવતાં બાળકો સાથે ઈશારાથી વાત કરીને શિક્ષકો બોર્ડ પરનું લખાણ એમને લખવાનું કહેતા તેઓ એ રીતે અભ્યાસ કરે છે. છતાં, સરકારના નિયમાનુસાર બધા બાળકોને પાસ કરી દેવાનું હોય છે તેથી બાળકો ઉતિર્ણ ન હોય તો પણ ઉપલા ધોરણમાં મોકલવામાં આવે છે કે જેના કારણે અભ્યાસ તેમના માટે કઠિન બની રહે છે. આ બાળકોને ભણવામાં કોઈ છૂટછાટ આપવામાં આવતી નથી. તેમના માટે પરીક્ષા દરમ્યાન રાઈટર રાખવામાં આવે છે કે જેને માટે શાળા ઘણી તકલીફ ઉઠાવે છે. ઘણી વાર રાઈટર ન મળતાં ઉપલા ધોરણનાં બાળકોને રાઈટર તરીકે રાખવામાં આવે છે.

આ બાળકો શાળાને બધી પ્રવૃત્તિઓ જેમ કે સાંસ્કૃતિક કાર્યક્રમ, તહેવારોની ઉજવણી અને અભ્યાસને લગતી પ્રવૃત્તિઓમાં અન્ય બાળકોની જેમ ભાગ લે છે. શિક્ષકો આ બાળકોને વધારે પ્રોત્સાહન આપે છે અને એમનામાં રહેલી કૂશળતાને બહાર લાવવાનો પ્રયત્ન કરે છે. શાળામાં કોઈ પણ મુશ્કેલી હોય તો બાળકોને શિક્ષક અથવા આચાર્યને કોઈ પણ સમયે કહેવાની છૂટ આપવામાં આવી છે અને એ મુશ્કેલીઓને નિવારવાનો પ્રયત્ન થાય છે.

બાળકોનો વિકાસ વધારે ઝડપથી થાય છે તેથી એમઆર ધરાવતા બાળકો માટે પણ સ્પેશ્યલ શિક્ષકની નિમણૂક થવી જોઈએ. શાળામાં વિકલાંગ બાળકોના વાલીઓનું જૂથ બનાવેલું છે જે નિયમિત રીતે મીટિંગ કરે છે અને વિકલાંગ બાળકો માટેની સરકારી યોજનાઓ વિશે અને એમના અભ્યાસ વિશે ચર્ચાઓ પણ કરે છે. શાળાની મુલાકાત દરમ્યાન શિક્ષકો અને આચાર્ય સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું કે તેઓ વિકલાંગ બાળકોનું હિત ઈચ્છે છે. જો તેમને બધી પ્રકારની સુવિધા તથા તાલીમ આપવામાં આવે તો તેઓ વિકલાંગ બાળકોને અન્ય બાળકો સાથેની હરોળમાં લાવવાનું એક માધ્યમ બની રહેશે.

*રાજેશ બારોટ, ડિસેબિલિટી એડવોકેસી ગૃપ, સાબરકાંઠા અને*
*અર્પિતા વાઘેલા, અમોલ પરમાર, ઉન્નતિ*

## (૨) અનુપમ પ્રાથમિક શાળા, ડભોડા, મહેસાણા

અનુપમ પ્રાથમિક શાળાની સ્થાપના ઈ.સ. ૧૮૭૪માં મહેસાણાના ડભોડા ગામમાં થઈ હતી. ગાયકવાડના સમયની આ શાળામાં ૧૦૯૮ બાળકો ભણે છે અને એમના શિક્ષણ માટે ૧૯ શિક્ષકો કાર્યરત છે. આ બાળકોમાં ૨૪ બાળકો વિકલાંગ છે એમ શાળાના આચાર્યએ જણાવ્યું. આ ગામમાં ૧૦,૦૦૦ની વસ્તી છે. જેમાં લગભગ ૧૪૦ વિકલાંગ લોકો છે. બધાં વિકલાંગ બાળકોને શાળા પ્રવેશ આપે છે. શાળામાં ૧થી ૮ ધોરણ છે. આ શાળા જિલ્લા પંચાયત દ્વારા સંચાલિત છે અને ૨૦૦૩માં અનુપમ પ્રાથમિક શાળા પ્રોજેક્ટનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. શાળાએ ૧૦૦ ટકા નામકરણ, પ્રવેશ અને શ્રેષ્ઠ શક્ષણ ગુણવત્તાના કારણે આ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે.

### વિદ્યાર્થીઓ વિશે માહિતી

શાળાના ૨૪ વિકલાંગ બાળકોમાંથી ૧૩ છોકરીઓ અને ૧૧ છોકરાઓ છે. તેમાંથી ૩ અસ્થિવિષયક, ૧ દૃષ્ટિહીન, ૧૫ એમ.આર. અને ૩ શ્રવણશક્તિ ન ધરાવતાં વિદ્યાર્થીઓ છે. આ વિદ્યાર્થીઓ આજુબાજુના નજીકના વિસ્તારમાંથી આવે છે. વિકલાંગ બાળકોના આટલી મોટી સંખ્યાનું કારણ કુપોષણ અને જાગૃતિનો અભાવ છે. વિકલાંગ બાળકો ગરીબ અને પછાત વર્ગમાંથી આવે છે તેઓના માતા-પિતા મજૂરી અથવા ખેતી કરતાં હોય છે. વિકલાંગ વિદ્યાર્થીઓ ભણવામાં હોશિયાર અને પ્રવૃત્તિમય છે એમ શિક્ષકોએ જણાવ્યું. શાળામાં વિકલાંગતા તથા જાતિને લગતાં કોઈ ભેદભાવ પણ જોવા મળતાં નથી.

### શાળાનું ભૌતિક વાતાવરણ

શાળાનું પોતાનું બિલ્ડીંગ છે. તેમાં ૧૪ વર્ગખંડ છે. શાળામાં એક રેમ્પ બનાવેલો છે. જે શાળાના એક ભાગને અને ટોઈલેટને અવરોધમુક્ત બનાવે છે. વર્ગખંડમાં બધા શિક્ષકો દ્વારા જે તે વર્ગના અભ્યાસક્રમને લગતા ટી.એલ.એમ. બનાવીને લગાવવામાં આવ્યા છે. ૬થી ૮ ધોરણોમાં પાટલીની વ્યવસ્થા છે અન્ય ધોરણોમાં બાળકો નીચે જ બેસે છે. શાળામાં એક રેમ્પ બનાવવામાં આવ્યો છે અને સાથે

રેલિંગની પણ સુવિધા છે કે જેનો ઉપયોગ બાળકો કરે છે છોકરા અને છોકરીઓ માટે અલગ-અલગ ટોયલેટની વ્યવસ્થા છે. આચાર્યના અને શિક્ષકોના જણાવ્યા મુજબ વિકલાંગ વિદ્યાર્થીઓ પોતાના કામ પોતે કરે છે અને એમને શાળામાં ભણાવવામાં, પાણી પીવામાં કે શૌચાલયમાં કાંઈ તકલીફ પડતી નથી અન્ય બાળકો પણ એમને મદદરૂપ થાય છે.

**શાળા તરફથી સુવિધાઓ**

શાળાનો સમય સવારના ૧૦થી ૫ વાગ્યાનો છે અને એમાં જમવા માટેનો અને પાણીનો વિરામ આપવામાં આવે છે. શાળાના સરકારી નિયમ મુજબ બધા શિક્ષકોની ભરતી કરવામાં આવી છે અને સરકારી નિયમ મુજબ એમના પગાર ધોરણ છે. સરકારની બધી યોજનાઓ અને પરિપત્રો જેમ કે શાળા પંચાયત, મુઠ્ઠીચણ, અક્ષયપાત્ર વગેરેનો અમલ વિદ્યાર્થીઓના વિકાસ માટે થાય છે.

શાળા પંચાયતમાં પ્રાર્થના સમિતિ, બાગાયત સમિતિ, વ્યાયામ અને શિસ્ત સમિતિ, પ્રવાસ અને મધ્યાહ્ન ભોજન સમિતિ જેવી જુદા જુદા પ્રકારની વિદ્યાર્થીઓની સમિતિઓ બનાવવામાં આવી છે કે જેમાં વિકલાંગ વિદ્યાર્થીઓ પણ સભ્ય છે અને પોતાની જવાબદારી સારી રીતે નિભાવે છે.

સરકારના નિયમ મુજબ વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ૧થી ૭ ધોરણના બાળકોને વર્ષના રૂ. ૧૦૦૦ અને ૮ ધોરણના વિદ્યાર્થીઓને રૂ. ૧૫૦૦ આપવામાં આવે છે. શાળાનાં વિકલાંગ બાળકોને વિકલાંગતાના પ્રમાણપણ મળી રહે એ માટે બી.આર.સી. કક્ષાએ કેમ્પનું આયોજન કરવામાં આવે છે જેમાં બાળકોને વિકલાંગતાનું પ્રમાણપત્ર અને સાધન સહાય મળ્યાં છે કે જેમાં એક બાળકને કાનનું સાધન પ્રાપ્ત થયું હતું.

શાળા આરોગ્ય કાર્યક્રમમાં દર વર્ષે બાળકોના મેડિકલ ચેક-અપ માટે પી.એચ.સી.માંથી ડોક્ટરો આવે છે અને એમાંથી ત્રણ બાળકોને ઈલાજ માટે અમદાવાદ સિવિલ મોકલવામાં આવ્યાં હતાં. જેનો ખર્ચ શાળા આરોગ્ય કાર્યક્રમ તરફથી ઉપાડવામાં આવ્યો હતો. શાળામાં મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા છે કે જેમાં બધા બાળકોને પૌષ્ટિક આહાર મળે છે અને તેમાં વિકલાંગ બાળકો પણ એકસાથે જમે છે.

**શિક્ષકો સાથે વાતચીત**

દરેક ધોરણોમાં વિકલાંગ બાળકો ભણે છે શાળાના શિક્ષકો સાથે વાતચીત કરતાં જણાયું કે તેઓ વિકલાંગ બાળકો પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે. શિક્ષકો વિકલાંગ બાળકોને અન્ય બાળકોની સાથે જ વર્ગમાં બેસાડે છે અને એમને અન્ય બાળકો તરીકે જ ભણાવે છે. અમુક શિક્ષકો વિકલાંગ બાળકોને થોડી અલગ રીતે પણ ભણાવે છે. જેમ કે, એમ.આર. બાળકોને મુક્ત સમયમાં પાટિયા પર મોટા અક્ષરે લખીને બતાવવું, એમની પાસે લખાવવું અને એમને સમજાવવા પ્રયત્ન કરવો. છેલ્લા વર્ગમાં તેઓ આ બાળકોને વધારે સમય આપે છે અમુક શિક્ષકો એમને જેમાં વધારે રસ પડતો હોય એ રીતે એમની સાથે કામ કરે છે જેમ કે અન્ય કામ આપવા ગણિતમાં મણકા ઘોડી અને ટીએલએમ દ્વારા ભણાવવું, રમતો રમાડવી વગેરે. શાળામાં કોમ્પ્યુટર લેબ છે જેમાં ૧૯ કોમ્પ્યુટર છે જેનો ઉપયોગ શિક્ષકો બાળકોને ભણાવવા માટે કરે છે. પરીક્ષામાં સરકારી પરિપત્ર પ્રમાણે વિકલાંગ બાળકોને ૨૫ ગુણથી પાસ કરવામાં આવે છે.

સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત અંધજન મંડળ, વિસનગર દ્વારા શાળામાં ૨ સ્પેશ્યલ શિક્ષકો શ્રવણ શક્તિ અને દૃષ્ટિ ન ધરાવતાં અને એમ.આર. બાળકોને ભણાવવા માટે આવે છે. બાળકોને જે કીટ એસ.એસ.એ. દ્વારા આપવામાં આવી છે કે જેનો ઉપયોગ શિક્ષકો આ દરમ્યાન કરે છે.

વિકલાંગ બાળકો સાથે શિક્ષકોની આગળ વાત કરતાં જણાયું કે શિક્ષકો સાથે બાળકો સ્વતંત્ર રીતે વાતચીત કરી શકે છે અને પોતાની ફરિયાદો પણ રજૂ કરી શકે છે. શિક્ષકો અને શાળા તરફથી આ બાળકોને શાળાની બધી પ્રવૃત્તિઓમાં જેમ કે સાંસ્કૃતિક, રમતગમત વગેરેમાં ભાગ આપવામાં આવે છે. ૨૬મી જાન્યુઆરીના દિવસે શાળા દ્વારા કરવામાં આવતાં સાંસ્કૃતિક પ્રોગ્રામમાં તેઓ દર વર્ષે વિકલાંગ બાળકોનો અલગથી એક પ્રોગ્રામ રાખે છે જેમાં અન્ય વિદ્યાર્થીઓ હોય છે પરંતુ વિકલાંગ બાળકોની ભાગીદારીને પ્રાધાન્ય આપવામાં આવે છે. અભ્યાસની સાથે સાથે શિક્ષકો બાળકોને એમની રહેણીકરણી, સ્વચ્છતા અને શિસ્ત માટે પણ શિક્ષણ આપે છે.

શાળા નજીકના વિસ્તારો જેવાં કે પાવાગઢ ખાતે પ્રવાસનું આયોજન કરે છે અને શિક્ષકો એમાં વિકલાંગ બાળકોને અન્ય બાળકોની જેમ જ ભાગ લે એ માટે ધ્યાન આપે છે.

**વિકલાંગ બાળકો સાથે વાતચીત**

વિકલાંગ બાળકોને શાળા અને શિક્ષકો ગમે છે તેઓ શાળામાં પોતાની જવાબદારી નિભાવે છે અને એને માણે પણ છે. અમુક તકલીફ જેમ કે પાટિયા પરથી ન દેખાતું હોય તો બાળકને નજીક બેસાડવું અને પાટિયા નજીક જઈને લખાણ લખવું એની છુટ છે. શાળામાં બાયસેગ સેટેલાઈટ દ્વારા વિજ્ઞાનનાં ક્લાસ પણ દેખાડવામાં આવે છે જે બાળકોને ભણવામાં મદદરૂપ થાય છે કેમ કે વિજ્ઞાન વિષય એમને

અઘરો લાગે છે. શિસ્તને મહત્ત્વ છે તેથી વિકલાંગ બાળકોને વિરામ દરમ્યાન કે છૂટવાના સમયે તકલીફ પડતી નથી. તેઓને એમના મિત્રો છે અને એમની સાથે જ તેઓ ચાલીને શાળાએ આવે છે.

**શિક્ષકો અને આચાર્યનાં સૂચનો**

શાળા ૧થી ૮ ધોરણની હોવાથી માધ્યમિક શિક્ષણ માટે બાળકોને અન્ય શાળામાં જવું પડે. ડભોડા ગામમાં માધ્યમિક શાળા ન હોવાથી વિકલાંગ બાળકોને તકલીફ પડી શકે છે. આગળના ભણતર માટે તેઓના સૂચન પ્રમાણે ગામની કન્યા માધ્યમિક શાળામાં કુમારો માટે પણ પ્રવેશની છૂટ આપવી જોઈએ જેથી વિકલાંગ બાળકો અને અન્ય બાળકોને લાભ થાય.

*જેસિંગ સેનમા, ડિસેબિલિટી એડવોકેસી ગૃપ, મહેસાણા અને અર્પિતા વાઘેલા, અમોલ પરમાર, ઉન્નતિ*

### (૩) શ્રી આર. જી. પંડ્યા હાઈસ્કૂલ, ડભોઈ, વડોદરા

શ્રી આર. જી. પંડ્યા હાઈસ્કૂલ, ડભોઈ જિ. વડોદરાની સ્થાપના ૧૫મી જુન ૧૯૩૮માં કરવામાં આવી હતી. વડોદરા જિલ્લાના ૧૨ તાલુકામાંના એક તાલુકો ડભોઈ જ્યાં બાળમંદિરથી લઈને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપતી ૧૧ સંસ્થાઓ આવેલી છે. ખાનગી અનુદાનિત એવી આ સંસ્થામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકમાં કુલ ૮૨૫ વિદ્યાર્થીઓ અને તેમના માટે શિક્ષણાર્થે ૨૩ શિક્ષકો કાર્યરત છે.

આ સંસ્થામાં ડભોઈ તાલુકા ઉપરાંત સંખેડા, પાવી જેતપુર, છોટા ઉદેપુર તેમ જ કવાંટ વિસ્તારના વિદ્યાર્થીઓ ભણવા માટે આવે છે. એક બાબત નોંધપાત્ર છે કે આ શાળામાં ભેદભાવ રાખ્યા વિના કૌટુંબિક, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. આ શાળામાં તમામ વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓને કોઈ પણ જાતના ભેદભાવ વગર તેમને યોગ્ય શિક્ષણ તેમ જ પોતાની વિકલાંગતાનો અહેસાસ ન થાય એ રીતે માનવતાની દૃષ્ટિએ આ શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. સંસ્થાની શરૂઆતથી જ આ શાળામાં વિકલાંગ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.

બિન-વિકલાંગ બાળકોની સાથે વિકલાંગ બાળકોને પ્રવેશ આપ્યા બાદ સત્રના પ્રથમ દિવસે બિન-વિકલાંગ બાળકો વિકલાંગ બાળકોને સારી રીતે ઓળખી શકે તેમ જ તેમની વિકલાંગતાનો અહેસાસ ન થવા દેતા તેમનામાં રહેલી શક્તિઓને બહાર લાવવા માટે શિક્ષક મિત્રો અને આચાર્ય દ્વારા ઉત્કર્ષ પગલાં લેવામાં આવે છે. સત્રની શરૂઆતમાં બિન-વિકલાંગ બાળકો અને વિકલાંગ બાળકો વચ્ચે પરિચય કરાવી બિન-વિકલાંગ બાળકોને વિકલાંગતા પ્રત્યેની સંપૂર્ણ માહિતી સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવે છે. એ જ રીતે વર્ષ દરમિયાન ૪થી જાન્યુઆરી લ્યુઈ બ્રેઈલ ડે ૧૪મી સપ્ટેમ્બર, વિશ્વ અંધજન ધ્વજ દિવસ તેમ જ ૩જી ડિસેમ્બર વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી સામાન્ય બાળકોની સાથે રહીને અને શાળા અને શાળા સંચાલક મંડળ તેમ જ વાલી મંડળને સાથે રાખીને કરવામાં આવે છે.

ભલે આ શાળામાં વિકલાંગ બાળકો માટે પૂરતી સુવિધાનો ન હોય તેમ છતાં પણ આચાર્ય અને શિક્ષકો સાથે મળીને વિકલાંગ બાળકો માટે અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. સામાન્ય બાળકોની સાથે દૃષ્ટિક્ષતિ અને માનસિક ક્ષતિના વિદ્યાર્થીને શિક્ષણ આપી આ શાળાના શિક્ષકો જાતિ, લિંગ તેમ જ ભેદભાવ ભૂલીને પોતાનાથી શક્ય બને તેટલી મદદ કરવા માટે તત્પર છે. ધો.૧૦માં અભ્યાસ કરતી નિરાલી (એમ.આર.) તેમ જ અનિતા (વી.આઈ.) બોર્ડની પરીક્ષા માટે પ્રથમ પ્રયત્નેથી સારા ગુણથી પાસ થાય તે હેતુથી તમામ શિક્ષક મિત્રો પોતાની શક્ય બને તેટલા અને પોતાને વર્ગ શિક્ષક સિવાય પણ આ બંને વિદ્યાર્થીઓને સમજાય તેટલી સરળ ભાષામાં શિક્ષણ આપવાોના પ્રયત્ન કરે છે. આ માટે શાળા સંસ્થામાં આવતા સ્પેશ્યલ એજ્યુકેટરની આચાર્ય, શિક્ષકગણ તેમ જ વાલી મંડળ સાથે અવારનવાર યોગ્ય ચર્ચા-વિચારણા કરીને તેમ જ અનુરૂપ વાતાવરણ ઊભું કરવાનો પૂરતો પ્રયાસ કરે છે.

**અલ્પ દૃષ્ટિ ધરાવતી વિદ્યાર્થીની માટે**

શાળાના કોમ્પ્યુટર રૂમમાં જ્યોસી સોફ્ટવેરની મદદથી કોમ્પ્યુટરની શિક્ષણની તમામ પ્રયુક્તિઓનો ખ્યાલ આપવામાં આવે છે. જરૂરી જણાય ત્યાં લાર્જ પ્રિન્ટની મદદથી તેના શિક્ષણને ટેકો આપવામાં આવે છે. ભાષાના શિક્ષક મિત્રો પોતાની વાક્છટા દ્વારા પોતાના વિકલાંગ વ્યક્તિઓ પ્રત્યેનો પ્રેમ અને તેમની શિક્ષણ પદ્ધતિને વિકલાંગ વિદ્યાર્થીઓ કેમ ભૂલી શકે? વિજ્ઞાન વિષયના શિક્ષકશ્રી તેમના વિષયમાં વૈજ્ઞાનિક પ્રયોગો માટે તમામ સાધનોનો સ્પર્શ કરાવી ઝીણવટભર્યું જ્ઞાન આપીને તેમને આ વિષય માટે સુરૂચિ ઉત્પન્ન કરાવે છે.

એ જ રીતે ધો. ૧૦માં અભ્યાસ કરતી અને માનસિક ક્ષતિ ધરાવતી નિરાલીને શાળા પરિવાર અનહદ પ્રેમથી તેના આઈ ક્યુને ધ્યાનમાં રાખીને તાસ્ક એનાલીસીસ પદ્ધતિ દ્વારા વારંવાર પ્રયત્નો કરીને તેને શિક્ષણ આપવામાં થાક અનુભવતા નથી. એ જ રીતે બિન-વિકલાંગ બાળકોની જેમ જ માનસિક ક્ષતિ ધરાવતી આ વિદ્યાર્થીની ચાલુ વર્ષે યોજાયેલ ખેલ મહાકુંભમાં ૫૦ મીટર જલદ ચાલ દોડની રમતમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવીને પોતાની સિદ્ધિ સાથે શાળાનું

ગૌરવ વધાર્યું છે. વિકલાંગ વિદ્યાર્થીઓ માટે શાળામાં રિસોર્સ રૂમની વ્યવસ્થા ન હોવાથી તેમ જ તેમના શિક્ષક માટેના શૈક્ષણિક સાધનો પણ પુરતા ન હોવાથી આ બાળકોની શિક્ષણ મેળવવામાં અવરોધ તો આવે જ છે. તેમ છતાં આ શાળામાં બિન-વિકલાંગ બાળકોની સાથે વિકલાંગ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે શાળા દ્વારા યોજાતી વિવિધ હરીફાઈઓમાં ભાગ લેવડાવી તેમનામાં રહેલી શક્તિઓને બહાર લાવવા પૂરતો પ્રયત્ન કરી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે.

*વિજયભાઈ વાઘેલા, ડિસેબિલિટી એડવોકેસી ગ્રુપ, વડોદરા*

## (૪) જે. જી. પટેલ શાળા, અરોડા, સાબરકાંઠા

જે. જી. પટેલ શાળા સાબરકાંઠા જિલ્લાના અરોડા ગામમાં આવેલી પ્રાથમિક અને માધ્યમિક સ્તરે શિક્ષણ આપતી શાળા છે. માધ્યમિક શાળાની સ્થાપના ૧૯૬૮માં થઈ હતી અને પ્રાથમિક શાળાની પણ ૨૦૦૫માં શરૂઆત કરવામાં આવી. માધ્યમિક શાળા માટે સરકારી ગ્રાન્ટ મળે છે પરંતુ પ્રાથમિક શાળા એ સ્વનિર્ભર છ. આ ગુજરાતી માધ્યમની શાળા છે.

શાળામાં કુલ ૨૭૬ વિદ્યાર્થીઓ છે અને ૧૪ શિક્ષકો છે. તેમાંથી પ્રાથમિક સ્તરે ૨ બાળકો વિકલાંગ છે જેમાં ૧ એમ.આર. અને ૧ અલ્પદૃષ્ટિ ધરાવે છે. માધ્યમિક સ્તરે પણ બે બાળકો, એક છોકરો અને છોકરી જે બંને દૃષ્ટિહીન છે. આ બંને બાળકો ૧૦માં ધોરણમાં અભ્યાસ કરતા હતા અને એમણે સારી રીતે એમની બોર્ડની પરીક્ષા માર્ચ ૨૦૧૦માં આપી છે. આ બાળકો હરિપુરા અને અરોડા ગામમાંથી આવે છે. અન્ય બાળકો સાથે ચાલતા શાળાએ આવે છે. શાળા બધા બાળકોને શિક્ષણ આપવાના હેતુથી વિકલાંગ બાળકોને પણ પ્રવેશ આપે છે. આચાર્યના જણાવ્યા મુજબ બધા બાળકોને શિક્ષણનો અધિકાર છે. અને કોઈ પણ વિકલાંગ બાળક જે શાળા સુધી આવી શકતું હોય એમને શાળા પ્રવેશ આપવા તૈયાર છે, પછી જો બાળક બહુ વિકલાંગ હોય તો પણ. ઉદાહરણ તરીકે ગામના એક મંદબુધ્ધિ ધરાવતા બાળકના મા-બાપ સાથે વાતચીત કરીને શિક્ષકોએ એમને વિકલાંગતાનું પ્રમાણપત્ર માટે મદદ કરી અને શાળામાં એને પ્રવેશ પણ આપ્યો.

### શાળાનું ભૌતિક વાતાવરણ

શાળાના મકાનમાં બે માળ છે. તેમાં નીચેના માળમાં માધ્યમિક શાળા ચાલે છે અને ઉપરના માળમાં પ્રાથમિક શાળા. શાળા અવરોધમુક્ત નથી પરંતુ આચાર્ય અને શિક્ષકોના જણાવ્યા મુજબ વિકલાંગ બાળકોને કોઈ તકલીફ પડતી નથી. શૌચાલય અને પાણીની વ્યવસ્થા શાળાના મકાનથી દૂર છે પરંતુ અન્ય વિદ્યાર્થીઓ વિકલાંગ વિદ્યાર્થીઓને મદદ કરે છે અને વિકલાંગ વિદ્યાર્થીઓને પણ શાળાના કેમ્પસથી માહિતગાર થઈ ગયાં છે.

### શાળા તરફથી સુવિધાઓ

શાળા બધાં વિકલાંગ બાળકોને પ્રવેશ આપે છે અને બનતી બધી સુવિધાઓ આપવાનો પ્રયત્ન કરે છે. બાળકોના અભ્યાસ માટે શાળામાં કમ્પ્યુટર લેબ છે. એલ.સી.ડી. પ્રોજેક્ટર અને ટી.વી. પણ છે કે જેનો ઉપયોગ શિક્ષકો અમુક સેશન માટે કરે છે અને દૃષ્ટિક્ષતિ અને અલ્પદૃષ્ટિ ધરાવતા વિદ્યાર્થીઓને અવાજ અને મોટા ચિત્ર સાથે વધારે લાભદાયક થાય છે તેઓ વધુ સારી રીતે સમજી શકે છે.

માધ્યમિક સ્તરે શાળામાં ઈન્કલુઝિવ એજ્યુકેશન ફોર ડિસેબલ્ડ એટ સેકન્ડરી સ્ટેજ (આઈઈડીએસએસ)ની યોજના ચાલે છે એના અંતર્ગત એક સ્પેશ્યલ શિક્ષક દૃષ્ટિક્ષતિ ધરાવતી બાળકોના શિક્ષણ માટે મંગળવારે અને શુક્રવારે આવે છે. દસમાં ધોરણમાં પરીક્ષા આપેલા બે દૃષ્ટિક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓના ભણતરમાં આ સ્પેશ્યલ શિક્ષક અને આઈઈડીએસએસ દ્વારા મળેલી કીટનો ઘણો મોટો ફાળો છે. કીટમાં તેમને બ્રેલનું સાધન, ટેપ રેકર્ડર, કેસેટ, સીડી અને ડીવીડી મળ્યાં હતાં. તેના દ્વારા બંને વિદ્યાર્થીઓ પ્રશ્નો અને ઉત્તર કેસેટ અને સીડીમાં રેકોર્ડ કરીને અભ્યાસ કરતા હતા. આ બંનેમાંના એક વિદ્યાર્થી સાથે વાત કરતાં જણાયું કે આ કીટ અને સ્પેશ્યલ શિક્ષક દ્વારા એમને અભ્યાસ માટે ઘણો સપોર્ટ મળ્યો છે. અઘરા લાગતા વિષયોમાં એમણે શિક્ષકો દ્વારા વધારે સમય અને માર્ગદર્શન મળતું હતું.

બધાં બાળકોને સરકારી સ્કોલરશીપ પણ આપવામાં આવે છે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦૦ અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને વર્ષના રૂ. ૧૫૦૦ આપવામાં આવે છે. સાધન સહાય કે પ્રમાણપત્ર કેમ્પ વિશે અથવા અન્ય જાણકારી શાળા દ્વારા વાલીઓને આપવામાં આવે છે.

શાળામાં આરોગ્ય ચકાસણી કાર્યક્રમનું પણ અમલીકરણ કરવામાં આવે છે અને વિકલાંગ વિદ્યાર્થીઓને એનો લાભ પણ મળે છે. દસમા ધોરણના અંક વિદ્યાર્થીને આંખના ઓપરેશન માટે અમદાવાદ ઈલાજ માટે મોકલવામાં આવ્યો હતો. આ દરમ્યાન શાળા તરફથી આ વિદ્યાર્થીને અભ્યાસ માટે ખૂબ જ સાથ-સહકાર આપવામાં આવ્યો હતો. અન્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકોને એના અભ્યાસ માટે ઘણા મદદરૂપ બન્યા હતા. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીને ચશ્માની પણ જોગવાઈ કરવામાં આવી છે.

શાળા દ્વારા બધાં ધોરણોના બધા વિષયો માટે ઓડિયો કેસેટ્સ બનાવવામાં આવી છે. તેનો ઉપયોગ દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ કરે છે અને એમને માટે અભ્યાસ સરળ બને છે. પરીક્ષા વખતે શાળા તરફથી રાયટરની વ્યવસ્થા કરવામાં આવે છે. શાળામાં એક ફરિયાદ પેટી રાખવામાં આવી છે. તેમાં કોઈ પણ વિદ્યાર્થી પોતાની ફરિયાદ લખીને રજૂ કરી શકે છે. હજુ સુધી એક પણ ફરિયાદ નોંધાઈ નથી.

**શિક્ષકો તરફથી સાથ-સહકાર**

શિક્ષકો વિકલાંગ બાળકોને અન્ય બાળકોની સાથે જ ભણાવવા ખૂબ પ્રયત્નો કરે છે તેઓ એમને આગળની બેન્ચ પર બેસાડે છે અને એમને દરેક વિષય વિશે પૂછતા રહે છે અને અન્ય વિદ્યાર્થીઓ એમને સાથ આપે એનું પણ ધ્યાન આપે છે.

અમુક શિક્ષકો, એલ.સી.ડી., કમ્પ્યુટર્સ અને મોટા પ્રિન્ટવાળા નકશાઓનો ભણાવવામાં ઉપયોગ કરે છે. એક શિક્ષક જે દૃષ્ટિહીન બાળકના માતા છે એ બ્રેઈલ લિપિની જાણકારી ધરાવે છે. આ શિક્ષક દૃષ્ટિહિન બાળકોને બ્રેલમાં પણ શિખવાડે છે અને ક્લાસ દરમ્યાન એમને વધારે મદદરૂપ થાય છે. વિદ્યાર્થીઓને વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન વધારે અઘરા લાગે છે અને ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત વિષયો સહેલા લાગે છે. અઘરા વિષયોમાં શિક્ષકો એમને વધારે સમય આપીને શીખવાડે છે. બધા વિદ્યાર્થીઓની સાથે વિકલાંગ વિદ્યાર્થીઓ પણ વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા, ગીત સ્પર્ધા, બાગાયત વગેરેમાં ભાગ લે છે. વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ વર્ક આપીને અન્ય બાળકો સાથે અને વિકલાંગ બાળકોને તેઓ જૂથમાં કામ આપે છે અને ભેદભાવ મિટાવે છે. આચાર્ય સાથે અને સ્ટાફ મીટિંગમાં શિક્ષકો બધા વિદ્યાર્થીઓના ભણતર માટે વાતચીત અને ચર્ચા કરતા હોય છે. શાળાનું વાલીમંડળ પણ છે જે નિયમિત મીટિંગ કરે છે. અને કોઈ પણ પ્રશ્નો હોય તો મીટિંગમાં રજૂ પણ કરે છે.

**શાળા દ્વારા સૂચનો**

- શાળાને અવરોધમુક્ત બનાવવા શાળા તરફથી ઢાળ અને અવરોધમુક્ત શૌચાલય માટે ગ્રાન્ટની માંગણી કરવામાં આવી છે. જે વહેલી તકે મળી શકે તો શાળાને ફાયદો થાય.
- વિકલાંગ બાળકોને રમત-ગમતનાં સાધનો એમની અનુકૂળતા પ્રમાણે ઉપલબ્ધ કરવાં જોઈએ.
- બાયસેગના ક્લાસ વિકલાંગ બાળકો માટે લાભદાયક છે જો બધા વિષયો માટે એ ચાલુ કરવા શક્ય બની શકે.
- શાળાઓમાં કમ્પ્યુટર લેબ ઉપલબ્ધ છે. જો જોસ સોફ્ટવેરની સુવિધા શાળામાં આપવામાં આવે તો એ એમને લાભદાયક છે.
- બધા શિક્ષકોને વિકલાંગ બાળકોને ભણાવવાની તાલીમ આપવી જોઈએ. તેથી તેઓ સ્પેશ્યલ શિક્ષક સિવાય અન્ય બાળકો સાથે એમને સારી રીતે ભણાવી શકે.
- એમ. આર. અને સ્લો લર્નર માટેનો અભ્યાસક્રમ થોડો સરળ હોવો જોઈએ તથા આ બંને પ્રકારોના ફેરફાર વિશે શિક્ષકોને માહિતી હોવી જોઈએ અને સ્લો લર્નર માટે પણ ગુણોત્તરી ઓછી હોવી જોઈએ.
- શાળામાં વ્યાવસાયિક તાલીમ માટે પણ એક શિક્ષકની નિમણૂક થવી જોઈએ. તેથી વિકલાંગ બાળકોનું ભવિષ્ય ઊજળું બને અને રોજગારી મળવી સરળ બને.

***અતુલ પરમાર, ડિસેબિલિટી એડવોકેસી ગ્રૂપ, સાબરકાંઠા અને અર્પિતા વાઘેલા, ઉન્નતિ***

## (૫) વિપુલ વિદ્યા મંદિર, માધ્યમિક શાળા સાથરોટા, હાલોલ, પંચમહાલ

વિપુલ વિદ્યામંદિર માધ્યમિક શાળાની સ્થાપના ૨૦૦૩માં હાલોલ તાલુકાના સાથરોટા ગામમાં થઈ હતી. ગુજરાત રાજ્યના પછાત જિલ્લાઓમાંથી પંચમહાલ જિલ્લો પણ એક છે. હાલોલ તાલુકાથી સાથરોટા ગામ ૮ કિ.મી. દૂર આવેલું છે. આ શાળામાં ૮-૧૦ ધોરણ છે, જેમાં કુલ ૧૦૮ બાળકો ભણે છે. તે પૈકી ૪ બાળકો વિકલાંગ છે. તેમાં ૧ છોકરો અને ૩ છોકરીઓ છે. તેમાં બે વિદ્યાર્થીઓ અલ્પદૃષ્ટિ, એક અસ્થિવિષયક અને એક વિદ્યાર્થી બહુવિકલાંગતા (અલ્પદૃષ્ટિ અને અસ્થિવિષયક) ધરાવે છે. શાળામાં ૧૦૮ વિદ્યાર્થીઓમાં કુલ ૪ શિક્ષકો છે. શાળામાં બાળકો સાથરોટા, ગુલાબપુરા, હીરાપુરા અને ધમીપુરા ગામમાંથી આવે છે કે જે શાળાની આજુબાજુમાં ૩-૪ કિ.મી.ના અંતરે આવેલાં છે.

આ શાળા આશાદીપ ફાઉન્ડેશન, ગોધરા સ્થિત સામાજિક સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે. આ સંસ્થા પંચમહાલ જિલ્લામાં શિક્ષણ, આરોગ્ય અને મહિલાઓના મુદ્દાઓ પર કામ કરે છે. આ શાળાને સરકારી કોઈ ગ્રાન્ટ નથી મળતી પરંતુ સંસ્થા દ્વારા બધી સવલતો પૂરી પાડવામાં આવે છે. તેથી વિદ્યાર્થીઓ પાસેથી ૧૫ રૂ. માસિક ફી તરીકે લેવામાં આવે છે. પણ વિકલાંગ વિદ્યાર્થીઓને તેમાંથી છૂટ આપવામાં આવી છે.

**અન્ય બાળકો અને શિક્ષકોનું વિકલાંગ બાળકો પ્રત્યેનું વલણ**

વર્ષની શરૂઆતમાં જ વિકલાંગ બાળકો અને અન્ય બાળકો એકબીજા સાથે ભળી જાય છે કે કેમ કે તેઓ એક જ ગામમાં આવતા હોવાથી પહેલેથી જ ઓળખતાં હોય છે. બાજુની જ પ્રાથમિક શાળામાંથી

વિદ્યાર્થીઓ આ માધ્યમિક શાળામાં આવે છે તો તેઓ પણ ત્યાંના શિક્ષકોથી પરિચિત હોય છે. તેઓ શાળાની સગવડતાની પહેલેથી જ જાણતાં હોય છે. વર્ષના પહેલા દિવસે બધાં જ બાળકોને સૂચનાઓ અપાય છે. તેમાં વિકલાંગ બાળકો સાથે કેવી રીતે વર્તન વ્યવહાર કરવું, તેઓને મદદરૂપ થવું વગેરે જેવી સૂચનાઓ આપવામાં આવતી જ હોય છે. વિકલાંગ વિદ્યાર્થીઓના શાળા પ્રવેશ માટે શિક્ષકો વિકલાંગ વિદ્યાર્થીઓના ઘરે જઈને મા-બાપને શિક્ષણનું મહત્ત્વ સમજાવે છે. વિકલાંગ બાળકો ગામનાં અન્ય બાળકો સાથે જ આવે છે અને સાથે જ રમે છે, જમે છે અને અભ્યાસ પણ સાથે જ કરે છે. શિક્ષકો પણ વિકલાંગ વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદનશીલ છે કે જેથી તેઓ કોઈ પણ ભેદભાવ વિના ભણાવે છે. રાજ્ય સરકારના નિયમ મુજબ દૃષ્ટિહીન બાળકોને ગણિત વિષયના બદલે સંગીત વિષય રાખવાની છૂટ આપવામાં આવે છે.

શાળાના શિક્ષકોને વિકલાંગ બાળકોને ભણાવવાની કોઈ તાલીમ ન આપવામાં આવતી હોવાથી તેઓ અન્ય બાળકોની જેમ તેમને ભણાવે છે. પરંતુ દરેક વખતે વિકલાંગ બાળકોને હંમેશાં પૂછવામાં આવે છે કે જેથી તે બાળકો તેમાં પાછળ ન રહી જાય. શાળાના શિક્ષકો દરેક વિકલાંગ બાળકની પ્રવાસી શિક્ષક સાથે ચર્ચા કરે છે અને તેઓની મુશ્કેલીઓને ઉકેલવાના પ્રયત્નો કરે છે. આઈ.ઈ.ડી.એસ.એસ. દ્વારા દૃષ્ટિહીન અને અલ્પદૃષ્ટિવાળાં વિકલાંગ બાળકો માટે જરૂરી કિટ આપવામાં આવે છે. શાળા દ્વારા વિકલાંગ બાળકોને મૌખિક પરીક્ષામાં થોડી છૂટ આપવામાં આવે છે. જેમ કે, તેઓને ઉત્તર ન આવડે તો તેમને ઉદાહરણ આપીને પૂછવામાં આવે છે અથવા તો બીજા દિવસે તૈયાર કરી લાવવાનું કહેવામાં આવે છે.

શિક્ષકોનું માનવું છે કે વિકલાંગ બાળકો હોંશિયાર હોય છે તેથી બીજાં બાળકોને પણ તેનો લાભ  થાય છે અને દૃષ્ટિહીન બાળકો માટે અન્ય બાળકો વાંચી આપે તો અન્ય બાળકોને પણ તે મદદરૂપ થાય છે. વિકલાંગ બાળકને શિક્ષકો રિસેસમાં પણ બોલાવીને કોઈ મુશ્કેલી હોય તો તેને સમજાવે છે. શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમો, રમતોત્સવ, વિજ્ઞાન મેળા વગેરેમાં વિકલાંગ બાળકોની ભાગીદારી હોય છે. વિકલાંગ બાળકો નિયમિત શાળાએ આવે છે અને તેઓને શાળા કે ઘરમાં કોઈ સમસ્યા હોય તો બાળકો આચાર્ય અને શિક્ષકો સાથે ચર્ચા કરે છે. વર્ગખંડમાં વિકલાંગ બાળકને પહેલી હરોળમાં બેસાડવામાં આવે છે.

વિકલાંગ બાળકોને અંગ્રેજી અને ગણિત વિષયમાં વધુ મુશ્કેલી પડે છે. તેથી શિક્ષકો અને પ્રવાસી શિક્ષક દ્વારા ટી.એલ.એમ. બનાવીને સરળતાથી ભણાવવામાં આવે છે. હાલમાં શાળામાં ભારતના નકશા અને દુનિયાના નકશામાં મુખ્ય દેશો અને જગ્યાઓમાં બ્રેઈલથી જડી દેવામાં આવ્યું છે. તેથી દૃષ્ટિહીન બાળકો તે સહેલાઈથી જાણી શકે છે. વિકલાંગ બાળકોને પરીક્ષા માટે રાઈટરની વ્યવસ્થા પણ શાળા દ્વારા કરવામાં આવે છે. શાળા દ્વારા વિકલાંગ બાળકોના વિકલાંગતા પ્રમાણપત્ર, ઓળખપત્ર અને શિષ્યવૃત્તિ વગેરેમાં જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

**ઈન્ક્લુસિવ એજ્યુકેશન ફોર ડિસેબલ એટ સેકન્ડરી સ્ટેજ અંતર્ગત શાળાને મળતા લાભોઃ**
વિપુલ વિદ્યામંદિર શાળામાં એક ખાસ શિક્ષક દર મંગળવાર અને શુક્રવાર માટે દૃષ્ટિહીન અને અલ્પદૃષ્ટિ ધરાવતાં બાળકો માટે આવે છે. દાહોદ અને પંચમહાલ જિલ્લાઓમાં સરકારના સહયોગથી રાષ્ટ્રીય અંધજન મંડળ દ્વારા બધી શાળાઓના ખાસ શિક્ષકની જોગવાઈ થઈ છે. આ બંને જિલ્લાઓમાં ખાસ શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે અને શાળામાં બાળકો સુધી અભ્યાસની કિટ પહોંચાડવાનું કામ કરવામાં આવે છે. હાલ શાળાના ૩ વિકલાંગ બાળકોને બ્રેઈલ કિટ (બ્રેઈલ સ્લેટ, કલર, પેપર અને કંપાસ) આપવામાં આવ્યાં છે. ઈન્ટિગ્રેટેડ એજ્યુકેશન ફોર ડિસેબલ્ડ એટ સેકન્ડરી સ્ટેજ દ્વારા ધો-૧૦ના વિદ્યાર્થીઓને અંગ્રેજી અને વિજ્ઞાન વિષયની ઓડિયો સીડી અને પાઠ્ય પુસ્તક આપવામાં આવ્યાં છે. ખાસ શિક્ષક દિવસ શાળામાં બાળકો સાથે રહે છે, ક્લાસરૂમમાં જ બેસે છે અને શિક્ષક જે ભણાવતા હોય તે તેને બ્રેઈલ લિપિમાં શીખવવામાં મદદરૂપ થાય છે. તેઓ અભ્યાસ ઉપરાંત બાળકોને હલનચલનની તાલીમ આપે છે કે જેથી તેઓ સ્વતંત્ર રીતે હરીફરી શકે અને કોઈના ઉપર બોજરૂપ ન બની રહે.

*અલ્પેશ શાહ, ડિસેબિલિટી એડવોકેસી ગ્રૃપ, પંચમહાલ અને અમોલ પરમાર, ઉન્નતિ*

## (૬) પી. એમ. પટેલ ગુરુકુળ વિદ્યામંદિર, પાટણ

પી. એમ. પટેલ ગુરુકુળ વિદ્યામંદિર, પાટણ ૧૯૬૩થી શિક્ષણ ક્ષેત્રે સેવા આપી રહેલી શાળા છે. આ માધ્યમિક શાળા ૮થી ૧૨ ધોરણ સુધી ચાલે છે. શાળા ગુર્જર એજ્યુકેશન ટ્રસ્ટ, પાટણ દ્વારા ચાલે છે અને અર્ધ-સરકારી છે. આ શાળા વિકલાંગ બાળકોને શરૂઆતનાં વર્ષોથી જ પ્રવેશ આપે છે. ફક્ત વિકલાંગ બાળકો જ નહિ પરંતુ ગરીબ કુટુંબના વિદ્યાર્થીઓ, ઓછી ટકાવારી કે નાપાસ થયેલ વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપે છે. આ ઉમદા કાર્યને પ્રોત્સાહન આપવા સંસદ સભ્ય દ્વારા શાળાને એવોર્ડ આપવામાં આવ્યો હતો અને એમાં એમને એક કમ્પ્યુટર અને રૂ. ૭૬,૦૦૦ની ગ્રાન્ટ મળી હતી. ગુજરાતી માધ્યમની આ શાળામાં ૮૦૭ બાળકો અભ્યાસ કરે

છે અને ૨૮ શિક્ષકો કાર્યરત છે. તેમાં ૧૧ વિકલાંગ બાળકો છે. ૧ છોકરી અને ૧૦ છોકરાઓ છે, ૨ છોકરાઓ દૃષ્ટિહીન છે અને ૯ અસ્થિવિષયક વિકલાંગ છે. બધા વિદ્યાર્થીઓ આજુબાજુનાં ગામડાંમાંથી આવે છે. તેઓ બસથી અથવા ચાલતા આવે છે. વિકલાંગ વિદ્યાર્થીઓ પણ એમની સાથે જ આવે છે અને તેઓ નિયમિત રીતે શાળાએ આવે છે.

વર્ષના પહેલા દિવસે બધા વિદ્યાર્થીઓનું અભિમુખીકરણ કરવામાં આવે છે. તેમાં વિકલાંગ બાળકોને સ્કૂલના કેમ્પસ વિશે જાણકારી આપવામાં આવે છે અને અન્ય વિદ્યાર્થીઓને વિકલાંગ બાળકોને મદદરૂપ થવા સૂચનો આપવામાં આવે છે અને તેથી શાળા અવરોધમુક્ત ન હોવા છતાં વિકલાંગ બાળકોને કોઈ ખાસ મુશ્કેલી પડતી નથી. આ સાથે શાળા તરફથી દર વર્ષે વિદ્યાર્થીઓ પાસેથી ફાળો ઉઘરાવીને વિકલાંગતા પર કામ કરતી સ્થાનિક સંસ્થાઓને આપવામાં આવે છે.

**શાળા તરફથી મળતી સુવિધાઓઃ**
અન્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકો હંમેશાં વિકલાંગ બાળકોને શાળાની પ્રવૃત્તિઓમાં લાભ લેવા માટે પ્રોત્સાહિત કરે છે. બધી પ્રવૃત્તિઓમાં સંગીત અને પ્રાર્થનાનું આયોજન વિકલાંગ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. શાળામાં વિકલાંગ દિવસ ઉજવવામાં આવે છે. શાળાના અન્ય વિદ્યાર્થીઓને શાળા સિમ્યુલેશન એક્સર્સાઈઝ પણ કરાવે છે. તેથી તેઓ વિકલાંગ વિદ્યાર્થીઓની પરિસ્થિતિને સમજી શકે અને એમના પ્રત્યે સંવેદનશીલ બની રહે.

બધા વિકલાંગ વિદ્યાર્થીઓ પાસે વિકલાંગતાનું પ્રમાણપત્ર છે. આરોગ્ય ચકાસણી કાર્યક્રમનું આયોજન શાળામાં થાય છે અને બધા વિદ્યાર્થીઓનું મેડિકલ ચેક-અપ કરવામાં આવે છે કે જેમાં ૧૦ વિદ્યાર્થીઓને ચશ્મા અને ટ્રાયસીકલ તથા અન્ય સાધનો આપવામાં આવ્યાં હતાં. શાળા સાથે અન્ય સંસ્થાઓ જેવી કે સીનિયર સિટિઝન કેમ્પ, લાયન્સ ક્લબ, રોટરી ક્લબ અને નગરપાલિકા આ વિદ્યાર્થીઓને સાધન-સહાય માટે મદદ કરે છે. શાળા દ્વારા વિકલાંગ વિદ્યાર્થીઓને બ્રેલ લિપિનાં સાધનો અને અન્ય સહાય મળે એ માટે પ્રયત્ન થાય છે.

વિકલાંગ વિદ્યાર્થીઓને વર્ગમાં આગળ બેસાડવામાં આવે છે અને વર્ગમાં શિક્ષકો દ્વારા એમનું ધ્યાન રાખવામાં આવે છે. શિક્ષકો દ્વારા એમને વ્યક્તિગત સમય આપવામાં આવે છે અને એમને અઘરા વિષયો માટે વધારે સરળ રીતે સમજાવવામાં આવે છે.
સરકારી નિયમ મુજબ વિકલાંગ વિદ્યાર્થીઓને ગણિત અને વ્યાયામના વિષયોમાંથી મુક્તિ આપવામાં આવે છે અને સંગીતનો વિષય તેઓ પસંદ કરી શકે છે. શાળા દ્વારા સંગીતનાં સાધનો વસાવવામાં આવ્યાં છે. પરીક્ષા દરમ્યાન રાઈટરની વ્યવસ્થા શાળા દ્વારા કરવામાં આવે છે અને પરીક્ષાના સમય કરતાં અડધો કલાક વધારે આપવામાં આવે છે. શાળાના સમય કરતાં એમને ૫થી ૧૦ મિનિટના સમયની છૂટછાટ આપવામાં આવે છે.

શાળામાં ઈન્ક્લુઝિવ એજ્યુકેશન ફોર ડિસેબલ્ડ એટ સેકન્ડરી સ્ટેજ યોજના અંતર્ગત એક ખાસ શિક્ષક દર સોમવારે આવે છે કે જે વિકલાંગ બાળકોને ભણાવે છે અને અભ્યાસમાં આગળ વધવા મદદરૂપ થાય છે. તે આઈ.ઈ.ડી.એસ.એસ. દ્વારા મળેલી કિટનો પણ ઉપયોગ કરે છે. શાળામાં કમ્પ્યુટર છે કે જેનો ઉપયોગ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને બાયસેગ દ્વારા ગણિત, વિજ્ઞાન અને સમાજવિદ્યાના વર્ગ પણ દેખાડવામાં આવે છે. એ માટે એલ.સી.ડી. પ્રોજેક્ટર અને ટી.વી.નો ઉપયોગ થાય છે.

બક્ષી પંચ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલય પણ છે. પરંતુ વિકલાંગ વિદ્યાર્થીઓને શાળાની નજીક રહેતા હોવા છતાં જરૂરિયાત પ્રમાણે પ્રાધાન્ય આપવામાં આવે છે.

શિક્ષકો અને આચાર્યની મીટિંગમાં અને વાલી મીટિંગમાં પણ વિકલાંગ વિદ્યાર્થીઓ વિશે ખાસ ચર્ચા કરવામાં આવે છે અને એમના પ્રશ્નોનો ઉકેલ લાવવાનો પ્રયત્ન થાય છે. શાળામાં દરેક સ્તરે વિકલાંગ વિદ્યાર્થીઓના સમાવેશ માટે પ્રયત્ન થાય છે.

***કનુભાઈ પરમાર, ડિસેબિલિટી એડવોકસી ગ્રુપ, પાટણ અને અમોલ પરમાર, અર્પિતા વાઘેલા, ઉન્નતિ***

## (૭) સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ

સેંટ ઝેવિયર્સ કોલેજ અમદાવાદની પ્રખ્યાત અને જૂની કોલેજોમાંની એક છે. છેલ્લાં ૩૦ વર્ષોથી એ શૈક્ષણિક ક્ષેત્રે કાર્ય કરી રહી છે. કોલેજમાં લગભગ ૧૮૦૦ વિદ્યાર્થીઓ ભણે છે અને ૬૦ અધ્યાપકો કામ કરે છે. કૉલેજમાં આર્ટ્સ, સાયન્સ અને કોમ્પ્યુટરને લગતાં સ્નાતક અને અનુસ્નાતકના કોર્સ ચલાવવામાં આવે છે.

કોલેજ વંચિત વર્ગના વિદ્યાર્થીઓને અનુકુળ વાતાવરણ અને સમાન અભ્યાસની તકો મળી રહે એ માટે વધારે ધ્યાન આપે છે. અને આ ઉદ્દેશ સાથે જ કોલેજમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને દલિત વિદ્યાર્થીઓ અને વિકલાંગ વિદ્યાર્થીઓ માટે એક અલગ એકમની રચના કરવામાં આવી છે. એમાં મહિલાઓ માટેનો પણ એક વિભાગ

છે. ૨૦૦૩ પહેલાં વિકલાંગ વિદ્યાર્થીઓને મહિલાઓના આ વિભાગમાંથી સાથ-સહકાર મળી રહેતો હતો પરંતુ એ પછી વિકલાંગ વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતાં ૨૦૦૩માં વિકલાંગ વિદ્યાર્થીઓનો એક અલગ વિભાગ બનાવવામાં આવ્યો. તેને કોલેજમાં 'ઉત્કર્ષ' કહેવામાં આવે છે. આ વિભાગ કોલેજમાં વિકલાંગ વિદ્યાર્થીઓ માટે બનાવવામાં આવેલી લિફ્ટની સામે આવેલો છે. તેથી વિકલાંગ વિદ્યાર્થીઓ માટે એની મુલાકાત સરળ બની રહે.

**'ઉત્કર્ષ'માં વિકલાંગ વિદ્યાર્થીઓ માટેની પ્રવૃત્તિઓ**

૨૦૧૧-૧૨માં કોલેજમાં ૩૨ વિકલાંગ વિદ્યાર્થીઓ છે. તેમાંથી ૨૦ વિદ્યાર્થી ઉત્કર્ષ સાથે જોડાયેલા છે. એમાં ૧૪ વિદ્યાર્થીઓ અને ૬ વિદ્યાર્થિનીઓ છે. આ વિદ્યાર્થીઓ મુખ્યત્વે ગુજરાતી, સંસ્કૃત, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર જેવા વિષયોને અભ્યાસ માટે પસંદ કરે છે. આ બધા વિદ્યાર્થીઓની વિગતો આ કેન્દ્રમાં રાખવામાં આવે છે અને જરૂરિયાત પ્રમાણે એમને ટેકો આપવામાં આવે છે.

વિકલાંગ વિદ્યાર્થીઓને અભ્યાસ માટેની, કૌટુંબિક કે વ્યક્તિગત સમસ્યાઓ કે ભાવનાઓ રજૂ કરવાનો મોકો મળે છે અને એમને એ માટે માર્ગદર્શન મળે છે. દર મહિને કેન્દ્રમાં મીટિંગ રાખવામાં આવે છે. તેમાં એમના અભ્યાસ વિશે અને 'ઉત્કર્ષ'ની માસિક પ્રવૃત્તિઓ વિશે ચર્ચા કરવામાં આવે છે. 'ઉત્કર્ષ' દર વર્ષે અન્ય કોલેજોના વિકલાંગ વિદ્યાર્થીઓ સાથે સંમેલનનું આયોજન કરે છે. 'ઉત્કર્ષ' દ્વારા આ વિદ્યાર્થીઓ માટે પિકનિકનું પણ આયોજન કરે છે.

'ઉત્કર્ષ'નું અને આ પ્રવૃત્તિઓનું સંચાલન અને આયોજન વિકલાંગ વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવે છે. સ્વયંસેવકો દ્વારા એમને પૂરતો ટેકો અને સમર્થન મળી રહે છે. સ્વયંસેવકોમાં અન્ય વિદ્યાર્થીઓ ઉપરાંત આ વિદ્યાર્થીઓના વાલીઓ, અધ્યાપકો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અન્ય કૉલેજના વિદ્યાર્થીઓ પણ જોડાયેલા છે.

કોલેજના કેમ્પસને અને ક્લાસરૂમને અવરોધમુક્ત બનાવવા માટે રેમ્પ (ઢાળ) અને લિફ્ટની વ્યવસ્થા છે. બહેનો માટે ખાસ અવરોધમુક્ત શૌચાલય પણ બનાવવામાં આવ્યું છે. સાથે સાથે આ વિદ્યાર્થીઓને કોલેજ તરફથી અમુક છૂટછાટ આપવામાં આવે છે જેમ કે કેમ્પસમાં ટ્રાયસીકલ લઈને કે અન્ય વાહન લઈને આવી શકાય છે અને ફરી શકાય છે. તેઓ કેમ્પસમાં અને ક્લાસમાં વ્હીલ ચેરનો પણ ઉપયોગ કરી શકે છે. 'ઉત્કર્ષ' દ્વારા પણ એક વ્હીલચેર ઉપલબ્ધ છે કે જેનો તેઓ કોઈ પણ સમયે ઉપયોગ કરી શકે છે. દૃષ્ટિક્ષતિ ન ધરાવતા વિદ્યાર્થીઓ માટે કોલેજમાં બે જોસ સોફ્ટવેર (અવાજ સાથેના કોમ્પ્યુટર્સ)વાળા કોમ્પ્યુટર્સ ઉપલબ્ધ છે કે જેનો ઉપયોગ આ વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ માટે કરે છે.

'ઉત્કર્ષ' અને કોલેજ દ્વારા વર્ષની શરૂઆતમાં વિકલાંગ વિદ્યાર્થીઓને ખાસ અભિમુખીકરણ કાર્યક્રમ રાખવામાં આવે છે. તેમાં કોલેજ, કેમ્પસ, અભ્યાસક્રમો, અન્ય પ્રવૃત્તિઓ અને વિકલાંગ વિદ્યાર્થીઓ માટેની છૂટછાટ વગેરે વિશે જાણકારી આપવામાં આવે છે. આ વિદ્યાર્થીઓને વિષયોની પસંદગી માટે પણ સલાહ-સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવે છે. જેમ કે, કયાં વિષયો એમની માટે સરળ અને લાભદાયી રહેશે અને કયા વિષયોમાં એમને તકલીફ પડી શકે છે. છતાં, આ બાબત એ વિદ્યાર્થીના આત્મવિશ્વાસ પર આધાર રાખે છે એમ કહી શકાય. એક વિદ્યાર્થીની, જેને હલનચલનની વિકલાંગતા છે અને કોણીથી બંને હાથ નથી. પ્રોફેસરના કહેવા પ્રમાણે મનોવિજ્ઞાનના અંતિમ વર્ષમાં અમુક મશીનો સાથે કાર્ય કરવાનું હોય છે જેમાં બંને હાથની જરૂર પડે છે અને તેથી ઘણી રસરુચિ હોવા છતાં એ વિદ્યાર્થીનીને સાયકોલોજી વિષયને, મુખ્ય વિષય તરીકે ન લેવાની સલાહ આપવામાં આવી. પરંતુ જ્યારે એ વિદ્યાર્થીનીને તેના એ કોણી સુધીના બંને હાથો વડે લખતાં, મોબાઈલ વાપરતા અને મશિનનો ઉપયોગ કરતાં જોયું. તો તેમણે એને એ વિષયને પસંદ કરવાની છૂટ આપી. ફક્ત વિકલાંગ વિદ્યાર્થીને બીજા વર્ષમાં વિષય બદલવાની છૂટ આપવામાં આવે છે.

ખુદ વિકલાંગ વિદ્યાર્થીઓ જણાવે છે કે અભ્યાસમાં અન્ય વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો ઘણા મદદરૂપ થાય છે. એમના અભ્યાસમાં તેથી એમની તકલીફો ઘણી ઓછી થઈ જાય છે. અન્ય વિદ્યાર્થીઓ ક્લાસમાં ભણાવવામાં આવતા મુદ્દાઓ વાંચી સંભળાવી અભ્યાસમાં મદદ કરે છે. વૉઈસ રેકોર્ડર દ્વારા વિકલાંગ વિદ્યાર્થીઓ આ મુદ્દાઓને રેકોર્ડ કરીને એમના અભ્યાસ માટે મદદ મેળવે છે.

અમુક જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને કોલેજ તરફથી આર્થિક મદદ પણ આપવામાં આવે છે. બે વિદ્યાર્થીઓને ટ્રાયસીકલ આપવામાં આવી છે. વિદ્યાથીઓના પરીક્ષા દરમ્યાન રાઈટર શોધવામાં કોલેજ મદદરૂપ થાય છે અને એની ફી 'ઉત્કર્ષ' દ્વારા અથવા અધ્યાપકો દ્વારા પણ આપવામાં આવે છે. કોલેજના વિદ્યાર્થીઓ પણ રાઈટર તરીકે સેવા આપે છે. કોલેજ અન્ય સંસ્થાઓનો સંપર્ક કરીને વિકલાંગ વિદ્યાર્થીઓને ઉપકરણો પણ પૂરાં પાડે છે.

અધ્યાપકો પણ સમાવેશના હેતુ સાથે કામ કરે છે. વિકલાંગ વિદ્યાર્થીઓને અન્ય વિદ્યાર્થીઓની સાથે જ સમાન રીતે બધી જ પ્રકારની તકો અને અધિકારો મળી રહે એ માટે તેઓ હંમેશાં પ્રયત્ન કરે છે. વર્ગખંડમાં અધ્યાપકો ખાતરી રાખે છે કે વિકલાંગ વિદ્યાર્થીઓને તેઓ જે

ભણાવે તે સમજણ પડે. આ માટે એમને વ્યક્તિગત પૂછવામાં આવે છે તથા વર્ગખંડની બહાર એમના માટે સમય ફાળવવામાં આવે છે. અધ્યાપકો જરૂર પ્રમાણે પ્રોજેક્ટર (આઈ.સી.ટી.)નો ઉપયોગ કરે છે કે જે અલ્પદૃષ્ટિ ધરાવતા વિદ્યાર્થીઓને લાભદાયક બની રહે છે. આ ઉપરાંત અધ્યાપકોની મીટિંગ દરમ્યાન વિકલાંગ વિદ્યાર્થીઓ અને તેમની સમસ્યાઓ વિશે ચર્ચા કરવામાં આવે છે અને તે સમસ્યાઓને નિવારવા માટેની માહિતીની આપ-લે થાય છે

*અમોલ પરમાર અને અર્પિતા વાઘેલા, ઉન્નતિ*

## રોજગાર ક્ષેત્ર

## (૧) ઈએસજે ઈન્ટરનેશનલ પ્રા. લિમિટેડ, વલસાડ

ઈએસજે ઈન્ટરનેશનલ પ્રા. લિમિટેડની શરૂઆત ૧૯૮૭માં થઈ હતી. એની મુખ્ય ઓફિસ મુંબઈના લોઅર પરેલમાં આવી છે. કંપનીની બે ઉત્પાદક ફેક્ટરી મહારાષ્ટ્રના કોપરખેરાને અને ગુજરાતના વલસાડ જિલ્લામાં આવેલી છે. કપડાનો વેપાર કરતી આ કંપનીનું ઉત્પાદન અને વેચાણ વધતા છ વર્ષ પછી કંપનીએ મહિલા માટેનાં કપડાંઓનું ઉત્પાદન શરૂ કર્યું જેમાં એમણે સીવણ, ગૂંથણકામ અને ભરતકામનો સમાવેશ કર્યો. વલસાડની ફેક્ટરીની શરૂઆત ૧૯૯૪માં થઈ. જે મહરાષ્ટ્ર-ગુજરાતની હદ પર આવેલા સરીગામ વિસ્તારમાં આવેલી છે. ફેક્ટરી વલસાડ જિલ્લાથી ૬૦ કિ.મિ. દૂર આવેલા સરીગામ જી.આઈ.ડી.સી.માં ૬૪,૦૦૦ ચો. ફૂટના વિસ્તારમાં ફેલાયેલી છે. ઈએસજે ઈન્ટરનેશનલ પ્રા. લિમિટેડ આંતરરાષ્ટ્રીય ઉત્પાદકોને તેમના માલની નિકાસ કરે છે. કંપનીનું વાર્ષિક ટર્નઓવર ૬૦ કરોડ છે. વર્લ્ડવાઈડ રિસ્પોન્સિબલ એક્રિડિટેડ પ્રોડક્શન અને એસએ ૮૦૦૦ બંને સ્વૈચ્છિક સંસ્થા દુનિયાભરની ઉત્પાદક કંપનીઓના માનવીય, નૈતિક અને કાયદેસરના ઉત્પાદન માટે તથા ઓડિટ અને સામાજિક ઉત્તરદાયિત્વ માટે અધિકારપત્ર આપે છે. આ બાબત નોંધપાત્ર છે કે ઈએસજે ઈન્ટરનેશનલ પ્રા. લિમિટેડને આ બંને સંસ્થાઓ તરફથી અધિકારપત્ર મળેલ છે.

વિકલાંગ કર્મચારીઓને કંપની ૨૦૦૦થી કામ આપી રહી છે. વિકલાંગ લોકો પોતાની ક્ષમતા પ્રમાણે કામ કરવા આવે છે અને કંપની એમની ક્ષમતા અને જરૂરિયાત પ્રમાણે કામ પૂરું પાડે છે. આ કંપનીમાં કુલ ૮૫૦ કર્મચારીઓ કામ કરે છે કે જેમાં ૬૨ ટકા મહિલાઓ અને ૩૮ ટકા પુરુષો છે. ૧૦ કર્મચારીઓ વિકલાંગ છે એમાં ૪ ભાઈઓ અને ૬ બહેનો છે કે જેમાં ૬ અસ્થિવિષયક, ૨ દૃષ્ટિહીન, ૧ અલ્પદૃષ્ટિ અને ૧ શ્રવણશક્તિની વિકલાંગતા ધરાવે છે. કંપનીમાં સેમ્પલીંગ, કટીંગ, ટેલરીંગ અને ચેકીંગ માટેના વિભાગો આવેલાં છે. વિકલાંગ લોકો કંપનીમાં પ્રોડક્શન વિભાગમાં ચેકર, હેલ્પર, ટેલર, રાયટાર અને મશીન ઓપરેટર તરીકે કામ કરે છે.

### કંપનીના નિયમો

કંપનીનો સમય સવારના ૮ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીનો છે. બધા કર્મચારીઓ ફૂલ ટાઈમ કામ કરે છે. ૩ મહિનાના પ્રોબેશન પિરિયડ પછી કર્મચારીઓને કાયમી બનાવવામાં આવે છે. સરકારી નિયમાનુસાર બધા કર્મચારીઓને લઘુતમ વેતન આપવામાં આવે છે અને સાથે પ્રોવિડન્ડ ફંડ, ગ્રેજ્યુઈટી, બોનસ અને વીમા પોલિસી જેવા લાભો પણ આપવામાં આવે છે. આ બધા જ નિયમો અને લાભો વિકલાંગ કર્મચારીઓને પણ લાગુ પડે છે.

બોનસ કે પગાર વધારામાં વિકલાંગ કર્મચારીઓને કોઈ ભેદભાવ કરવામાં આવતો નથી અને તેઓને વધારેમાં વધારે લાભો આપવાના પ્રયત્નો કરવામાં આવે છે. કર્મચારીઓને કામની શરૂઆતમાં તાલીમ આપવામાં આવે છે અને તેમનું કૌશલ્ય તથા અનુકૂળતા જોઈને એમનો કામ આપવામાં આવે છે. આ તાલીમ વિકલાંગ કર્મચારીઓને માટે ખૂબ લાભદાય હોય છે. વિકલાંગ કર્મચારીઓ થોડું ઓછું કામ કરે તો કંપની તરફથી ચલાવી લેવામાં આવે છે. પરંતુ માલની ગુણવત્તામાં કોઈ બાંધછોડ કરવામાં આવતી નથી. આ બધા કર્મચારીઓ કંપનીમાં લગભગ ૭થી ૧૪ વર્ષથી કામ કરે છે. બધા કર્મચારીઓ કાયમી છે અને કંપની તરફથી બધા લાભો મેળવે છે. વિકલાંગ કર્મચારીનું પગારધોરણ સરેરાશ ૪૦૦૦થી ૫૦૦૦ની વચ્ચે છે.

### કંપનીની સુવિધા અને વાતાવરણ

વિકલાંગ કર્મચારીઓના જણાવ્યા મુજબ કામનું સ્થળ અને વાતાવરણ એમના માટે યોગ્ય છે અને એમની કુશળતા અને અનુકૂળતાને ધ્યાનમાં લઈને જ એમને કામ આપવામાં આવે છે. વિકલાંગ કર્મચારીઓને કંપનીના બિલ્ડિંગના નીચલા માળમાં કામ મળી રહે એવા પ્રયત્નો કરવામાં આવે છે જેથી એમને હરવા-ફરવામાં ઓછી તકલીફ પડે. જો કોઈ કર્મચારીઓને એક કામમાં તકલીફ પડતી હોય તો એમને કામ બદલી આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે, એક વિકલાંગ બહેને જણાવ્યા મુજબ, મશીન પર ઝૂકીને કામ કરવાથી તેમને તકલીફ પડતી હતી તેથી તેમનું કામ બદલીને તેમને રાયટરનું કામ આપવામાં આવ્યું.

કંપનીમાં આવવા-જવા માટે કર્મચારીઓ માટે કંપની તરફથી એક બસની સુવિધા કરવામાં આવી છે. જે વિકલાંગ કર્મચારીઓને ખૂબ લાભદાયક નિવડે છે. બસમાં વિકલાંગ કર્મચારીઓ અને ગર્ભવતી મહિલાઓની અનુકૂળતા માટે આગળની બેઠકો ખાલી રાખવામાં આવે છે. કામના સમયે, વિકલાંગ કર્મચારીઓને હરવા-ફરવાની

મુશ્કેલી હોય તો કામની જગ્યાએ જ જમી શકે છે. વિકલાંગ કર્મચારીઓ તથા ગર્ભવતી મહિલાઓને કંપનીના છૂટવાના થોડા સમય પહેલાં જ જવાની છૂટ આપવામાં આવી છે અને તેઓને, સિનિયર સ્ટાફ ઉપયોગ કરે છે એ પ્રવેશ દ્વારમાંથી આવવા-જવાની છૂટ છે જેથી તેઓ સરળતાથી અવરજવર કરી શકે છે.

કંપનીમાં કર્મચારીઓને સોસાયટીની રચના કરવામાં આવેલી છે જેને કામદાર સોસાયટી કહેવામાં આવે છે. આ કામદાર સોસાયટી સૌ કર્મચારીઓના સહયોગથી ચાલે છે. જે કોઈ પણ કર્મચારીને નાણાંની જરૂર હોય તેઓ લોન સ્વરૂપે નાણાકીય સહાય આ સોસાયટી પાસેથી લે છે. વિકલાંગ કર્મચારીઓ પણ આ સુવિધાનો લાભ તબીબી અને કૌટુંબિક ખર્ચા માટે લે છે.

અન્ય કર્મચારીઓનું વિકલાંગ કર્મચારીઓ પ્રત્યેનું વર્તન સહકારભર્યું છે તેઓ વિકલાંગ કર્મચારીઓને પોતાનામાંના એક ગણીને વર્તન-વ્યવહાર કરે છે. મેડિસિન્સના કારણે વિકલાંગ કર્મચારીઓના વર્તનમાં આવતા ફેરફારોને તેઓ સમજે છે અને એ મુજબ વર્તન કરે છે જેને સકારાત્મક કહી શકાય. આ બધી છૂટ એમની કામની ગુણવત્તામાં વધારો કરે છે. કર્મચારીઓ અને સિનિયર ઓફિસરોના સાથ-સહકાર એમનામાં આત્મવિશ્વિસ જગાવે છે.

***રાજેશ બારોટ, ડિસેબિલિટી એડવોકેસી ગૃપ, સાબરકાંઠા અને અર્પિતા વાઘેલા, અમોલ પરમાર, ઉન્નતિ***

## (૨) ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, તલોદ, સાબરકાંઠા

ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ઘટન માટે ગુજરાત સરકાર દ્વારા ૨૦૦૩માં એનું ચાર વિસ્તારમાં વિભાજન કરવામાં આવ્યું. જેમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિ., દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ., મધ્ય ગુજરાત વીજ કંપની લિ. અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.નો સમાવેશ થાય છે. આ ચારમાંથી ઉત્તર ગુજરાત વીજ કંપની લિ.ની શરૂઆત ૨૦૦૬માં કરવામાં આવી. તેમાં ચાર વિભાગ પાડવામાં આવ્યા, જે મહેસાણા, સાબરમતી, પાલનપુર અને હિમ્મતનગર છે. વિકેન્દ્રીકરણના હેતુથી એમાં ડીવીઝન તથા સબ-ડીવીઝનની પણ રચના કરવામાં આવી.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. તલોદ એ ડીવીઝનલ ઓફિસ છે કે જેની સર્કલ ઓફિસ હિમ્મતનગર અને રજિસ્ટર્ડ ઓફિસ મહેસાણામાં છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. તલોદની મુલાકાત લઈને વિકલાંગ લોકોના સમાવેશ અને સમાવેશી રીતો વિશે માહિતી લેવામાં આવી. ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. તલોદમાં કુલ ૩૮૫ કર્મચારીઓ કામ કરે છે કે જેમાં ૭ વિકલાંગ કર્મચારીઓ છે અને સબ-ડીવીઝનમાં ૩ વિકલાંગ કર્મચારીઓ છે કે જેમાં ૧ હેલ્પર પણ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. - તલોદમાં વહીવટી વિભાગ, ટેક્નિકલ વિભાગ, બીલીંગ અને કલેક્શન વિભાગ આવેલા છે. બધા વિકલાંગ કર્મચારીઓ જુનિયર આસીસ્ટન્ટના હોદ્દા પર કામ કરે છે અને બધા વિભાગોમાં પોતાની ફરજ બજાવે છે છતાં ટેક્નિકલ વિભાગમાં વિકલાંગ લોકો ટેક્નિકલ કામ ન કરી શકતા હોવાથી આ વિભાગમાં કોઈ વિકલાંગ કર્મચારી નથી. બધા વિકલાંગ કર્મચારીઓ ભાઈઓ છે અને તેઓ ઘણાં વર્ષોથી આ ક્ષેત્રે કામ કરી રહ્યા છે સરેરાશ ૨૫થી ૩૦ વર્ષથી તેઓ આ ક્ષેત્રે પોતાની ફરજ બજાવી રહ્યા છે.

### ભૌતિક વાતાવરણ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. - તલોદનું મકાન ત્રણ માળનું છે બધા વિકલાંગ કર્મચારીઓને નીચલા માળમાં જ કામ આપવામાં આવે છે છતાં જો તેમને અનુકૂળ હોય તો ઉપલા માળે બેસવાની છૂટ આપવામાં આવે છે. ઉપરના માળે જવા માટે એક સીડી છે જેની એક બાજુ રેલીંગ આપવામાં આવી છે જેનો ઉપયોગ વિકલાંગ લોકો કરે છે. ભોયતળિયું થોડું લીસું છે પરંતુ કંપની દ્વારા તેમાં કાર્પેટ નખાવવાની જોગવાઈ કરવામાં આવશે જે ઘોડીનો ઉપયોગ કરનારા વિકલાંગ ભાઈઓ માટે ખૂબ લાભદાયક બની રહેશે. એક શૌચાલય છે જે નજીક છે પરંતુ અવરોધમુક્ત નથી. કર્મચારીઓને અનુકૂળ હોય તો તેઓને કામના સ્થળે જ જમી લેવાની છૂટ છે. કામના સ્થળમાં કોઈ તકલીફ હોય તો તેને દૂર કરવાના પ્રયત્ન થાય છે. જેમ કે એક વિકલાંગ કર્મચારી માટે ખુરશીમાં વધુ ઉંચાઈએ બેસવા માટે વધારે ગાદીની જોગવાઈ કે પાર્કિંગની વ્યવસ્થા વગેરે કરવામાં આવે છે.

### ભરતી પ્રક્રિયા

ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. તલોદમાં ભરતી પ્રક્રિયા રજીસ્ટર ઓફિસ મહેસાણા દ્વારા કરવામાં આવે છે. વિકલાંગ લોકોને ૩ ટકાના આરક્ષણ પ્રમાણે ભરતી કરવામાં આવે છે. ભરતી પ્રક્રિયામાં પ્રવેશ પરીક્ષા લઈને મેરીટ પ્રમાણે નિમણૂક કરવામાં આવે છે અને વિકલાંગ લોકોને અન્ય લોકો કરતાં ઓછાં ગુણે રોજગારી આપવામાં આવે છે. બીજી કોઈ છૂટછાટ વિકલાંગ લોકોને આપવામાં આવતી નથી. પરંતુ એક વાત નોંધનીય છે કે કોઈ એવા વિકલાંગ વ્યક્તિ આ ક્ષેત્રે કામ માટે અરજી કરતાં નથી. તેથી તેઓને પ્રવેશ પરીક્ષામાં છૂટ આપવાનો પ્રશ્ન ઊભો થતો નથી. ઉંમરમાં એમને ૧૦ વર્ષ સુધીની છૂટ આપવામાં આવે છે.

## કંપનીના નીતિ-નિયમો

બધા કર્મચારીઓને ૯ વર્ષ બાદ પહેલું પ્રમોશન મળે છે અને પ્રમોશનમાં તેઓની બદલી પણ થઈ શકે છે. જો વિકલાંગ કર્મચારીઓને કોઈ પ્રકારની તકલીફ હોય તો રજૂઆત કરતાં તેઓની બદલી મુલતવી રાખવામાં આવે છે અને બઢતી જે તે સ્થળે આપવામાં આવે છે. બધા કર્મચારીઓને લાયકાત પ્રમાણે જ કામ આપવામાં આવે છે. વિકલાંગ લોકો માટે કોઈ ખાસ જોગવાઈ નથી. છતાં ટેક્નિકલ વિભાગમાં એન્જિનિયરની પોસ્ટ માટે લાયકાત ધરાવતા વિકલાંગ વ્યક્તિને લઈ શકાય છે.

વિકલાંગ કર્મચારીઓને અન્ય કર્મચારીઓની જેમ ફુલ ટાઈમ કામ પર રાખવામાં આવે છે અને એમને અન્ય કર્મચારીઓની જેમ જ સરકારી પગાર ધોરણ અને લાભો મળે છે. દર વર્ષે બધા કર્મચારીઓની જેમ એમનું મૂલ્યાંકન એટલે ક્રેડીટ રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે અને જો જો કોઈ કર્મચારીનું પ્રદર્શન સારું ન હોય તો એમના પગાર ધોરણમાં વધારો કરવામાં આવતો નથી. પરંતુ વિકલાંગ કર્મચારીઓને માનવતાની દૃષ્ટિએ એમાં રાહત આપવામાં આવે છે. કાર્યપાલકના કહેવા પ્રમાણે વિકલાંગ કર્મચારીઓ અન્ય કર્મચારીઓ કરતાં જરા પણ ઓછું કામ કરતા નથી પરંતુ એમની સમકક્ષ કામ આપે છે અને એમની પ્રતિબદ્ધતા પર એમના કરતાં વધારે રહે છે.

કંપની દ્વારા વિકલાંગ કર્મચારીઓને દર મહિને રૂ. ૫૦૦ ભથ્થા તરીકે આપવામાં આવે છે. તબીબી ભથ્થું પોતાના માટે અને કુટુંબ માટે અન્ય કર્મચારીઓની જેમ આપવામાં આવે છે. દરેક કર્મચારીને વીમાનો પણ લાભ મળે છે. બીજી એક હકારાત્મક રીત એ છે કે કંપનીમાં કરમુક્તિનો સીધે સીધો અમલ કરવામાં આવે છે. વિકલાંગ કર્મચારીની રજૂઆત વગર વિકલાંગ કર્મચારીઓને સરકારી મર્યાદા કરતાં રૂ. ૧ લાખની વધારે છૂટ આપવામાં આવે છે. રૂ. ૧૦ લાખની મર્યાદા સાથે તેઓને અન્ય કર્મચારીઓ પ્રમાણે પી.એફ. અને ગ્રેજ્યુઈટીનો લાભ મળે છે.

કર્મચારીઓની ક્ષમતા વધારવા વડી કચેરી તરફથી કર્મચારીઓના વર્તન-વ્યવહાર અને કાર્યક્ષમતાને વધારવા તાલીમો રાખવામાં આવે છે. તેમાં પોઝીટીવ એટીટ્યૂડ અને પર્સનાલીટી ડેવલપમેન્ટને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. વિકલાંગ કર્મચારીઓના પ્રશ્નોને ઉકેલવા એક સેમિનાર પણ રાખવામાં આવ્યો હતો. તેમાં ડો. ભાસ્કર મહેતા દ્વારા એમના પ્રશ્નો વિશે ચર્ચા કરવામાં આવી હતી. કંપનીમાં વ્હીલચેર અને ગ્રીન કાર્પેટના પ્રશ્ન વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. વડી કચેરી તરફથી રમત-ગમતનું આયોજન પણ કરવામાં આવે છે કે જેમાં વિકલાંગ કર્મચારીઓ માટેની રમતોનો સમાવેશ થઈ શકે જેમ કે ગોળા ફેંક, બરછી ફેંક વગેરે.

બહારથી કામ કરવા આવનારા વિકલાંગ કર્મચારીઓને ક્વાર્ટરની જોગવાઈ પણ છે જો ક્વાર્ટર ખાલી ન હોય તો એમને ક્વાર્ટર મેળવવા માટે અથવા રહેવાની અન્ય વ્યવસ્થા કરી આપવા માટે કંપની તરફથી પ્રયત્નો થાય છે. અન્ય કર્મચારીઓ એમને ખાસ મદદ પૂરી પાડે છે.

## વિકલાંગ કર્મચારીઓ વિશે

બધા વિકલાંગ કર્મચારીઓનો સરેરાશ પગાર ૩૦થી ૪૦ હજારની વચ્ચે છે. જે અન્ય કર્મચારીઓ પ્રમાણે સરકારી નિયમ મુજબ છે. વિકલાંગ કર્મચારીઓ નજીકના વિસ્તારોમાંથી આવે છે જેમાં તાજપુર, હરસોલ, જેનપુર, બોભા વગેરેનો સમાવેશ થાય છે. તેથી સરેરાશ ૮ થી ૧૫ કિમી દૂર છે તેઓ પોતાના વાહન અને બસનો અથવા અન્ય ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરે છે. આર્થિક રીતે તેમને કોઈ તકલીફ નથી અને સમાજમાં પણ તેમને માનથી જોવામાં આવે છે. તેમના કુટુંબમાં પણ તેઓ વડિલની રીતે એક બિન-વિકલાંગ વ્યક્તિની જેમ જ પોતાની ફરજો બજાવે છે અને એમાં એમને કોઈ ભેદભાવ નથી થતો. જે વિકલાંગ વ્યક્તિઓને અકસ્માત થતાં વિકલાંગ બન્યા તેઓને જીવનમાં વિકલાંગતાનો સ્વીકારવામાં વધારે તકલીફ થઈ છે પરંતુ તેઓએ વિકલાંગતાને હરાવીને એક સામાન્ય જીવન જીવવાનું ચાલુ કર્યું છે તેઓ ઉત્સાહી અને મહેનતુ છે અન્ય કર્મચારીઓની જેમ જ આવન-જાવન અને કામકાજ કરે છે.

***અતુલ પરમાર, ડિસેબિલિટી એડવોકેસી ગ્રુપ, સાબરકાંઠા***
***અને અર્પિતા વાઘેલા, ઉન્નતિ***

## (૩) દલાલ સ્ટોક, વિસનગર, મહેસાણા

દલાલ સ્ટોક એક પ્રાઈવેટ કંપની છે કે જે ૨૦૦૮માં શરૂ કરવામાં આવી. કંપનીને વધારે ફાયદો અને સફળતા મળતાં ૨૦૧૦-૧૧માં એ મોટા પાયા પર ચાલુ કરવામાં આવી. કંપની મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં આવેલી છે. ઉત્તર ગુજરાતમાં આ એક જ સ્ટોક માર્કેટ એડવાઈઝરી કંપની છે કે જેમાં ૮૦ કર્મચારીઓ કામ કરે છે. એમાં ૫ વિકલાંગ કર્મચારીઓ છે. કંપની વિકલાંગ કર્મચારીઓને કંઈ સહાનુભૂતિના ઉદ્દેશ સાથે રોજગાર નથી આપતી પરંતુ કંપની માને છે કે કામ કરી શકતી કોઈ પણ વ્યક્તિને રોજગાર આપવો, ભલે એ વિકલાંગ કેમ ન હોય. કર્મચારીઓ અન્ય કંપનીઓને શેર બજાર અંગે સલાહ-સૂચન આપે છે. આ માટે એમણે દિવસ દરમ્યાન ફોન પર વાતચીત કરવાની હોય છે. જો કોઈ પણ વ્યક્તિ ફોન પર વાતચીત કરી શકવાની ક્ષમતા ધરાવતી હોય તો દલાલ સ્ટોક એને કામ

આપવા તૈયાર છે.

કંપનીના ૫ વિકલાંગ લોકોમાંથી ૧ દૃષ્ટિહીન અને ૪ અસ્થિવિષયક છે. ૧ બહેન અને ૪ ભાઈઓ છે. એક વિકલાંગ ભાઈ પટાવાળાનું કામ કરે છે અને અન્ય વિકલાંગ લોકો ફોન પર વાતચીતનું કામ કરે છે અને તેઓ બધા પૂર્ણ સમયના કર્મચારીઓ છે. બધા કર્મચારીઓનો લઘુતમ પગાર રૂ. ૨૦૦૦ છે, પરંતુ દિવસ દરમ્યાન કરવામાં આવતા ફોન અને એમના દ્વારા થતા કામને લઈને વેતન આપવામાં આવે છે. આ વેતન સાથે એમના માસિક પગાર રૂ. ૫૦૦૦થી રૂ. ૧૦,૦૦૦ની વચ્ચે હોય છે. પરંતુ વધારે ફોન કરતાં કર્મચારીઓને એ પ્રમાણેનું કમિશન મળે છે.

વિકલાંગ લોકો સાથે વાત કરતાં જણાયું કે તેઓને અખબારોમાં આવેલી જાહેરાત દ્વારા અને અન્ય લોકો દ્વારા આ સ્ટોક માર્કેટ એડવાઈઝરી વિશે જાણકારી મળી હતી અને તેઓએ રોજગારીનો લાભ મેળવ્યો. કંપની દ્વારા કામ માટેની જાહેરાત માટે એક ચોપાનિયું પણ બહાર પાડવામાં આવ્યું હતું. તેમાં પછાત વર્ગના યુવાનો અને વિકલાંગ લોકોના ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને એમને પ્રાધાન્ય આપવામાં આવશે એવું કહેવામાં આવ્યું હતું. કંપનીમાં કામ મેળવ્યા બાદ કર્મચારીઓની ૧ મહિનાની તાલીમ કંપનીના કામ માટે રાખવામાં આવે છે.

કંપનીનો સમય સવારના ૯ વાગ્યાથી સાંજના ૫.૩૦ સુધીનો છે. ૧૨.૩૦થી ૧.૦૦ વાગ્યા સુધી જમવા માટેનો સમય હોય છે. વિકલાંગ કર્મચારીઓ થોડા મોડા આવે અથવા થોડું ઓછું કામ કરે, રજા લે તો કંપની ચલાવી લે છે. કર્મચારીઓને બોનસ આપવામાં આવે છે પરંતુ વીમા કે હેલ્થ પોલિસી નથી.

બધા વિકલાંગ કર્મચારીઓ પાસે વિકલાંગતાનું પ્રમાણપત્ર છે અને તેઓ સરકારી લાભો મેળવે છે. વિકલાંગ કર્મચારીઓ એચ.એસ.સી.થી સ્નાતક સુધી ભણેલા છે. બધા વિકલાંગ કર્મચારીઓ નજીકના ગામ કમાલપુર, વડનગર, કૌસા અને કુણજામાંથી આવે છે. મુસાફરી માટે બધા બસનો ઉપયોગ કરે છે અથવા અન્ય વાહનો દ્વારા પણ આવે છે.

કંપનીમાં કામ પર વધારે ભાર મૂકવામાં આવે છે અને કામને જ મહત્ત્વ આપવામાં આવે છે. કંપનીનું ભૌતિક વાતાવરણ સારું છે અને વિકલાંગ કર્મચારીઓ માટે અનુકૂળ છે. જમવા માટે કેન્ટિનની વ્યવસ્થા છે છતાં વિકલાંગ કર્મચારીઓને કામની જગ્યાએ જમવાની છૂટ છે. કંપની મકાનમાં ત્રીજા માળે આવેલી છે. તેમાં લીફ્ટ છે કે જે એક વર્ષ પહેલાં કામ નહોતી કરતી, પરંતુ દલાલ સ્ટોક દ્વારા એની મરામત કરાવીને ચાલુ કરાવી છે કે જે વિકલાંગ કર્મચારીઓ માટે ખૂબ લાભદાયક નીવડ્યું છે.

*જેસિંગ સેનમા, ડિસેબિલિટી એડવોકેસી ગૃપ, મહેસાણા અને અર્પિતા વાઘેલા, અમોલ પરમાર, ઉન્નતિ*

### (૪) એમ. આર. કે. હેલ્થકેર, પાટણ

૧૯૮૦માં મુંબઈમાં એમ. આર. કે. હેલ્થકેર કંપનીની શરૂઆત પાટણના વતની શ્રી મહેશભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી. પાટણના લોકોને રોજગારી મળે તે ઉદ્દેશથી ૧૯૯૮માં તેમણે પાટણ શહેરમાં આ કંપનીનું કારખાનું નાંખ્યું. કંપની સર્જિકલ મોજાં ઉત્પન્ન કરે છે કે જે હોસ્પિટલમાં ડોક્ટરો દ્વારા વપરાય છે. કંપનીની મુખ્ય કચેરી મુંબઈ ખાતે છે. કંપનીએ પાટણ-ઊંઝા રોડ પર નવો પ્લાન્ટ નાંખ્યો છે. કંપની સર્જિકલ મોજાંનું ઉત્પાદન કરીને સમગ્ર દેશમાં તેનો પુરવઠો મોકલે છે અને તેની નિકાસ પણ કરે છે. કંપનીમાં ૩૧૫ પુરુષ કર્મચારીઓ છે કે જેઓ કાયમી છે અને બીજા ઘણા કામદારો કામ કરવા આકસ્મિક ધોરણે આવે છે. તેમાં ૨૩ કર્મચારીઓ વિકલાંગ છે. ૨૧ વિકલાંગ કર્મચારીઓ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવે છે અને ૨ કર્મચારીઓ મંદ બુદ્ધિની વિકલાંગતા ધરાવે છે. કંપનીમાં પ્રોસેસિંગ, ઉત્પાદન, પેકિંગ અને ડિસ્પેચ વિભાગ છે. ૨૧ વિકલાંગ કર્મચારીઓ પેકિંગ વિભાગમાં અને ૨ વિકલાંગ કર્મચારીઓ ડિસ્પેચ વિભાગમાં કામ કરી રહ્યા છે. કંપનીનો આરંભ થયો ત્યારથી જ વિકલાંગ વ્યક્તિઓને તેમાં કામ આપવામાં આવે છે. ઘણી વિકલાંગ વ્યક્તિઓ લગભગ ૧૫ વર્ષથી કંપનીમાં કામ કરે છે.

બધા જ વિકલાંગ કર્મચારીઓ સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોમાંથી આવે છે. મોટે ભાગે તેઓ કંપનીની આજુબાજુના ૧૨ કિ.મિ.ના વિસ્તારમાંથી આવે છે. તેમણે ઓછામાં ઓછો ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ કરેલો છે. ૮ વિકલાંગ વ્યક્તિઓ પરણિત છે અને બધા જ વિકલાંગ કર્મચારીઓ પાસે વિકલાંગતાનું પ્રમાણપત્ર છે. તેઓ બસનો પાસ પણ ધરાવે છે. જો કે, માત્ર ૨ વિકલાંગ વ્યક્તિઓને સરકારી યોજનાઓનો લાભ મળ્યો છે.

વિકલાંગ વ્યક્તિઓ સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે તેમને કંપનીમાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડતો નથી. કંપનીનું વાતાવરણ તેમને ગમે છે અને જો કોઈ પ્રશ્ન ઊભો થાય તો તેઓ કંપનીના સુપરવાઈઝર સાથે ચર્ચા કરીને તેનો ઉકેલ લાવે છે. સામાન્ય કર્મચારીઓ અને ઉપલા સ્તરના અધિકારીઓ વિકલાંગ કર્મચારીઓ સાથે સહાનુભૂતિપૂર્વક વ્યવહાર કરે છે. વસ્તુઓની હેરફેર કરવાની બાબતમાં

સામાન્ય વ્યક્તિઓ વિકલાંગોને મદદરૂપ થાય છે. વરિષ્ઠ કર્મચારીઓનું માનવું છે કે વિકલાંગ કર્મચારીઓ સામાન્ય કર્મચારીઓ કરતાં સારી ગુણવત્તાવાળું કામ કરે છે.

કામનું વાતાવરણ વિકલાંગ કર્મચારીઓ માટે સાનુકૂળ છે. તેઓ ટેબલ-ખુરશી ઉપર કામ કરે છે અને તેથી તેમને જમીન પર બેસવાની જરૂર પડતી નથી કે કોઈ સમસ્યા નડતી નથી. વિકલાંગ કર્મચારીઓ જે વિભાગોમાં કામ કરે છે તે વિભાગો ભોંયતળિયે આવેલા છે. તેથી મકાનમાં ચઢવા-ઊતરવામાં તેમને કોઈ સમસ્યા નડતી નથી.

કંપનીના કર્મચારીઓએ કામના સ્થળે લાવવા-લઈ જવા માટે ચાર બસની વ્યવસ્થા કરવામાં આવી છે. વિકલાંગ વ્યક્તિઓ માટે બસના દરવાજાની નજીક બેઠકો અનામત રાખવામાં આવે છે. જો કે, વિકલાંગ કર્મચારીઓને છૂટવાના સમયમાં કોઈ વિશેષ છૂટછાટ આપવામાં આવતી નથી. જો કે, કંપની દ્વારા દર વર્ષે તમામ કર્મચારીઓની તબીબી તપાસ કરવામાં આવતી હોય છે.

કામના સ્થળે બે જગ્યાએ ઢાળ બનાવવામાં આવ્યો છે. પરંતુ શૌચાલય વિશેષ સુવિધાવાળું બનાવવામાં આવ્યું નથી. જો કે વરિષ્ઠ કર્મચારીઓના જણાવ્યા અનુસાર આ અંગે કોઈ માંગણી પણ કરવામાં આવી નથી. તેમના જણાવ્યા મુજબ જો વિકલાંગ વ્યક્તિઓ આવી માંગણી કરશે તો વિશેષ સુવિધાવાળું શૌચાલય વિકલાંગ વ્યક્તિઓ માટે બનાવવામાં આવશે.

***કનુભાઈ પરમાર, ડિસેબિલિટી એડવોકેસી ગ્રૂપ, મહેસાણા***
***અને અર્પિતા વાઘેલા, અમોલ પરમાર, ઉન્નતિ***

## (૫) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજનામાં વિકલાંગ વ્યક્તિઓનો સમાવેશ

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના ૨૦૦૫થી અમલમાં આવી. આ યોજનામાં વિકલાંગ વ્યક્તિઓને કામ આપવા માટે કોઈ વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના સાચોદર ગામે વિકલાંગ વ્યક્તિ એવા અતુલભાઈ પરમાર વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટે કામ કરી રહ્યા છે. તેઓ ગુજરાતમાં ચાલતા વિકલાંગતા હિમાયત જૂથ (ડીએજી)ના સાબરકાંઠા જિલ્લાના પ્રતિનિધિ પણ છે. તેમણે એક બિન-સરકારી સંગઠનની સ્થાપના કરીને વિકલાંગ વ્યક્તિઓ માટે વિકાસનું કામ કરવાની શરૂઆત કરી છે.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના વિશે માહિતી પ્રાપ્ત કરવામાં આવી અને અતુલભાઈએ ગ્રામ પંચાયતમાં મૌખિક રીતે કામની માંગણી કરી. સરપંચ દ્વારા એમ જણાવવામાં આવ્યું કે ગ્રામ પંચાયત પાસે એવો કોઈ પરિપત્ર નથી કે જેથી વિકલાંગ વ્યક્તિઓને કેવા પ્રકારનું કામ સોંપવું તે નક્કી કરી શકાય. આથી અતુલભાઈએ તાલુકાની કચેરીમાં કાર્યક્રમ અધિકારીને આ અંગે ફરિયાદ કરી. ત્યારે તેમનો જવાબ પણ નકારાત્મક રહ્યો.

અતુલભાઈએ પછી ભારત સરકારના વિકલાંગ વ્યક્તિઓના મુખ્ય કમિશનર અને ગુજરાત રાજ્યના વિકલાંગ વ્યક્તિઓના કમિશનરને અરજી કરી. અરજી કર્યાના ૧૦ દિવસમાં તેમને હરતીફરતી અદાલતમાં અમદાવાદ ખાતે બોલાવવામાં આવ્યા.

અદાલત સમક્ષ અતુલભાઈએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારા-૧૯૯૫ની કલમ-૪૦ પ્રમાણે વિકલાંગ વ્યક્તિઓને રોજગારીનો હક છે તેમ કહ્યું અને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારા અન્વયે કામની માંગ વિકલાંગ વ્યક્તિ દ્વારા કરવામાં આવે તો તેને કામ મળવું જોઈએ એવી રજૂઆત તેમણે કરી.

આ રજૂઆતને પરિણામે ભારત સરકારના મુખ્ય વિકલાંગતા કમિશનર શ્રી મનોજ અગ્રવાલ દ્વારા તેમ જ ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રીમતી મીરાકુમાર દ્વારા સાબરકાંઠાની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને તા. ૨૧-૧-૨૦૦૯ના રોજ આદેશ આપવામાં આવ્યો કે વિકલાંગ વ્યક્તિઓને આ યોજના હેઠળ હાજરીપત્રક ભરવા માટે, બાળકોની દેખરેખ રાખવા માટે, પાણીની વ્યવસ્થા કરવા માટે કામ આપી શકાય. આ પરિપત્રની નકલ ગુજરાત સરકારના ગ્રામ વિકાસ કમિશનર અને વિકલાંગતા કમિશનર વગેરેને મોકલવામાં આવી હતી.

ભારત સરકારના આ આદેશ અનુસાર અતુલભાઈએ એમની ગ્રામ પંચાયતમાં પોતાને માટે કામની માંગણી કરી. તાલુકા વિકાસ અધિકારીને પરિપત્ર મળ્યા બાદ તેમણે ગ્રામ પંચાયત સ્તરે વિકલાંગ લોકોને કામ આપવા આદેશ આપ્યો. તે પછી અતુલભાઈને હાજરીપત્રક ભરવા માટેનાં ક્લાર્ક તરીકેનું કામ મળ્યું. ઉપરાંત, ગામના બીજા બે વિકલાંગ ભાઈઓને પાણીની વ્યવસ્થા માટેનું કામ પણ નરેગા હેઠળ પ્રાપ્ત થયું. આ રીતે ત્રણેય વિકલાંગ ભાઈઓને રોજગારી મળવાથી તેઓ સ્વતંત્ર થયા છે.

***અતુલ પરમાર, ડિસેબિલિટી એડવોકેસી ગ્રૂપ, સાબરકાંઠા***
***અને અમોલ પરમાર, ઉન્નતિ***

# સાંપ્રત પ્રવાહ

## મહિલાઓ દ્વારા ગૌરવ અને સમાનતાની માંગ



મુંબઈમાં મરિન ડ્રાઈવ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિને ૧૦૦ જેટલી વિકલાંગ મહિલાઓએ વ્હીલચેરમાં બેસીને જીવનનાં લગભગ તમામ ક્ષેત્રોમાં તેઓ મહિલા તરીકે અને વિકલાંગ વ્યક્તિ તરીકે ભેદભાવનો જે અનુભવ કરે છે તેનો વિરોધ કર્યો હતો. તે દિવસે અનેક વિકલાંગ મહિલાઓ, તેમના ટેકેદારો અને બિન-સરકારી સંગઠનોના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વ્હીલચેરમાં બેઠેલી એક કિશોરીએ જે પાટિયું પકડેલું હતું તેમાં એમ લખેલું હતું કે "તમે વ્હીલચેર જુઓ છો, અમે માણસ જોઈએ છીએ". આ કાર્યક્રમનું આયોજન એડેપ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. એડેપ્ટનાં અધ્યક્ષા સુશ્રી માલિની ચીબ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જ્યાં સુધી લોકોને પ્રવાસ કરવાનો અધિકાર ન મળે ત્યાં સુધી મહિલાઓને સાચી સ્વતંત્રતા પ્રાપ્ત થઈ શકે નહિ.

તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ કોલકાતા ખાતે સ્પાઈસજેટના વિમાનમાંથી જીજા ઘોષને એટલા માટે ઉતારી મૂકવામાં આવ્યાં હતાં કે તેઓ વિકલાંગ હતાં. બે દિવસ પછી જેટ એરવેઝના વિમાનમાંથી અંજલિ અગ્રવાલને પણ એ જ કારણોસર ઉતારી મૂકવામાં આવ્યાં હતાં. આ બે ઘટનાઓને કારણે આ પ્રકારનો વિરોધ કાર્યક્રમ યોજવાનો વિચાર આવ્યો હતો.

એડેપ્ટનાં સ્થાપક અધ્યક્ષા ડૉ. મીઠુ અલૂર દ્વારા એમ જણાવવામાં આવ્યું હતું કે, "વિકલાંગતા ધરાવતી મહિલાઓને લગભગ બધી બાબતોમાંથી બાકાત રાખવામાં આવે છે એ ખરેખર જ ખૂબ આઘાતજનક છે. તેમની સાથે ખૂબ હિંસા થઈ રહી છે અને તેના તરફ કોઈનો દૃષ્ટિપાત થતો નથી. તેથી અમે વિકલાંગતા ધરાવતી મહિલાઓને કેવી રીતે બાકાત રાખવામાં આવે છે તે દર્શાવવા માટે આ જાહેર પ્રદર્શન યોજ્યું હતું." તેમણે જણાવ્યું હતું કે દેશમાં કાયદો હોવા છતાં પણ વ્હીલચેરમાં બેઠેલી મહિલાઓને વિમાનમાંથી બહાર કાઢી મૂકવામાં આવે છે. જો કાયદો હોય અને અમલ ના થતો હોય તો તેનો શો અર્થ છે? દેશમાં આ કાયદાના ભંગના અનેક કિસ્સા બન્યા છે. જો, એરલાઈન્સ સામે દંડાત્મક પગલાં ભરવામાં ન આવે તો અથવા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સામે ભેદભાવ આચરનારી કોઈ પણ વ્યક્તિ સામે કોઈ પગલાં ન ભરવામાં આવે તો કોઈ પરિવર્તન આવશે નહિ. તેમણે એવી આશા વ્યક્તિ કરી હતી કે નાગરિક ઉડ્ડયન મંત્રાલય તેમના આ વિરોધ પ્રદર્શનની નોંધ લેશે.

આ રેલી પ્રસંગે હાજર ફિલ્મ નિર્માતા શ્યામ બેનેગલે એવું કહ્યું હતું કે દરેક વ્યક્તિ કોઈકને કોઈક વિકલાંગતાથી પીડાય છે. તેમ છતાં આપણે શા માટે તેમને આપણાથી અલગ ગણીએ છીએ. તેમણે કહ્યું હતું કે મહિલાઓને બંધારણ દ્વારા પ્રાપ્ત તમામ અધિકારો વિકલાંગતા ધરાવતી મહિલાઓને પણ પ્રાપ્ત થાય છે. આપણે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતો વિશે લોકોને સંવેદનશીલ બનાવવાની જરૂર છે કારણ કે તેઓ પણ અર્થપૂર્ણ જીવન જીવવાનો પ્રયત્ન કરી રહી હોય છે. આપણા સમાજના અંધારિયા ખૂણામાં તેઓ ધકેલાઈ ના જાય પણ તેઓ આપણી સાથે મુખ્ય પ્રવાહનો ભાગ બને તે જોવાનું અગત્યનું છે એમ તેમણે કહ્યું હતું.

## વિકલાંગતાને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શિક્ષણ અને રોજગારી ક્ષેત્રના સમાવેશી પ્રયાસો વિશે વિમર્શ સભા

વડોદરામાં તા. ૭.૪.૨૦૧૨ના રોજ વિકલાંગતાને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શિક્ષણ અને રોજગારી ક્ષેત્રના પ્રયાસો વિશે એક વિમર્શ




સભા યોજવામાં આવી હતી. તેમાં આ ક્ષેત્રના તમામ હિતધારકો હાજર રહ્યા હતા. 'સંયુક્ત રાષ્ટ્રો'ના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેના ઠરાવ અને તે અંગેના ભારતમાં ૨૦૧૧માં આવેલા ખરડા વિશે જાગૃતિ ઊભી કરવાનો તેને ઈરાદો હતો. ઉપરાંત, વડોદરા, પંચમહાલ, વલસાડ અને સાબરકાંઠા જિલ્લામાં શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે કરવામાં આવેલા સમાવેશી પ્રયાસો વિશે માહિતીનો પ્રચાર-પ્રસાર કરવાનો પણ તેનો હેતુ હતો.

આ વિમર્શ સભામાં ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મુખ્ય સચિવ શ્રી સંજય પ્રસાદ દ્વારા ચાવીરૂપ વ્યાખ્યા આપવામાં આવ્યું હતું. તેમણે એ બાબત ઉપર ભાર મૂક્યો હતો કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો અવાજ સંભળાય તેવી વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે કારણ કે આ એક એવું જૂથ છે કે જેનું પ્રતિનિધિત્વ કોઈ કરતું નથી. અન્ય અસહાય જૂથો સારી રીતે સંગઠિત થયાં છે અને તેમનો અવાજ રજૂ થાય છે. સામાજિક-આર્થિક સર્વેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ કેવી રીતે કરવામાં આવ્યા છે તેને વિશે પણ તેમણે વાત કરી હતી.

વડોદરાના જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાકેશ શંકર દ્વારા એમ જણાવવામાં આવ્યું હતું કે વિકલાંગ વ્યક્તિઓના સમાવેશ માટે જિલ્લા સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જિલ્લા સ્તરની યોજનાઓમાં અને કાર્યક્રમોમાં તેમનો સમાવેશ કેવી રીતે થઈ શકે તે અંગે તેમણે સૂચનો કર્યાં હતાં.

'ઉન્નતિ'નાં કાર્યક્રમ સંયોજક સુશ્રી દીપા સોનપાલ દ્વારા વિકલાંગતા વિશે બદલાતા અભિગમો અંગે સર્વગ્રાહી સમજ આપવામાં આવી હતી. 'સેન્સ ઈન્ટરનેશનલ'ના નિયામક શ્રી અખિલ પોલ દ્વારા સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવ અને ૨૦૧૧ના ખરડાની મુખ્ય જોગવાઈઓ વિશે રજૂઆત કરવામાં આવી હતી. 'અંધજન મંડળ'ના પરિયોજના નિયામક સુશ્રી નંદિની રાવલ અને જીસીઈઆરટીના નાયબ નિયામક શ્રી વછાણીએ શિક્ષણ વિશેની બેઠકનું અધ્યક્ષ સ્થાન સંભાળ્યું હતું. રોજગારી વિશેની બેઠકનું અધ્યક્ષ સ્થાન શ્રી અખિલ પોલ દ્વારા શોભાવાયું હતું. 'ઉન્નતિ'ના નિયામક શ્રી બિનોય આચાર્ય દ્વારા પૂર્ણાહુતિ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, પુનર્વસન માટે કામ કરતી સંસ્થાઓ, બિન-સરકારી સંગઠનો, ઉદ્યોગો અને સરકારી અધિકારીઓ તથા વિદ્યાજગતના નિષ્ણાતો આ વિમર્શ સભામાં હાજર રહ્યા હતા.

આ અગાઉ ગુજરાતના વિકલાંગતા હિમાયત જૂથના સભ્યો અને પુનર્વસન સંસ્થાઓના કેટલાક પ્રતિનિધિઓએ વિકલાંગતા, સમાવેશ અને સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવ વિશે નવેમ્બર ૨૦૧૧માં ૩ દિવસની તાલીમમાં હાજરી આપી હતી. આ તાલીમમાં અધિકાર આધારિત દૃષ્ટિકોણથી કેવી રીતે સમાવેશના મુદ્દાને જોવો, વર્તમાન વ્યવહારોની ઓળખ કરવી અને તેમનું દસ્તાવેજીકરણ કરવા જેવા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. તે પછી વિકલાંગતા હિમાયત જૂથ (ડીએજી)ના સભ્યોએ જિલ્લા સ્તરે સમાવેશી પ્રયોગો ઓળખી કાઢ્યા હતા અને તેમનું દસ્તાવેજીકરણ કર્યું હતું. આ વિમર્શ સભામાં જે તે સંસ્થાએ આ પ્રયોગો વિશે વાત કરી હતી. શિક્ષણ ક્ષેત્રના કેસ સ્ટડીઝ આ મુજબ હતાઃ ડભોઈની આર. જી. પંડ્યા હાઈસ્કૂલ, પંચમહાલના હાલોલનું વિપુલ વિદ્યામંદિર, વલસાડની હાલાર શાખા પ્રાથમિક શાળા અને અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજ. રોજગારી ક્ષેત્રના કેસ સ્ટડીઝ આ મુજબ હતાઃ વલસાડના સરીગામના એસ. જી. ઈન્ટરનેશનલ પ્રા. લિ., સાબરકાંઠાના તલોદની યુ.જી.વી.સી.એલ. પ્રા. લિ. અને અમદાવાદના અંધજન મંડળનો વિશેષ રોજગાર વિભાગ.

**ભલામણો**

તમામ વક્તાઓ અને સહભાગીઓ દ્વારા જે ભલામણો અને સૂચનો રજૂ કરાયાં તે નીચે મુજબ છેઃ

**(૧) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું ક્ષમતા નિર્માણઃ**

વિકલાંગ વ્યક્તિઓનાં સંગઠનો અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે કામ કરતાં સંગઠનોને મજબૂત કરવાની જરૂર છે કે જેથી વિકલાંગોના હિત માટે અવાજ ઊભો થાય. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે આપણા દેશમાં જે રીતે આ કાર્ય થાય છે તે રીતે આ કાર્ય વિકલાંગોના કિસ્સામાં પણ થવું જોઈએ. બિન-સરકારી સંગઠનો અને પુનર્વસન સંસ્થાઓ ટેકાથી પછી વિકલાંગ વ્યક્તિઓ સરકારી કાર્યક્રમો અને યોજનાઓના અમલ માટે કાર્ય

## પ્રો. શ્રી ભાસ્કર મહેતાને ધરતી રત્ન એવોર્ડઃ ૨૦૧૧-૧૨



અમદાવાદના આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આપવામાં આવતા ધરતી રત્ન એવોર્ડ - ૨૦૧૧-૧૨ માટે પ્રો. શ્રી ભાસ્કર મહેતાની પસંદગી કરવામાં આવી હતી અને ગુજરાતના રાજ્યપાલ શ્રીમતી કમલા બેનિવાલના વરદ હસ્તે તેમને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

એવોર્ડ વિતરણ સમારંભમાં ૧૦૦૦ કરતાં પણ વધુ અતિથિઓ હાજર રહ્યા હતા. પ્રો. શ્રી ભાસ્કર મહેતા પ્રજ્ઞાચક્ષુ છે અને તેમણે ગુજરાત સરકારના વિકલાંગતા કમિશનર તરીકે પણ થોડાં વર્ષો સેવાઓ આપી છે. પ્રો. ભાસ્કર મહેતાએ પોતાના સશક્તિકરણ દ્વારા પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનો સહિત તમામ વિકલાંગ વ્યક્તિઓ માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વિકલાંગતા કમિશનર તરીકે તેમણે ગુજરાતની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેની ગુજરાત સરકાર અને ભારત સરકારની કલ્યાણલક્ષી યોજનાઓ તથા અધિકારિતાલક્ષી કાર્યક્રમોના અસરકારક અમલ માટે ભારે જહેમત ઉઠાવી હતી.

કરી શકે અને સરકારી કર્મચારીઓ તેમને સેવાઓ પૂરી પાડે તે માટે સક્ષમ કરી શકે. જાગૃતિ ઊભી કરવામાં અને નાગરિકોને સંવેદનશીલ બનાવવામાં માધ્યમો મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. સમાવેશ માટેના પ્રયાસો જાહેરમાં લાવવા માટે તેમનો ઉપયોગ કરાવો જોઈએ. ભારતના બંધારણમાં આ માટે જરૂરી સુધારા કરવાની જરૂર છે. ખાસ કરીને બંધારણની કલમ-૧૫માં વિકલાંગતાને આધારે ભેદભાવ ન થાય તે બાબતનો ઉમેરો થવો જરૂરી છે. વિકલાંગ વ્યક્તિઓના મૂળભૂત અધિકારો માટે હિમાયત જરૂરી છે અને તેને માટે પ્રયાસો થવા જોઈએ. આ લાંબા ગાળાની પ્રક્રિયાને અને ડીપીઓ દ્વારા એ કામ આગળ વધવું જોઈએ.

**(૨) સામાજિક-આર્થિક સર્વેમાં સમાવેશઃ**

૧૮ વર્ષથી ઉપરની વયની વિકલાંગતા ધરાવતી વ્યક્તિ વર્તમાન સામાજિક-આર્થિક સર્વે અને જ્ઞાતિ આધારિત સર્વેમાં એક અલગ એકમ તરીકે પોતાની જાતને જાહેર કરી શકે છે તેવી માહિતીનો પ્રચાર-પ્રસાર થવો જોઈએ કે જેથી તેમને અસહાય વ્યક્તિઓની શ્રેણીમાં ગણી શકાય અને તેમને સરકારી કાર્યક્રમો અને યોજનાઓના લાભ મળી શકે.

**(૩) વિકલાંગતાનું પ્રમાણપત્રઃ**

વિકલાંગતાનું પ્રમાણપત્ર મેળવવું એ સરકારી કાર્યક્રમોના લાભ મેળવવા માટે અને સેવાઓ પ્રાપ્ત કરવા માટે પાયાની જરૂરિયાત છે. મોટા ભાગની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે એ એક મોટો પડકાર હોય છે. આ સંદર્ભમાં રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૦માં એક સરકારી ઠરાવ જારી કરાયો છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં આવતા ડોક્ટર પણ દેખીતી વિકલાંગતાના કિસ્સામાં આ પ્રકારનું પ્રમાણપત્ર આપી શકે છે. ડોક્ટરો અને લાભાર્થીઓ આ બાબત વિશે જાણકાર નથી તેથી તમામ સરકારી હોસ્પિટલો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ખાતે તથા ગ્રામ પંચાયતો અને અન્ય જાહેર સ્થળોએ આ માહિતી દર્શાવવી જોઈએ.

**(૪) ૨૦૧૧ના ખરડામાં વ્યાખ્યા અને વિકલાંગતાના પ્રકારોઃ**

૨૦૧૧ના ખરડામાં અસ્થમા, ટીબી જેવા રોગો અને સિલિકોસિસ જેવા વ્યવસાયજન્ય રોગોને પરિણામે કાયમી વિકલાંગતા આવતી હોય છે એ બાબત સ્વીકારવામાં આવી છે. પરંતુ 'સંયુક્ત રાષ્ટ્રો'ના ઠરાવમાં વિકલાંગતાની જે વ્યાખ્યા આપવામાં આવી છે તે વ્યાખ્યા આ ખરડામાં આપવામાં આવી નથી. પરંતુ આ ખરડામાં અનુસૂચિ-૧૨માં જુદા જુદા પ્રકારની વિકલાંગતાઓની યાદી આપવામાં આવી છે. કર્મશીલો અને હિમાયતકારો અનુસૂચિ-૧૨ રદ કરવાની ભલામણ કરે છે. તેઓ જણાવે છે કે આ અનુસૂચિ તબીબી માળખા ઉપર આધારિત છે અને તેને બદલે રાજ્યે સામાજિક માપદંડ અપનાવો જોઈએ અને વિકલાંગતાનું પ્રમાણ નક્કી કરવામાં સામાજિક પાસાંનો સમાવેશ કરવો જોઈએ.

**(૫) અવરોધમુક્ત પર્યાવરણ ઊભું કરવાની યોજનાનો અમલઃ**
વિકલાંગતા ધરાવતી વ્યક્તિ માટેની યોજનાના અમલ ધારા હેઠળ તમામ સરકારી કચેરીઓ અવરોધમુક્ત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. તે માટે સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સમક્ષ દરખાસ્ત કરવાની હોય છે. આમાં પંચાયત ભવનો, આરોગ્ય કેન્દ્રો, પાલિકાઓની કચેરીઓ અને નાગરિક સુવિધા કેન્દ્રો, સમાજ સુરક્ષાની કચેરીઓ, પુનર્વસન સંસ્થાઓ અને અન્ય જાહેર મકાનોનો સમાવેશ કરાયો છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તે માટે સ્પર્ધાત્મક ધોરણે વ્યાવસાયિક સંસ્થાઓને પસંદ કરી શકે છે કે જે અવરોધમુક્ત વાતાવરણ ઊભું કરવા માટેની દરખાસ્તો તૈયાર કરવા માટે જિલ્લા સ્તરના સત્તાવાળાઓ સાથે મળીને કામ કરે. આ માટે સૌને માટે સાર્વત્રિક ડિઝાઈનની સમજ હોય તથા વિકલાંગો, વૃદ્ધો, સગર્ભા સ્ત્રીઓ અને બાળકો એ તમામને નડતા અવરોધો વિશે જ્ઞાન હોય તેવા નિષ્ણાતોની જરૂર પડે છે.

**(૬) શિક્ષણ અને રોજગારી માટે ધિરાણઃ**
રાજ્યમાં વિકલાંગ વ્યક્તિઓ માટે ૫૫૦ ગ્રામીણ બેંકો દ્વારા ૪ ટકાથી ૬ ટકાના નીચા વ્યાજના દરે શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે લોન આપવાની વ્યવસ્થા કરાઈ છે. તે માટેની કાર્યવાહી સરળ બનાવવામાં આવી છે. ગ્રામ પંચાયત લઘુ શાખા જેવો એક ખ્યાલ વડોદરા જિલ્લામાં દાખલ કરવામાં આવ્યો છે અને અન્ય તમામ જિલ્લાઓમાં આવો પ્રયાસ કરવામાં આવશે.

**(૭) યોજનાઓના લાભઃ**
માનવ ગરિમા યોજના હેઠળના લાભો વિકલાંગ વ્યક્તિઓને પણ મળશે. તેમને ભારત નિર્માણ સ્વયંસેવકોના ભાગ બનવા માટે પ્રોત્સાહન પ્રાપ્ત થશે અને તેમને તે માટે તાલીમ આપવામાં આવશે. ગ્રામ વિકાસ મંત્રાલય દ્વારા આ કાર્યક્રમ શરૂ કરાયો છે. તેનો હેતુ દરેક ગામમાં ગ્રામ વિકાસને વેગ આપવા માટે અને સમાવેશી વિકાસના લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે સ્વયંસેવકોની એક કેડર ઊભી થાય તે છે.

જાગૃતિ ઊભી થાય અને સેવાઓ પ્રાપ્ય થાય એ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોની પ્રાપ્તિ માટે ખૂબ જ મહત્ત્વની બાબત છે. તેમને માટે દરેક જિલ્લામાં છાત્રાલયની શરૂઆત કરવામાં આવશે. ખાસ કરીને એ જિલ્લાઓમાં છાત્રાલય શરૂ થશે કે જ્યાં મોટી સંખ્યામાં કોલેજો અસ્તિત્વમાં છે. આ માટે ખાનગી કંપનીઓની સામાજિક જવાબદારીનું ભંડોળ અને નાગરિક સમાજના ટેકાની જરૂર છાત્રાલયોના બાંધકામ માટે ઊભી થશે.

**(૮) આઈડીઈએસએસઃ**
દ્વિતીય તબક્કે વિકલાંગો માટે સંકલિત શિક્ષણની યોજના (ઈન્ટિગ્રેટેડ એજ્યુકેશન ફોર ધ ડિસેબલ્ડ એટ સેકન્ડરી સ્ટેજ) તમામ ખાનગી શાળાઓને પણ લાગુ પાડવામાં આવશે.

**(૯) ગુજરાતમાં વિકલાંગ લોકોની સ્થિતિ વિશે નાગરિક અહેવાલઃ**
વિમર્શ સભાઓ અને જિલ્લા સ્તરની બેઠકો યોજીને ગુજરાતમાં વિકલાંગ લોકોની સ્થિતિ વિશે નાગરિકોનો અહેવાલ તૈયાર કરવો જોઈએ અને પ્રકાશિત કરવો જોઈએ. આ કામ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા દર વર્ષે થવું જોઈએ. પર્યાવરણ તથા મહિલાઓની સ્થિતિ વિશે જે પ્રકારના અહેવાલો તૈયાર કરવામાં આવે છે તેવી જ રીતે આ અહેવાલ તૈયાર થવો જોઈએ. તેમાં સ્પષ્ટ દિશાસૂચન અને ભવિષ્ય માટેનાં કાર્યલક્ષી પગલાં જણાવાયેલાં હોવાં જોઈએ. તેમાં માત્ર વર્તમાન સ્થિતિનું દસ્તાવેજીકરણ ન થવું જોઈએ પરંતુ પરિસ્થિતિને ટીકાત્મક વિશ્લેષણ થવું જોઈએ અને પ્રશ્નો, સમસ્યાઓ અને ચિંતાઓ સ્પષ્ટ રીતે વપરાશમિત્ર દૃષ્ટિકોણથી તપાસાવાં જોઈએ. નીતિઓ, યોજનાઓ અને કાર્યક્રમોનો અમલ વધારે સારી રીતે કેવી રીતે થાય તેનું માળખું પણ તેમાં રજૂ થયેલું હોવું જોઈએ. આ અહેવાલ તૈયાર કરવા માટેની પદ્ધતિ અને તેના અમલ માટેની પદ્ધતિ નક્કી કરવાની જરૂર છે.

આ જ પ્રકારની વિમર્શ સભા સાબરકાંઠા જિલ્લામાં તા. ૨૭-૪-૨૦૧૨ના રોજ યોજવામાં આવી હતી. તેમાં સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને જૂનાગઢ જિલ્લાના સમાવેશી પ્રયાસોની રજૂઆત થઈ હતી.

## વિકલાંગ લોકોને સહાય કરવા માટે ઉડ્ડયન મંત્રાલય દ્વારા સમિતિની રચના

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે વિકલાંગ ઉતારુઓ અને ચાલવાની ક્ષમતા ઓછી ધરાવતા ઉતારુઓની સમસ્યાઓના અભ્યાસ માટે એક સમિતિની રચના કરી છે. આ સમિતિ વિમાની પ્રવાસ દરમ્યાન તેમને નડતી મુસીબતોનો અભ્યાસ કરશે અને તેમને માટેની સવલતો ઊભી કરવા માટેના માર્ગો સૂચવશે. મંત્રાલયે એક નિવેદનમાં તા. ૨૨-૩-૨૦૧૨ના રોજ એમ જણાવ્યું હતું કે વિકલાંગ લોકોના અને ચાલવાની ક્ષમતા ઓછી ધરાવતા ઉતારુઓના અધિકારો અંગેની સમિતિને તેનો અહેવાલ ૮ સપ્તાહમાં સુપરત કરવા માટે જણાવવામાં આવ્યું છે. આ સમિતિના અધ્યક્ષ નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી જી. અશોકકુમાર રહેશે. તેમાં નાગરિક ઉડ્ડયન મહાનિયામક, ભારતીય વિમાની મથક સત્તામંડળ અને નાગરિક ઉડ્ડયન સલામતી કચેરી પ્રતિનિધિઓ તથા વિકલાંગો સાથે કામ કરતાં સંગઠનો અને વિમાની કંપનીઓના પ્રતિનિધિઓ પણ રહેશે. છેલ્લાં ૨ વર્ષ દરમ્યાન વિમાની પ્રવાસમાં વિકલાંગ લોકોને પડેલી મુસીબતોના કમ-સે-કમ ત્રણ કિસ્સા ધ્યાનમાં આવ્યા પછી આ સમિતિની રચના કરવામાં આવી છે.

વિકસિત દેશોમાં આ અંગે જે માર્ગરેખાઓ અપનાવવામાં આવે છે તેને તથા સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેના ઠરાવને આ સમિતિ ધ્યાનમાં લેશે એમ મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યું છે. ખાસ કરીને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ટિકિટના બુકિંગ વખતે, વિમાની મથકે આગમન વખતે, ચેક-ઈન વખતે અને વિવિધ સવલતો દર્શાવતી નિશાનીઓના સંદર્ભમાં મુસીબતોનો સામનો કરવો પડતો હોય છે. આ તમામ સમસ્યાઓ વિશે આ સમિતિ વિચારણા કરશે.

## ઝારખંડમાં હરતીફરતી અદાલતો

ઝારખંડમાં વિકલાંગતા કમિશનર દ્વારા હરતીફરતી અદાલતોનો સફળ ઉપયોગ કરવામાં આવ્યો છે. આવી ૨૨ અદાલતો ઊભી કરાઈ છે અને તેણે ૨૦૦૮થી અત્યાર સુધીમાં વિકલાંગ લોકો સાથે સંબંધિત એવા કિસ્સાનો સૌથી મોટા પ્રમાણમાં નિકાલ કર્યો છે. ૨૦૦૮થી ઝારખંડમાં ૮૨૨૬ કેસ નોંધાયા હતા અને તેમાંથી ૫૦૭૯ એટલે કે ૬૨ ટકા કેસનો આ હરતીફરતી અદાલતો દ્વારા ઉકેલ લાવવામાં આવ્યો હતો. ભારતમાં આ ઉકેલ લવાયેલા કેસોની સંખ્યા સૌથી વધારે છે. અંતરિયાળ વિસ્તારોના લોકો સુધી પહોંચવા માટે હરતીફરતી અદાલતો જરૂરી છે. તેમની સમસ્યાઓનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવે છે. આ અદાલતો સફળ જાય તે માટે આરંભમાં જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. વિકલાંગતા કમિશનર શ્રી સતીશચંદ્ર જણાવે છે કે વિકલાંગ લોકો કોઈ પણ જાતના ભય વિના તેમની સમસ્યાઓ રજૂ કરે છે અને તેમને તરત જ ઉકેલ પ્રાપ્ત થાય છે. તેમણે આ અદાલતોની સફળતા માટે સૌથી મહત્ત્વનું કારણ પારદર્શિતા જણાવ્યું હતું. શાળામાં વિકલાંગ બાળકોનો પ્રવેશ, વિકલાંગતાનું પ્રમાણપત્ર પ્રાપ્ત કરવું અને અનામત અનુસાર નોકરી મેળવવા જેવી સમસ્યાઓનો ઉકેલ હરતીફરતી અદાલતો દ્વારા લાવવામાં આવે છે. ગિરિદિહ, ચાતરા, સીમડેગા અને કોડેરમા જિલ્લાઓમાં સૌથી વધારે ફરિયાદો વિકલાંગો દ્વારા નોંધાવવામાં આવી હતી અને તેમાંથી ૯૦ ટકા ફરિયાદોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવવામાં આવ્યો હતો. ભારત સરકારે પણ આ પ્રયાસની પ્રશંસા કરી છે અને અન્ય રાજ્યો પણ આ પ્રકારની ફરિયાદોની ત્વરિત ઉકેલની વ્યવસ્થા અપનાવે તે માટે હાકલ કરી છે.

## એનસીપીઈડીપી એમ્ફેસિસ યુનિવર્સલ ડિઝાઈન એવોર્ડ

નવી દિલ્લીના નેશનલ સેન્ટર ફોર પ્રમોશન ઓફ એમ્પ્લોયમેન્ટ ફોર ડિસેબલ્ડ પીપલ દ્વારા આ એવોર્ડ નવી દિલ્લીના એક્સેસિબિલિટી અને મુંબઈના બેરિયરબ્રેક ટેક્નોલોજીસના સહયોગમાં શરૂ કરવામાં આવેલો છે. તેને બેંગલુરુના એમ્ફેસિસ એએન એચપી કંપની દ્વારા ટેકો આપવામાં આવ્યો છે.

સાર્વત્રિક ડિઝાઈન વિશે જાગૃતિ ફેલાવવા અને આ વિશેના ખ્યાલને લોકપ્રિય બનાવવા માટે આ એવોર્ડ ૨૦૧૦માં શરૂ કરવામાં આવ્યો છે. આ એવોર્ડ દર વર્ષે પહોંચક્ષમતાના ક્ષેત્રમાં ઉદાહરણીય કાર્ય કરવા માટે આપવામાં આવે છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સમાનતા અને ગૌરવ સાથે જીવન જીવી શકે તે પ્રકારની પહોંચક્ષમતા ઊભી કરવામાં પોતાનું પ્રદાન આપનાર વ્યક્તિને આ એવોર્ડ આપવામાં આવે છે.

એવોર્ડમાં નીચે મુજબનાં ક્ષેત્રોમાં પહોંચક્ષમતા કેવી છે તેને આવરી લેવામાં આવે છે: (૧) બાંધકામનું પર્યાવરણ (૨) પરિવહન (૩) માહિતી અને સંચાર ટેક્નોલોજી (૪) સેવાઓ (૫) સહાયક સાધનો અને સામગ્રી. છેલ્લાં ૨ વર્ષ દરમ્યાન આ એવોર્ડ દ્વારા હિતધારકોમાં ખાસ્સી ઉત્તેજના ફેલાઈ હતી અને તેને આશ્ચર્યજનક પ્રતિભાવ પ્રાપ્ત થયો હતો. આ એવોર્ડ ત્રણ શ્રેણીઓમાં આપવામાં આવે છે:

**(૧) શ્રેણી-એ: વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ:** આ શ્રેણીમાં વિકલાંગતા ધરાવતી જે વ્યક્તિઓએ પહોંચક્ષમતામાં અને સાર્વત્રિક ડિઝાઈનના ક્ષેત્રે પોતાની અસર ઊભી કરી હોય તેમને એવોર્ડ આપવામાં આવે છે. ખાસ કરીને વપરાશી ચીજો, સ્વતંત્ર સાધનો અને વ્યક્તિગત કે વ્યવસાયી ક્ષમતા ઊભી કરવા માટેની ટેક્નોલોજીનો વિકાસ કરવામાં ભૂમિકા ભજવનાર વ્યક્તિને એવોર્ડ પ્રાપ્ત થાય છે. આ શ્રેણીમાં સમગ્ર દેશમાંથી ત્રણ વ્યક્તિઓને પસંદ કરવામાં આવે છે.

**(૨) શ્રેણી-બી: વ્યવસાયીઓ:** જે વ્યવસાયીઓ પહોંચક્ષમતા અને સાર્વત્રિક ડિઝાઈન ઊભી કરવા માટે કાર્ય કરે છે તેમને આ એવોર્ડ અપાય છે. તે પણ સમગ્ર દેશમાંથી ત્રણ વ્યક્તિઓને આપવામાં આવે છે. આવી વ્યક્તિ કોઈક શૈક્ષણિક સંસ્થા, બિન-સરકારી સંગઠન, કંપની કે સરકારી સંસ્થામાં કામ કરનારી વ્યક્તિ હોઈ શકે છે. ઉપરાંત, કન્સલ્ટન્ટ કે મુક્ત રીતે કાર્ય કરનાર વ્યક્તિને પણ તેમના પ્રદાનના સંદર્ભમાં એવોર્ડ મળી શકે છે.


**(૩) શ્રેણી-સી: કંપનીઓ કે સંગઠનો:** આ શ્રેણીમાં પણ સમગ્ર દેશમાંથી ચાર કંપનીઓ કે સંગઠનોને પસંદ કરવામાં આવે છે. તે શૈક્ષણિક સંસ્થા, બિન-સરકારી સંગઠન, કંપની, સરકારી સંસ્થા, ખાનગી સાહસ, જાહેર સાહસ, સંયુક્ત સાહસ, લઘુ કે મધ્યમ કક્ષાનું સાહસ, માલિકીની પેઢી કે ભાગીદારી પેઢી હોઈ શકે છે. કામના સ્થળે ખરેખર પહોંચક્ષમતા અંગેની નીતિઓનો અમલ કરવામાં આવ્યો છે કે કેમ તે પસંદગીનો મહત્ત્વનો માપદંડ છે.

વધુ વિગતો માટે સંપર્ક સાધો: એનસીપીઈડીપી, એ-૭૭, સાઉથ એક્સટેન્શન, ભાગ-૨, નવી દિલ્લી ૧૧૦૦૪૯. ફોન: ૦૧૧-૨૬૨૬૫૬૪૭, ૨૬૨૬૫૬૪૮. ઈ-મેલ: secretariat@ncpedp.org

# સંદર્ભ સાહિત્ય

## કાસ્ટ બેઝ્ડ ડિસ્ક્રિમિનેશન એન્ડ સોશ્યલ એક્સક્લુઝન

પશ્ચિમ રાજસ્થાનમાં જ્ઞાતિ આધારિત ભેદભાવને સમજવા માટે કરવામાં આવેલો અભ્યાસ આ શીર્ષક હેઠળ અંગ્રેજીમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ અભ્યાસ એમ પ્રતિપાદિત કરે છે કે પશ્ચિમ રાજસ્થાનનાં બાડમેર, જોધપુર અને જેસલમેર જિલ્લાનાં ૭૫ ગામોમાં હજુ પણ અસ્પૃશ્યતા પ્રવર્તે છે અને જ્ઞાતિ આધારિત ભેદભાવ પ્રવર્તે છે. આ ભેદભાવજનક વ્યવસ્થાઓ દલિત સમુદાયની તકોને વિપરીત રીતે અસર કરે છે એટલું જ નહિ પણ સામાજિક ઓળખને પણ અસર કરે છે. આ ઓળખ તેમના વર્તનને પણ અસર કરે છે.




આ અભ્યાસ એમ જણાવે છે કે ૯૭ ટકા ગામોમાં કોઈકને કોઈક સ્વરૂપે જ્ઞાતિ આધારિત ભેદભાવે પ્રવર્તે છે. એમ પણ સમજવામાં આવે છે કે જે વ્યક્તિ દલિતોના સંપર્કમાં આવે છે તે ભ્રષ્ટ થાય છે. ૨૪ ટકા ગામોમાં દલિતોને બિન-દલિતોનાં ઘરોમાં પ્રવેશ આપવામાં આવતો નથી. ૭૬ ટકા ગામોમાં દલિતોને ઘરની પરસાળ સુધી જ પ્રવેશ આપવામાં આવે છે. તમામ ગામોમાં બિન-દલિતોનાં ઘરોમાં દલિતોએ નીચે બેસવું પડે છે અને તેમને અલગ વાસણ આપવામાં આવે છે.

૯૩ ટકા ગામોમાં બિન-દલિતો દલિતોને લગ્નો કે અન્ય પ્રસંગોએ નિમંત્રણ આપે છે પરંતુ તેમને છેલ્લે ભોજન આપવામાં આવે છે. ૪૫ ટકા ગામોમાં દલિતોએ એમ જણાવ્યું કે તેમણે તેમની થાળી જાતે જ ધોવી પડે છે. ૬૩ ટકા ગામોમાં દલિતોએ ગામના પ્રસંગોમાં અને ઉત્સવોમાં તેમની પરંપરાગત ભૂમિકા અદા કરવા માટે ભાગ લીધો હતો. ૭૫ ગામોમાં ૨૭૫ મંદિરો આવેલા છે. આ મંદિરોમાંથી ૧૦૪ મંદિરો બિન-દલિતોની વસ્તીમાં આવેલાં છે અને તેમાંથી ૯૭ મંદિરોમાં તેમને પ્રવેશ આપવામાં આવતો નથી. કુલ ૧૩૯ મંદિરોમાં તેમને પ્રવેશ મળતો નથી. ૧૬ મંદિરોમાં તેઓ ભગવાનની મૂર્તિનો સ્પર્શ કરી શકતા નથી.

આર્થિક ક્ષેત્રમાં પણ સામાજિક ભેદભાવ ખૂબ વ્યાપક પ્રમાણમાં છે. ૮૫ ટકા લોકો જ્ઞાતિ આધારિત પરંપરાગત વ્યવસાયોમાં જોડાયેલા છે. તેઓ ઓછું વેતન આપતી શારીરિક મજૂરી કરે છે અને બિન-દલિતોની સેવા કરે છે. તેઓ દૂધ વેચી શકતા નથી, દુકાન ખોલી શકતા નથી, ચાની કિટલી કે હોટલ ખોલી શકતા નથી કે ધાર્મિક રીતરિવાજો અનુસારની વિધિઓ પણ કરી શકતા નથી. ૭૫ ગામોમાં ૫૮૭ દુકાનો છે તેમાંથી ૩૬ ટકા બિન-દલિત દુકાનોમાં દલિતોને પ્રવેશ કરવા દેવામાં આવતો નથી. તેઓ આ દુકાનોથી દૂર ઊભા રહે છે. ગ્રાહક તરીકે કોઈ દલિતને પાણી આપવામાં આવતું નથી. અન્ય દુકાનોએ તેમને ઉપરથી પાણી આપવામાં આવે છે.


રાજકીય ક્ષેત્રે પણ જ્ઞાતિ આધારિત ભેદભાવ સ્પષ્ટપણે દેખાય છે. ૪૮ ટકા ગામોમાં ચૂંટાયેલા દલિત પ્રતિનિધિઓ ખરેખર તો બિન-દલિતોનાં પ્યાદાં છે. એટલે કે તેઓ ડમી ઉમેદવારો બન્યા છે. ૮૨ ટકા ગામોમાં એમ જોવા મળ્યું હતું કે દલિત મતદારોને ધમકીઓ આપીને, પૈસા આપીને તથા દારૂ પીવડાવીને તેમના ઉપર પ્રભાવ પાડવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે. માત્ર ૧૭ ટકા તલાટીઓ, ૩૭ ટકા પટવારીઓ અને ૨૩ ટકાઓ રોજગાર સહાયકો દલિત સમુદાયના છે. ૬૩ ટકા ગ્રામ પંચાયતોની કચેરીઓમાં પણ તેમની સાથે ભેદભાવપૂર્ણ વ્યવહાર કરવામાં આવે છે.

ગૌચર જમીન, કબ્રસ્તાન, સ્મશાનગૃહ, જળ સંસાધનો, રસ્તાઓ વગેરે જેવાં જાહેર સ્થળોએ પણ ખૂબ મોટા પ્રમાણમાં ભેદભાવ પ્રવર્તે છે. બિન-દલિતોની વસ્તીમાં દલિતો પાણી મેળવી શકે નહિ એવા ગામો ૪૮ ટકા છે, ૫૨ ટકા ગામોમાં બિન-દલિતો જાહેર નળેથી પાણી ભરે તો પાણી ભરતાં પહેલાં નળ ધૂએ છે. એ જ રીતે ૫ ટકા ગામોમાં દલિતો માટે જુદા નળ છે. જાહેર સેવાઓની પ્રાપ્તિની બાબતમાં પણ આ ગામોમાં ભેદભાવ પ્રવર્તે છે. ૭૧ ટકા ગામોમાં પેટા આરોગ્ય કેન્દ્રો છે પરંતુ તેમાંથી માત્ર ૯ ટકા ગામોમાં તે દલિત વિસ્તારોમાં છે. માત્ર ૧૩ ટકા આરોગ્ય કાર્યકરો દલિત સમુદાયના છે. આરોગ્ય કાર્યકર ૫ ટકા ગામોમાં દલિતોનાં ઘરોમાં જતા નથી, જાય છે તો ૬૦ ટકા ઘરોમાં ઘરમાં બેસતા નથી અને ૬૦ ટકા ગામોમાં તેઓ તેમનાં ઘરોમાં કશું ખાતા નથી. પ્રાથમિક શિક્ષણ, આંગણવાડી, જાહેર વિતરણ વ્યવસ્થા, ટપાલ કચેરી, નરેગા, પોલિસ સ્ટેશન અને જાહેર પરિવહન વ્યવસ્થામાં પણ આ જ પ્રકારના

ભેદભાવો ઓછાવત્તા પ્રમાણમાં જણાઈ આવ્યા છે. આ અહેવાલમાં છેલ્લે આ ભેદભાવ નિવારવા માટે કેટલીક મહત્ત્વની ભલામણો કરવામાં આવી છે કે જે શાસન વ્યવસ્થા સુધારવા માટે અને કાયદાના અસરકારક અમલ માટે છે.

## દલિત્સ એન્ડ લેન્ડ

પશ્ચિમ રાજસ્થાનનાં બાડમેર, જેસલમેર અને જોધપુર જિલ્લાનાં ૭૦ ગામોમાં દલિતોની પાસેની જમીનો અંગેની સ્થિતિ સમજવા માટે આ અભ્યાસ કરવામાં આવ્યો છે કે જે અંગ્રેજીમાં પ્રકાશિત કરાયો છે. અભ્યાસમાંથી એમ જાણવા મળ્યું કે ૭૮ ટકા દલિત પરિવારો જમીન ધરાવે છે પરંતુ ખેતીની કુલ જમીનમાં તેમનો ફાળો માત્ર ૧૨ ટકા જેટલો છે. સ્મશાન ભૂમિ, પડતર જમીન, ગૌચર જમીન, ખરાબાની જમીન વગેરે જેવી સાર્વજનિક જમીનો ઉપર મોટા પ્રમાણમાં દબાણ થયું છે એમ પણ આ અભ્યાસમાં જાણવા મળ્યું હતું. દલિતોની જમીન બિન-દલિતો દ્વારા પચાવી પાડવામાં આવી હોય, રસ્તા માટે દલિતો જમીનનો દાવો કરતા હોય, દલિતોને જમીન ફાળવવામાં આવી હોય પરંતુ સંપાદિત કરવામાં આવી ન હોય, દલિતો માટેનાં પાતાળ કૂવાનાં જોડાણોનો ઉપયોગ બિન-દલિતો દ્વારા થતો હોય, સરકારી લોન માટે જમીનની હરાજી કરવામાં આવી હોય, ખાનગી ટ્રસ્ટને જમીન વેચી દેવામાં આવી હોય, ખોટા દસ્તાવેજો કરીને બિન-દલિતઓએ દલિતોની જમીનો પચાવી પાડી હોય, બીજા કોઈ દલિતનું વાપરીને બિન-દલિતે જમીન ખરીદી હોય વગેરે જેવી સમસ્યાઓ દલિત સમુદાયને આ ગામોમાં નડતી જોવા મળી છે. જમીન અંગેના વિવિધ કાયદાઓ અને તેમની જોગવાઈઓ વિશે બહુ જ ઓછી જાણકારી દલિતોમાં પ્રવર્તે છે. પરિણામે તેમની કાનૂની સાક્ષરતા વધારવાની આવશ્યકતા પણ છે. આ અભ્યાસને અંતે લગભગ ૧૨ ભલામણો કરવામાં આવી છે કે જેમનો અમલ થવાથી દલિતો વ્યક્તિગત અને સામૂહિક ઉપયોગની જમીનો ધરાવી શકે અને વાપરી શકે.




## દલિત માનવાધિકાર કાર્યકર્તાઓંકે લિએ પ્રવેશિકા

છેલ્લાં ૧૩ વર્ષો દરમ્યાન પશ્ચિમ રાજસ્થાનમાં દલિતોના માનવાધિકારોના પ્રશ્ને કાર્ય કરતાં 'ઉન્નતિ'ની જે સમજ વિકસી છે તેને આધાર બનાવીને દલિત માનવાધિકાર ક્ષેત્રે કાર્ય કરતા કર્મશીલો માટે આ પ્રવેશિકા તૈયાર કરવામાં આવી છે. આ પ્રવેશિકાથી વંચિત વર્ગો સુધી ન્યાય પહોંચે અને સામાજિક ન્યાય પ્રસ્થાપિત થાય તેની પ્રક્રિયાને વેગ મળે એવી આશા રાખવામાં આવી રહી છે. આ પ્રવેશિકા ભારત સરકારના કાનૂન અને ન્યાય મંત્રાલય તથા યુએનડીપીના સહયોગથી પ્રકાશિત કરાઈ છે.



આ પ્રવેશિકાનો આધાર ધરાતલના અનુભવો છે. સામાન્ય રીતે આમ આદમી એમ વિચારે છે કે પોલિસ, અદાલત, કચેરીના ચક્કરમાં તેણે ફસાવું ના પડે. તે સામાન્ય રીતે એને ખૂબ જ જટિલ સમજે છે અને પોતાની સમજથી તે પર છે એમ પણ માને છે. આ પ્રવેશિકામાં આ ધારણાને પડકાર ફેંકવાની કોશિશ કરવામાં આવી છે.

પ્રવેશિકાનાં પ્રથમ ત્રણ પ્રકરણોમાં એક વિસ્તૃત પરિપ્રેક્ષ્ય છે. પ્રથમ પ્રકરણમાં માનવ અધિકારો એટલે શું, તેના વિચારોમાં કેવી રીતે ક્યારે પરિવર્તન થયું અને તે કેવી રીતે સમાવેશી બનતા ગયા તેનું વિવરણ છે. મહિલાઓ અને દલિતોના માનવ અધિકારો વિશે તેમાં ખાસ ચર્ચા કરાઈ છે. બીજા પ્રકરણમાં બંધારણમાં સ્વીકાર્ય એવા મૂળભૂત અધિકારો અને તે અંગેના કાનૂનો વિશેની ચર્ચા કરાઈ છે. ત્રીજા પ્રકરણમાં ભારતમાં ન્યાય તંત્રની વ્યવસ્થા કેવી છે અને કાનૂની સહાય અંગેની કેવી જોગવાઈઓ કરાઈ છે તેની માહિતી આપવામાં આવી છે. ચોથા પ્રકરણમાં સત્ય શોધનની પ્રક્રિયા કેવી રીતે થાય છે તેનો ઊંડાણપૂર્વક પરિચય આપવામાં આવ્યો છે. માનવ અધિકારોનો ભંગ થયો હોય તેવા કિસ્સામાં સત્ય શોધન ખૂબ જ મહત્ત્વનું પગલું હોય છે અને આગળની કાર્યવાહી માટે તે આધાર બને છે. આ પ્રકરણના કેન્દ્રમાં દલિતો પર થતા અત્યાચારો છે. પાંચમા અને છેલ્લા પ્રકરણમાં ન્યાય વ્યવસ્થાનો ઉપયોગ કેવી રીતે કરી શકાય અને તે માટે કયાં પગલાં લેવાં જોઈએ અને તેમાં સામાન્ય રીતે આમ આદમીને કેવી મુસબીતોનો સામનો કરવો પડે છે તેની વિગતો આપવામાં આવી છે. આ પ્રવેશિકા ફોજદારી ન્યાય વ્યવસ્થા સાથે સંબંધિત છે.

**ઉપરોક્ત ત્રણેય પ્રકાશનો માટે પ્રાપ્તિસ્થાનઃ** 'ઉન્નતિ', ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન. ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: jodhpur_unnati @unnati.org

છેલ્લા ચાર માસના ગાળા દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતીઃ

## ૧. સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

દલિતો અને આદિવાસી સમુદાયોની દુષ્કાળનો પ્રતિકાર કરવાની શક્તિ વધે તે માટે એક ત્રણ વર્ષની પરિયોજના પશ્ચિમ રાજસ્થાનનાં ૫૦ ગામોમાં જુલાઈ-૨૦૧૦થી બીએમઝેડ-એમઆઈના ટેકાથી અમલમાં મૂકવામાં આવી છે. ૫૦ ગામોમાં ગામ સ્તરીય મંડળોમાં ૯૦૦ મહિલાઓ અને ૫૦૦ કિશોરીઓ સંગઠિત થયાં છે. આ મંડળીઓ ૬ જેટલી પાયાની સેવાઓ ઉપર દેખરેખ રાખવાનું કામ કરે છેઃ આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી, જાહેર વિતરણ વ્યવસ્થા, સામાજિક સલામતીની યોજનાઓ અને નરેગા. બાળકના આરોગ્ય ઉપર ધ્યાન રાખવાની વ્યવસ્થા વિકસાવવામાં આવી છે. મહિલા સગર્ભા હોય ત્યારથી શરૂ કરીને બાળક ૧૪ વર્ષની વયનું થાય ત્યાં સુધી આ દેખરેખ વ્યવસ્થા કામ કરે છે. મહિલાઓની મંડળીઓ તાલુકા અને જિલ્લા સ્તરે વહીવટી તંત્ર સાથે વિચાર-વિમર્શ કરે છે અને પોતાની માંગણીઓ રજૂ કરે છે. ઉપરાંત, તેઓ તેમનાં ગામોમાં જે સ્થાપિત હિતો છે તેમને પડકારે છે. આ મંડળીઓની તાલીમના બે દોર આ ચાર માસના ગાળા દરમ્યાન પૂરા થયા છે. નરેગા હેઠળ કામ કરવાની માંગણી કરવા માટે ૨૦૦૦ ગ્રામીણ પરિવારોને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.




રાજસ્થાનમાં ગરીબ ગ્રામીણ મહિલાઓ જ્ઞાતિ, વર્ગ, સ્થાન અને સ્ત્રી-પુરુષ ભેદભાવને પરિણામે તકવંચિત રહે છે. નકારાત્મક સામાજિક વલણોને કારણે કિશોરીઓ પણ તકવંચિત રહે છે. કોઈ પણ વ્યક્તિના વિકાસમાં કિશોરાવસ્થા એક મુશ્કેલ સમયગાળો હોય છે. રાજસ્થાનમાં બાળ લગ્નોનું પ્રમાણ ઘણું ઊંચું હોય છે. ફલૌદી જિલ્લાનાં ૧૬ ગામોની ૬૫ કિશોરીઓ માટે ૩ દિવસનો એક અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં જ્ઞાતિ અને જાતિને આધારે થતા ભેદભાવો, કિશોરાવસ્થા દરમ્યાન થતા શારીરિક અને માનસિક ફેરફારો, પૂરતા પોષણની આવશ્યકતા, આત્મગૌરવ અને આત્મવિશ્વાસમાં વધારો, સામાજિક કૌશલ્યો અને સંચારલક્ષી કુશળતાઓ વગેરે જેવા વિષયો ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. ફલૌદીના ૩૦ દલિત પુરુષોને માટે ૨ દિવસના એક તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયુ હતું. તેમાં સમુદાયમાં મહિલાઓ અને છોકરીઓની સ્થિતિ, ભેદભાવપૂર્ણ વ્યવહારો અને જમીન તથા પાણી જેવાં સંસાધનોની પ્રાપ્તિનો અભાવ અને અંકુશનો અભાવ વગેરે જેવા આવરી લેવામાં આવ્યા હતા. પરિવાર સ્તરે અને સામુદાયિક સ્તરે કેવા ફેરફારો લાવી શકાય તે અંગે તેમણે પોતે જ એક કાર્યલક્ષી યોજના તૈયાર કરી હતી.

ફેબ્રુઆરી ૨૦૧૨માં ભારત સરકાર અને યુએનડીપીના ટેકાથી પશ્ચિમ રાજસ્થાનમાં દલિતો માટે ન્યાયની પ્રાપ્તિ અંગે ચાલતા ૨ વર્ષના પ્રોજેક્ટનો અંત આવ્યો. જોધપુર, બાડમેર અને જેસલમેર જિલ્લાનાં ૭૫ ગામોને આ પ્રોજેક્ટમાં આવરી લેવામાં આવ્યાં હતાં. ન્યાય આડેના અવરોધો અને કાનૂની ઉકેલો વિશે ૩૭૪ દલિત નેતાઓ માટે અભિમુખતા કાર્યક્રમો ગોઠવાયા હતા. દલિતો સામેના અત્યાચારના ૧૦૬ કિસ્સામાં હકીકતોની તપાસ, ફરિયાદો દાખલ કરવી, પોલિસ તપાસ દરમ્યાન હિમાયત, આરોપનામાની રજૂઆત, અદાલતી પ્રક્રિયા, સલાહ અને પુનર્વસન વગેરે તમામ તબક્કે દલિતોને ટેકો પૂરો પાડવામાં આવ્યા હતો. ૫૦ જેટલા કિસ્સામાં હકીકતોની તપાસ કરવામાં આવી હતી અને તે પછી તેમાં હિમાયત મજબૂત રીતે કરવામાં આવી હતી. અત્યાચારના ૧૧ કિસ્સામાં એક જ વર્ષમાં અસરગ્રસ્તોની તરફેણમાં ચુકાદા આવ્યા હતા. ૪૨ કિસ્સામાં અસરગ્રસ્તોને રૂ. ૨૧,૬૬,૭૫૦નું વળતર પ્રાપ્ત થયું હતું. દલિત માનવાધિકાર ક્ષેત્રના કર્મશીલો માટે એક માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી હતી. ઉપરાંત, ૨૦૧૧-૧૨ દરમ્યાન જમીનની પ્રાપ્તિ અને અંકુશ વિશે એક સહભાગી અભ્યાસ કરવામાં આવ્યો હતો અને અહેવાલ પ્રકાશિત થયો હતો.

### વિકલાંગતાના મુદ્દાનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ

અમદાવાદમાં છેલ્લાં ત્રણ વર્ષથી અમે વિકલાંગ બાળકો સાથે કામ કરતી ૪ સંસ્થાઓને ટેકો આપી રહ્યા છીએઃ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન, સમર્થ તાલીમ કેન્દ્ર, મંદ બુદ્ધિ ધરાવતાં બાળકો માટેની ઉત્કર્ષ શાળા અને લર્નિંગ ક્લિનિક સ્કૂલ. માનસિક વિકલાંગતા ધરાવતાં બાળકોનાં મા-બાપો માટે એક દિવસની એવી ત્રણ કાર્યશાળાઓ ત્રણ સહભાગી સંસ્થાઓ સાથે મળીને યોજવામાં આવી હતી. તેમાં અંધજન મંડળના નિષ્ણાતોનો ટેકો મેળવાયો હતો. વિકલાંગ બાળકોની સાર-સંભાળ રાખવામાં મા-બાપોને શી તકલીફો પડે છે અને રોજિંદા જીવનની પાયાની



પ્રવૃત્તિઓમાં ધ્યાન કેન્દ્રિત કેવી રીતે કરી શકાય તે વિશે તેમાં આકલન કરવામાં આવ્યું હતું. તમામ ૪ કેન્દ્રોમાં ૭૮ બાળકોને ફિઝિયોથેરપી દ્વારા સારવાર પૂરી પાડવામાં આવે છે. સમર્થ તાલીમ કેન્દ્રનાં ૧૧ વિકલાંગ બાળકોને ઓર્થોપિડિક શૂઝ આપવામાં આવ્યાં હતાં. આ ચારેય કેન્દ્રોમાં એક વરિષ્ઠ વાણી ચિકિત્સક દર બે મહિને મુલાકાત લે છે અને રોજિંદી પ્રવૃત્તિઓની તાલીમના ભાગરૂપે વાણી ચિકિત્સાની પદ્ધતિઓ સ્વીકારવામાં આવે તે માટે ખાસ શિક્ષકોને માર્ગદર્શન આપે છે. લર્નિંગ ક્લિનિક સ્કૂલ ખાતે ૧૨ બાળકોનું મનોસ્થિતિ અંગેનું આકલન કરવામાં આવ્યું હતું. તમામ ૪ સહભાગી સંગઠનોના ૯ ખાસ શિક્ષકો માટે મુંબઈની ત્રણ દિવસની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓ વિકલાંગ બાળકોને શીખવવાની વ્યૂહરચના અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓ શીખવવાની કઈ પદ્ધતિ અપનાવી શકાય તે શીખે એ આ પ્રવાસનો હેતુ હતો. તેમણે નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ, જય વકીલ સ્પેશ્યલ સ્કૂલ, હેલન કેલર ઈન્સ્ટિટ્યુશન ફોર ડેફ-બ્લાઈન્ડ અને દિલખુશ સ્પેશ્યલ સ્કૂલની મુલાકાત લીધી હતી.

નવી દિલ્લીના સામર્થ્યમ - નેશનલ સેન્ટર ફોર એક્સેસિબલ એન્વાયર્નમેન્ટના ટેકાથી સાર્વત્રિક ડિઝાઈન વિશે પ્રશિક્ષકોની ત્રણ દિવસની એક તાલીમ ગોઠવવામાં આવી હતી. તેનો હેતુ સાર્વત્રિક ડિઝાઈનના સિદ્ધાંતોની સમજ કેળવવાનો, પહોંચક્ષમતાનું મહત્ત્વ સમજવાનો, વિકલાંગો, વરિષ્ઠ નાગરિકો, સગર્ભા સ્ત્રીઓ અને બાળકો જેવાં વિવિધ જૂથોની જરૂરિયાતોનું આકલન કરવાનો અને પહોંચ અંગેનું ઓડિટ હાથ ધરવાની કુશળતા વિકસાવવાનો હતો. સહભાગીઓ તેમના વર્તમાન વ્યવસાયમાં પણ કેવી રીતે સક્રિય ભૂમિકા આ માટે ભજવી શકે તે તેમને સમજાવવામાં આવ્યું હતું. આ તાલીમમાં વિકલાંગતા હિમાયત જૂથ (ડીએજી), પુનર્વસન સંસ્થાઓ, બિન-સરકારી સંગઠનો, પશ્ચિમ રેલવે, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) અને અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજના પ્રતિનિધિઓ તથા સ્થપતિઓ મળીને કુલ ૩૭ સહભાગીઓએ ભાગ લીધો હતો. સહભાગીઓએ અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજ અને બિહેવિયરલ સાયન્સ સેન્ટરનું પહોંચ ઓડિટ હાથ ધર્યું હતું. તેના અહેવાલો તૈયાર થઈ રહ્યા છે અને સુધારા માટેનાં સૂચનો સાથે તે એ સંસ્થાઓને સુપરત કરવામાં આવશે. આ તાલીમ પછી તાલીમના સહભાગીઓ દ્વારા શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે થઈ રહેલી સમાવેશી પ્રક્રિયાઓના કિસ્સા અંગે ચર્ચા કરવા બે બેઠકો યોજવામાં આવી હતી. તેમાં ઉપસ્થિત થયેલા મુદ્દાઓનો સમાવેશ આ દસ્તાવેજોમાં કરવામાં આવ્યો હતો. સાબરકાંઠા અને વલસાડ જિલ્લાઓમાં કેટલાક કેસોમાં ટેકો પૂરો પાડવામાં આવ્યો કે જેથી વધારે સારી રીતે દસ્તાવેજીકરણ થઈ શકે. એપ્રિલ-૨૦૦૨ દરમ્યાન જૂથ સ્તરે યોજવામાં આવેલી પરામર્શ સભાઓમાં આ કેસોની રજૂઆત કરવામાં આવી હતી.

### આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી



અમદાવાદમાં તા. ૧૫-૩-૨૦૧૨ના રોજ રામાપીરના ટેકરે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી યોજવામાં આવી હતી. તેમાં ૨૨ મહિલાઓએ ભાગ લીધો હતો. અમારી અમદાવાદની કચેરી ખાતે આ ગાળા દરમ્યાન મહિલા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી કે જેમાં દરરોજ એક કલાક માટે સૌ એકત્ર થતા હતા. આ બેઠકોમાં ટૂંકી ફિલ્મોનું પ્રદર્શન, મહિલા આંદોલનના ઈતિહાસ વિશેની ચર્ચા, સમાજમાં સ્ત્રીઓ અને પુરુષોની ભૂમિકામાં રહેલો ભેદભાવ વિશે ચર્ચા, પંચાયતોમાં મહિલાઓ અને એકાકી મહિલાઓની અસહાયતા વિશે ચર્ચા વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતું. કામના સ્થળે જાતીય સતામણી, કર્મચારીઓનું યોગ્ય વર્તન અને બાંધછોડ ન કરી શકાય તેવા મુદ્દા વિશે પણ આ સપ્તાહ દરમ્યાન ચર્ચા કરવામાં આવી હતી.

### વિશેષ પરિયોજનાઃ ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં શાળાઓમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ

ઓગસ્ટ ૨૦૧૧માં ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં શાળાઓમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવા માટે સેટકોમ કાર્યક્રમના બીજા તબક્કાની શરૂઆત થઈ હતી. ૨૩૦ શાળાઓમાં ૫૦ સેટકોમ કાર્યક્રમોની ડીવીડી વહેંચવામાં આવી કે જેથી તેઓ તેમને અનુકૂળ સમયે જોઈ શકે અને

ત્રીજી વર્કબુક પણ વહેંચવામાં આવી. ધોરણ-૮ના ૩૩ વર્ગો બાયસેગ દ્વારા ચલાવવામાં આવ્યા. શાળાના શિક્ષકો સાથે પણ ત્રણ બેઠકો યોજવામાં આવી. આ કાર્યક્રમ ચલાવતી ટુકડીએ દેખરેખ ઉપર અને શાળાઓને ટેકો આપવા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. દેખરેખ માટેના સલાહકાર પ્રો. જેકોબ થરૂ દ્વારા આ ટુકડીને દેખરેખ અંગે અભિમુખ કરવામાં આવી હતી. દેખરેખનું સ્વરૂપ, દેખરેખ માટેનાં સાધનોની તૈયારી વગેરે મુદ્દાઓ તેમાં અગત્યના હતા. શાળાઓનો નિયમિત સંપર્ક સાધવા માટેની વ્યવસ્થા અંગે પણ તેમણે માર્ગદર્શન આપ્યું. ટુકડીનાં અવલોકનો અને તારણો અંગે આપ-લે થાય અને સમીક્ષા થાય તે માટે નિયમિતપણે કાર્યશાળાઓ યોજવામાં આવી. ૧૭૦ શાળાઓ દ્વારા જે સ્પેશ્યલ વર્કશીટ-૧નાં પરિણામો સુપરત કરવામાં આવ્યાં હતાં. તે વનબંધુ કલ્યાણ યોજનાની વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવ્યાં હતાં. સ્પેશ્યલ વર્કશીટ-૨ અને ૩ વિકસાવવામાં આવી છે અને વહેંચવામાં આવી છે. સ્પેશ્યલ વર્કશીટ-૨ના સંદર્ભમાં આશરે ૨૦૦ શાળાઓના આશરે ૭,૫૦૦ વિદ્યાર્થીઓના ગુણનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું અને તે પણ અપલોડ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સધાયેલી પ્રગતિ ઉપર દેખરેખ રાખવા માટે ૭૦ શાળાઓની મુલાકાત લેવામાં આવી હતી. ૧૫ સેટકોમ ફેલોની એક ટુકડી દેખરેખ માટે નિયુક્ત કરવામાં આવી હતી અને તે માટે ગુજરાતના ૧૨ જિલ્લાની ૨૦૫ શાળાઓને ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. સેટકોમ ફેલો દ્વારા સેટકોમ કાર્યક્રમ ચાલતો હોય તે દરમ્યાન અને તે સિવાય પણ શાળાઓની મુલાકાત લેવામાં આવી હતી. અભ્યાસના એકમોની કસોટી લેવાય ત્યારે પણ તેમની મુલાકાતો ગોઠવાઈ હતી. તેમને સોંપવામાં આવેલી શાળાઓમાં સ્પેશ્યલ વર્કશીટ ઉપર પણ તેમણે ધ્યાન આપ્યું હતું. અમદાવાદ ખાતે અનુભવોની આપ-લે કરવા માટે, ક્ષેત્રીય મુલાકાતોનાં તારણોની ચર્ચા કરવા માટે અને ભવિષ્યની મુલાકાતોનું આયોજન કરવા માટે અનેક બેઠકો યોજવામાં આવી હતી. ચાર જણાની એક ટુકડીએ આ સંદર્ભમાં એક કેસનું દસ્તાવેજીકરણ કરવા માટે નર્મદા જિલ્લાના તિલકવાડાના ઈએમઆરએસની મુલાકાત લીધી હતી. તેના અહેવાલનો મુસદ્દો તૈયાર થઈ ગયો છે અને અત્યારે તેની સમીક્ષા ચાલી રહી છે. ધોરણ-૯ માટે અભ્યાસક્રમ અને તેની સામગ્રી તૈયાર કરવામાં આવી રહી છે અને આગામી સત્રથી તેના સેટકોમ કાર્યક્રમો શરૂ થશે. તેના કુલ ૧૬ વર્ગોની પ્રવૃત્તિઓનું રેકોર્ડિંગ થઈ ગયું છે. ઉપરાંત, વર્કબુક-૧ના ચિત્રો અને લે-આઉટનું કાર્ય પૂરું થઈ ગયું છે. કુલ ૬ વર્કબુકનું માળખું તૈયાર થયું છે અને તેને આખરી ઓપ અપાઈ ચૂક્યો છે.



## ૨. શાસન, નાગરિત્વ અને સામાજિક ઉત્તરદાયિત્વ

ગુજરાતમાં ડિસેમ્બર-૨૦૧૧ દરમ્યાન પંચાયતની ચૂંટણીઓ યોજાઈ. અગાઉની ચૂંટણીઓ દરમ્યાન અમે ચૂંટણી પૂર્વે મતદાતા જાગૃતિ ઝુંબેશ રાજ્યભરમાં ચલાવી હતી. આ વખતે સંસાધનોના અભાવે અમે તે ચલાવી ન હતી. અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાઓમાં જે ૨૨ ગ્રામ પંચાયતો અમે સઘન રીતે કામ કરીએ છીએ ત્યાં ઉમેદવારોને ઉમેદવારી પત્ર ભરવા માટે ટેકો આપ્યો હતો. તે અંગે જાગૃતિ ઊભી કરવા અમે બેઠકોનું આયોજન કર્યું હતું. ખેડબ્રહ્મામાં ૨૮ અને ધોળકામાં ૧૦ ઉમેદવારોને ઉમેદવારી પત્ર ભરવામાં સહાય કરી હતી. દસક્રોઈ તાલુકાના સિંગરવા ગામમાં એક જાગૃતિ સભા યોજવામાં આવી હતી કે જેમાં ૫૦ મહિલાઓએ ભાગ લીધો હતો. નવા ચૂંટાયેલા સભ્યો માટે એક દિવસની ત્રણ તાલીમો યોજવામાં આવી હતી. તેમાં પંચાયત ધારા વિશે માહિતી આપવામાં આવી હતી અને સામાજિક ઉત્તરદાયિત્વ વિશેના અમારા પ્રયાસમાં સામેલ થવા માટે તેમને તૈયાર કરવામાં આવ્યા હતા. આ તાલીમોમાં સરપંચો, સામાજિક ન્યાય સમિતિના સભ્યો, વોર્ડના સભ્યો અને સામુદાયિક નેતાઓ સહિત ૮૨ જણાએ ભાગ લીધો હતો. લોકવાચાનો પાંચમો અંક પ્રકાશિત કરવામાં આવ્યો તેમાં નવા પ્રતિનિધિઓની જવાબદારીઓ ભૂમિકાઓ વિશે લખાણ પ્રકાશિત કરવામાં આવ્યું. આ પંચાયતોમાં પાયાની સેવાઓ અંગે છેલ્લામાં છેલ્લી માહિતી ભેગી કરવામાં આવી અને સામાજિક ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન આપવામાં આવ્યું. આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક શાળા, નરેગા અને જાહેર વિતરણ વ્યવસ્થા વિશે દરેક પંચાયત માટે કાર્યલક્ષી યોજના તૈયાર કરવામાં આવી છે. ધોળકા અને ખેડબ્રહ્મામાં આશા કાર્યકરોની અનિયમિતતા



અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની અપૂરતી સેવાઓનો મુદ્દો જે તે જિલ્લા આરોગ્ય અધિકારીઓ સમક્ષ ઉઠાવવામાં આવ્યો હતો. દસક્રોઈ તાલુકામાં ગરીબ પરિવારોને સામાજિક સલામતીની યોજનાનો લાભ ન મળતો હોવાનો મુદ્દો સમાજ સુરક્ષા અધિકારી અને કલેક્ટર સમક્ષ ઉઠાવવામાં આવ્યો હતો. પ્રાથમિક શિક્ષણ અને જાહેર વિતરણ વ્યવસ્થા કેવી રીતે દલિતો માટે લાભદાયી બને તે અંગે કાર્યકરનાર જન અધિકાર કેન્દ્ર દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વ ઊભું કરવા માટે જે પ્રયાસો કરવામાં આવ્યા છે તે સમજવા માટે અને તેનું દસ્તાવેજીકરણ કરવા માટે બિહારના ચેનારીની મુલાકાત યોજવામાં આવી હતી.

**ગુજરાતમાં મનરેગા હેઠળ સામાજિક અન્વેષણ અને ફરિયાદોનું નિવારણ**

ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગના ટેકાથી મનરેગા હેઠળ સામાજિક અન્વેષણ અને ફરિયાદોનું નિવારણ ત્રીજા તબક્કામાં હાથ ધરવામાં આવ્યું. જિલ્લા સ્તરના મોનિટર અને વિભાગીય કો-ઓર્ડિનેટરની ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી. કુલ ૧૯ મોનિટરોની ભરતી કરવામાં આવી છે અને તેમને ડીઆરડીએની કચેરીમાં મૂકવામાં આવ્યા છે. ૨ દિવસ દરરોજ બે જૂથમાં તેમને આ રીતે મૂકવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. ૨૦ એપ્રિલથી ૨૦ મે, ૨૦૧૨ દરમ્યાન યોજાઈ રહેલી સામાજિક અન્વેષણની ઝુંબેશના સંદર્ભમાં તૈયારી કરવામાં આવી છે. તાલીમ સંસાધન જૂથ (ટીઆરજી)ની ઓળખ અને ખરાઈ તથા તાલુકા અને જિલ્લા સ્તરે તાલીમ માટેનું આયોજન તાલુકા અને જિલ્લા સ્તરના અધિકારીઓ સાથે મળીને કરવામાં આવ્યાં. ૨૯-૩૧, માર્ચ, ૨૦૧૨ દરમ્યાન મોનિટરોની તાલીમ સામાજિક અન્વેષણની ઝુંબેશ અને ટીઆરજીની તાલીમના સંદર્ભમાં ગોઠવવામાં આવી હતી. હેલ્પલાઈન ઉપર ૧૧૦ નવી ફરિયાદો આ ગાળા દરમિયાન નોંધાઈ છે. ઓક્ટોબર-૨૦૧૦થી કુલ ૯૧૩ ફરિયાદો પ્રાપ્ત થઈ છે અને તેમાંથી ૫૪૮ ફરિયાદોનું નિવારણ થયું છે.

## ૩. આપત્તિના જોખમમાં ઘટાડો દર્શાવતા સામાજિક નિર્ધારકો

ગુજરાતમાં ભચાઉ ખાતેના 'ઉન્નતિ'ના ગ્રામીણ તાલીમ કેન્દ્ર ખાતે ગૃહનિર્માણ અસહાયતા માળખાની વિભાવના અને પદ્ધતિ વિશે પાંચ દિવસનો એક તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પોરબંદર જિલ્લાનાં અનેક આપત્તિઓથી અસરગ્રસ્ત ગામોમાં કરવામાં આવેલા કાર્યલક્ષી સંશોધનને આધારે મકાનો અસરગ્રસ્ત થવાની સંભાવનાનું આકલન કરવા માટેનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે. આ તાલીમમાં ગુજરાતનાં ૯ બિન-સરકારી સંગઠનો અને ટેક્નિકલ સંગઠનોના ૧૬ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ તાલીમ 'પીપલ ઈન સેન્ટર' દ્વારા હાથ ધરાઈ હતી. તેમાં મુંબઈની આઈઆઈટીના પ્રો. સંજય ચિકારમણે, અમદાવાદની એનસીપીઈડીપીના શ્રી રાજેન્દ્ર દેસાઈ અને કચ્છની હુન્નરશાળાના શ્રી કિરણ વાઘેલાનો ચાવીરૂપ ટેકો પ્રાપ્ત થયો હતો. ભચાઉ તાલુકાના એક ગામે આ અંગે સર્વેક્ષણ હાથ ધરાયું હતું. ઘરોના માલિકો સાથે મકાનોનું અસહાયતાના સંદર્ભમાં આકલન કરવામાં આવ્યું હતું.



ગુજરાતમાં ઈન્ટર એજન્સી ગ્રુપ (આઈએજી) ફરી શરૂ કરવામાં આવ્યું છે અને તેની કચેરી 'ઉન્નતિ' ખાતે છે. ડિસેમ્બર-૨૦૧૧થી ફેબ્રુઆરી-૨૦૧૨ દરમ્યાન રાજ્ય સ્તરની ૨ સંકલન બેઠકો યોજવામાં આવી હતી. અત્યારે ઈંદિરા આવાસ યોજનામાં સુરક્ષા અંગેનાં જે ધોરણો છે તેની સમીક્ષા કરી રહ્યા છીએ અને તેની માર્ગરેખાઓ અદ્યતન બનાવવા માટે તેની આપત્તિ સંચાલન યોજનાઓ વિશે પણ સમીક્ષા હાથ ધરી છે. ૧૪થી ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૨ દરમ્યાન ઓદિશામાં પુરી ખાતે કોર્ડએઈડ દ્વારા આપત્તિમાં જોખમ ઘટાડા વિશે સહભાગી સંગઠનો માટે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં મોસમ પરિવર્તન અને આપત્તિ સંચાલન ઉપર તેની અસરો તથા આપત્તિ જોખમમાં ઘટાડો અને જૈવ પર્યાવરણ વ્યવસ્થા વિશે પણ પૂર અને દુકાળ નિવારણના સંદર્ભમાં બેઠકો યોજવામાં આવી હતી.

રાજસ્થાનમાં રણ વિસ્તારોમાં આપત્તિ જોખમ ઘટાડા વિશેની અમારી દરમ્યાનગીરીને ચાર વર્ષ થયાં. જાન્યુઆરી ૨૦૧૨થી અમે જોધપુર અને બાડમેર જિલ્લામાં પાંચ તાલુકાનાં ૨૫ ગામોમાં દુકાળનું જોખમ ઘટે તે માટે સમુદાય સ્તરે દુકાળના પ્રતિકારની શક્તિ વધે તે અંગે પ્રયાસો કરી રહ્યા છીએ. હાલ ૧૦ ગામોમાં આયોજનની પ્રક્રિયા ચાલી રહી છે. કેટલાક આરોગ્ય કાર્યકરો સાથે ૨ દિવસની સાહિત્ય સામગ્રી તૈયાર કરવાની એક કાર્યશાળા યોજવામાં આવી હતી. ગામોમાં મહિલાઓ અને છોકરીઓના આરોગ્ય અંગે જાગૃતિ ફેલાય તે પ્રકારની સામગ્રી તૈયાર કરાઈ હતી કે જેનો તેઓ પોતે ઉપયોગ કરી શકે. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ તથા 'ડેવલપમેન્ટ ઓલ્ટરનેટિવ્ઝ'ના સહયોગ સાથે મહિલા

કડિયાઓ તૈયાર કરવાના પ્રયાસ ચાલી રહ્યો છે. બાડમેર જિલ્લાના ચાવા ગામની ૧૨ મહિલાઓને ૩૬ દિવસના બે તાલીમ કાર્યક્રમો યોજીને આ તાલીમ આપવામાં આવી હતી. આ પ્રયોગ હેઠળ એક ઓરડાનું બાંધકામ કરવામાં આવ્યું હતું. મકાનની છત બાંધવાની વૈકલ્પિક ટેક્નોલોજી વિશે સમજ ઊભી થાય તે માટે કચ્છ જિલ્લાની શૈક્ષણિક મુલાકાત આ મહિલાઓ માટે ગોઠવવામાં આવી હતી.

**પૃષ્ઠ ૧નું શેષ**

વ્યક્તિઓની બૌદ્ધિક ક્ષમતા મર્યાદિત હોય તેમને જ આ જોગવાઈ લાગુ પડે તેવી કાળજી રાખવાની જરૂર છે. ઉપરાંત, તેમાં હિતોનો સંઘર્ષ ટાળવા માટે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું શોષણ ટાળવા માટે યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઊભી થાય અને નિર્ણય લેવામાં ટેકો પણ પૂરો પડાય તે જરૂરી છે. બીજા એક મુદ્દે સતત ચર્ચા ચાલી રહી છે અને તે છે વિશેષ શિક્ષણ વિરુદ્ધ સમાવેશી શિક્ષણ. વર્તમાન સંદર્ભમાં બંને વિકલ્પો ઉપલબ્ધ કરાવવાની જરૂર છે. પરંતુ શિક્ષણના અધિકાર ધારા - ૨૦૦૯ને તકવંચિત જૂથોમાં વિકલાંગ બાળકોનો સમાવેશ થાય તે માટે સુધારવાની જરૂર છે. તો તેમને નજીકની શાળાઓમાં અવરોધમુક્ત પર્યાવરણ સાથે ભણવાની, સાધન-સામગ્રી પ્રાપ્ત કરવાની અને વિશેષ શિક્ષકોની પાયાની કુશળતા જેમનામાં હોય તેવાં તમામ તાલીમબદ્ધ શિક્ષકો પાસે ભણવાની તક પ્રાપ્ત થશે. વળી, પર્યાપ્ત સંસાધનો સાથેની વિશેષ શાળાઓની પ્રાપ્યતાનાં ધોરણો નક્કી કરવાની પણ જરૂર છે.

ગરીબી, સ્ત્રી-પુરુષ ભેદભાવ, જ્ઞાતિઓ, વર્ગો અને ધર્મો સાથે સંબંધિત એવાં પરિબળો કેવી રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જીવનમાં વિક્ષેપ ઊભો કરે છે અને જટિલ અસહાયતા ઊભી કરે છે તેને નવા ખરડામાં પિછાણવાની જરૂર છે. ગણતરીની સમસ્યાઓને કારણે ભારતમાં ૨.૧૩ ટકા લોકો વિકલાંગ છે એમ જણાવાય છે. પરંતુ તાજેતરમાં વિકસતા દેશોમાં ૧૫ ટકા લોકો વિકલાંગ છે એવો અંદાજ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા માંડવામાં આવ્યો છે. ભારતમાં જીડીપીના ૦.૦૫ ટકા જેટલી ફાળવણી બજેટમાં તેમને માટે કરવામાં આવે છે. અમર્ત્ય સેન યોગ્ય રીતે જ જણાવે છે કે, "વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સૌથી વધુ વંચિત મનુષ્યો જ નથી પરંતુ તે ઉપરાંત તેમની અવારનવાર સૌથી વધારે અવહેલના કરવામાં આવે છે." પરિણામે વિકલાંગતા સાથે સંબંધિત તમામ કાયદાઓમાં ભેદભાવ વિરુદ્ધ કડક જોગવાઈઓ હોવી જોઈએ અને અમલ માટે મજબૂત તંત્ર હોવું જોઈએ. વિકલાંગ વ્યક્તિઓનો અવાજ મજબૂત થાય તે માટે તેમને ટેકો આપવાના પ્રયાસો કરવા જોઈએ. જીવનનાં તમામ ક્ષેત્રોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સક્ષમ બને એ જરૂરી છે. કાયદો બનાવવાની, નીતિઓ ઘડવાની, સંશોધન કરવાની અને નિર્ણયો કરવાની જગ્યાઓ પર એટલે કે પંચાયતથી માંડીને સંસદ સુધીનાં શાસનનાં માળખાંમાં વિકલાંગ વ્યક્તિઓને રજૂઆત કરવાની તક મળે તે જરૂરી છે. અન્ય વ્યક્તિઓની સાથે સાથે વિકલાંગ વ્યક્તિઓને નાગરિકો તરીકેના સંપૂર્ણ અધિકારો પ્રાપ્ત થાય તે માટે ભારતના બંધારણમાં પણ સુધારા કરવાની આવશ્યકતા છે.

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: **sie@unnati.org** વેબસાઈટ: **www.unnati.org**

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન.

ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: **jodhpur_unnati@unnati.org**

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૩૫૩૯૬૭

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.